"મોજ મજાહ"ની છઠ્ઠી ભેટ

પાષાણ પ્રતિમા

અને

માનવમૂર્તિ

(એક અદ્ભુત રહસ્યમય ડિટેક્ટિવ નવલકથા)

❧

લેખક

રા. પ્રમોદરાય ત્રંબકલાલ મહેતા

❧

High thoughts & high wishes bring the result unseen.

પ્રકાશક

મોજ મજાહ કાર્યાલય

ગીરગામ, મુંબઈ ૪.

સં. ૧૯૮૫] [ઇ. સ. ૧૯૨૯

કિમ્મત રૂ. ૨-૦-૦

'મોજ મજાહ'ની છઠ્ઠી સેટ

પાષાણ પ્રતિમા

યાને

માનવમૂર્તિ

(એક અદ્ભુત રહસ્યમય ડિટેક્ટિવ નવલકથા)

❧

લેખક

રા. પ્રમોદરાય ત્ર્યંબકલાલ મહેતા

❧

High thoughts & high wishes bring the result unseen.

103

પ્રકાશક

મોજ મજાહ કાર્યાલય

ગીરગામ, મુંબઈ-૪.

❧

સં. ૧૯૮૫] [ઇ. સ. ૧૯૨૯

કિંમત રૂ. ૨-૦-૦

મુદ્રક અને પ્રકાશક:
જયશંકર ખોડીદાસ દ્વિવેદી,
મોજ મજાહ મુદ્રણાલય,
ખટાઉ બિલ્ડીંગ, મુંબઇ-૪.

પૂજ્ય ભગિનીના ચરણોમાંઃ

ત્હારા અતુલ સ્નેહ અને નિઃસીમ બંધુપ્રેમનો બદલો વળી શકે એમ નથી. પરંતુ પુષ્પ નહિ તો પુષ્પની પાંખડી રૂપ આ લઘુ પુસ્તક તારા ચરણોમાં ધરૂં છું.

પૂજ્ય પિતાશ્રી અને સદ્ગત માતુશ્રીના આશિર્વાદ યાચતો

"બાબુ"

મોજ મજાહે અત્યાર સુધીમાં
આપેલી ભેટો.

૧૯૨૪	આશકની આત્મકથા (સીલકમાં નથી)	
૧૯૨૫	શિયળની કસોટી	રૂ. ૧ ૮ ૦
૧૯૨૬	યમરાજનો દરબાર	રૂ. ૧ ૮ ૦
૧૯૨૭	મોજીલી માશુક	રૂ. ૨ ૮ ૦
	અને કરણી તેવી પાર ઉતરણી	
૧૯૨૮	સુવર્ણકેશીનું સાહસ	રૂ. ૩ ૦ ૦

મોજ મજાહના નવા ગ્રાહકોને ઉપરના પુસ્તકો સીલીકમાં હશે સુધી ત્યાં અરધી કિંમતે મળશે.

મોજ મજાહ કાર્યાલય મુંબઈ—૪

પાષાણ પ્રતિમા

યાને

માનવ મૂર્તિ

પ્રકરણ ૧ લું.

"કૃષ્ણરાવ!" બારણામાં પેસતાંજ આગલા દીવાનખાનામાં બેઠેલી એક વ્યક્તિને ઉદ્દેશીને આવનારે સવાલ કર્યો.

"આપ કોણ! કેમ આવ્યા છો?" તે બેઠેલા માણસે બારીકીથી તેના તરફ જોતાં પૂછ્યું.

"શું આપ કલકત્તાના શ્રીમાન્ શેઠ રમેશચંદ્રને નથી પીછાનતા?!" તે આવનાર ગૌરવર્ણની સાધારણ ઉંચાઇની વ્યક્તિએ અજાયબીથી કહ્યું.

"ઓહો,! તમેજ રમેશચંદ્ર કે? પધારો શેઠજી" કૃષ્ણરાવે ઉભા થઇ કહ્યું.

કૃષ્ણરાવ છ ફૂટ ઉંચો, ઘઉંવર્ણો રંગનો ને સાધારણ બાંધાનો હતો. તેની ઝીણી પણ અણીદાર આંખો કોઇ જોનારને આંજી નાંખે એવી હતી. કૃષ્ણરાવ કલકત્તામાં ખાનગી ડીટેકટીવનું-છુપી પોલીસનું કામ કરતો હતો. પરંતુ તેની બાહોશી ને કામ કરવાની અસાધારણતાથી એ સરકારી છુપીપોલીસો કરતાં વધારે વખણાતો ને માન પામતો.

"આપે 'ચંદ્રમહેલ' બાબત શું તપાસ કરી છે?" રમેશચંદ્રે પૂછ્યું.

"હજુ તો કાંઇ કરી શકયો નથી. મારી પ્રકૃતિમાં બગાડ થવાથી હું રંગુન ગયો હતો." તેણે શાંતિથી જવાબ આપ્યો.

"મારે તમને કાંઇ ભરોસા લાયક કહેવાનું છે." રમેશચંદ્રે કહ્યું.

"શું ?" અધીરાઇથી કૃષ્ણરાવે પૂછ્યું.

"આપ સમજ્યા ! હું એક માંજરી આંખવાળા માણસની વાત કરૂં છું." કૃષ્ણરાવ પર નજર માંડી રમેશચંદ્રે કહ્યું.

"અહા ! હો !" કૃષ્ણરાવે ચમકીને કહ્યું.

"એક માનવમૂર્તિ–પાષાણપ્રતિમા."

"શું..." અજાયબીમાં ગરકાવ થતાં કૃષ્ણરાવે સવાલ કર્યો.

"વધુમાં એક અત્તરથી ઝેર દેનાર ને લીલા કાચવાળી ઘડીઆલની વાત." એક તીવ્ર દૃષ્ટિ નાંખી રમેશચંદ્રે કહ્યું.

"આપે તો મને અજાયબીમાં નાંખી દીધો." કૃષ્ણરાવે હસતાં હસતાં ગંભીરતાથી જવાબ દીધો. "આથી મારા કામમાં બહુ મદદ થશે. આપ દેખાવ છો તો ગરીબ ને શાંત."

"આપને કાંઇ અડચણ ન હોય તો મારે ત્યાં ચાલો. ત્યાં હું આપને સવિસ્તર વાત કરીશ."

"પાંચ મીનીટ થોભો. જુઓ, આ મારા હાથ નીચેનો મદદગાર આવ્યો–મારો રક્ષક, એક તત્ત્વવેત્તા, શોધખોળ કરનાર ને મિત્ર." કૃષ્ણરાવે એક અઢાર વર્ષના છોકરાને આવતાં જોઇને કહ્યું. "એનુ નામ કાન્તિકુમાર."

કાન્તિકુમાર સાધારણ કદનો પણ શરીરે પુષ્ટ હતો. તેનાં સ્થિર નેત્રો તેની બાહોશીનો પુરાવો આપતાં હતાં.

કાન્તિકુમાર બંગાળાના એક સાધારણ શ્રીમંત રાજપુતનો પુત્ર હતો. પોતાની મરજીથી અને તે તરફના વલણથી તે મોદનાપુરની ડીટેકટીવ પોલીસચોકીમાં રહ્યો. ત્યાંના સરકારી ડીટેકટીવ ખાતાએ તેને કૃષ્ણરાવ નામના ખાનગી ડીટેકટીવનું કામ કરતા બાહોશ માણસને ત્યાં રાખ્યો. કાન્તિકુમારને ત્યાં ફાવ્યું ને ત્યાં એ ખુશીથી રહ્યો. નવરાશના વખતમાં તે નાની નાની શોધખોળ કરતો અને તેમાં એ ફતેહમંદ થતો.

ત્યાંથી ત્રણે જણા કલાઇવ રોડ પર નીકળી પડયા ને એક મોટરવાળાને બોલાવી તેના કાનમાં રમેશચંદ્રે કાંઇ કહ્યું. મોટરમાં બેસી તે એક મકાન આગળ આવી પહોંચ્યા.

"આ આપણે આવી લાગ્યા." રમેશચંદ્રે એક પોરબંદરી સફેદ પત્થરથી ચણેલા મકાન તરફ આંગળી કરી કહ્યું. તે મકાનની આસપાસ ઉગેલા તાડ, નાળીએરી, આમલી, ને ખજુરીના ઝાડોથી માલમ પડતું હતું કે તેના માલીકનો હેતુ તેને લોકદૃષ્ટિથી છુપું રાખવાનો હતો. તે મકાનને મથાળે એક ચોખંડી અગાસી હતી; એક બાજુથી તે સ્પષ્ટ દેખાતી હતી. મોટર આવીને બારણા નજદીક ઉભી રહી. મોટરનો અવાજ સાંભળી બારણામાં એક ગોરાધોળા રંગની ચામડીવાળો, કાળીગોરી આંખવાળો છ ફુટ ઉંચો એક સ્માર્ત બ્રાહ્મણ આવી ઉભો. રમેશચંદ્રે તેને કાંઇક ધીમેથી કહ્યું કે ઝટ તે બ્રાહ્મણ સલામ કરી ચાલ્યો ગયો.

"એનું નામ હરિશર્મા. એ એક બાહોશ બ્રાહ્મણ છે, રસોઇઓ છે." રમેશચંદ્રે કાંઇક છુપાવતાં કહ્યું. કૃષ્ણરાવ સહેજ વહેમાયો.

તે લોક ઘરમાં ગયા. તે સમયે હરિશર્મા ભોજનની તૈયારી કરતો હતો અને રમેશચંદ્ર વગેરે બેઠા હતા તેજ ઓરડામાં હતો. તેના ગયા બાદ ઉઠીને રમેશચંદ્રે ઓરડામાં આંટા મારવા માંડ્યા. તેના ચહેરા પરથી કૃષ્ણરાવ જોઇ શક્યો કે તે કોઇ ગંભીર ચિંતામાં ડુબી ગયો છે. કૃષ્ણરાવ પોતાની ઝીણી આંખ માંડી તેની આ હીલચાલ જોઇ રહ્યો. "શું આપ નલિની-કાન્તને ઓળખો છો?" જાણે નિદ્રામાંથી જાગતો હોય તેમ રમેશચંદ્ર બોલી ઉઠ્યો.

કૃષ્ણરાવે યાદ કરવા માંડયું પણ કાંઇ સુઝ ન પડી એટલે ના કહી.

"ઓહ! ત્યારે તમે પૃથ્વીના એક મહાન ઠગારાથીજ અજાણ લાગો છો. આ છોકરાના દેખતાં હું સવિસ્તર કહું તો કાંઇ હરકત છે કે?" કાન્તિકુમારની સામું જોતાં રમેશચંદ્રે કહ્યું.

"કાંઇ હરકત નહિ મારી દરેક હકીકતથી એ જાણીતો છે."

"ત્યારે હું સર્વ સત્યજ કહીશ. તમને અજાયબી લાગશે કે હું મારી મીલકત રંગુનમાં મૂકી અહીં કેમ આવ્યો. અને

તે પણ ચંદ્રમહેલ જેવી અયોગ્ય જગ્યામાં! આ ઠેકાણે મને નલિનીકાન્તે મોકલ્યો. તે મને રંગુનના એક બાગમાં મળ્યો. ભાડું ને પચાસ હજાર રૂપીઆ આપીને મને ચંદ્રમહેલનું સરનામું લખી આપ્યું. અહીં આવીને બેથી ત્રણ લગી ફક્ત ચંદ્રસંગ્રહસ્થાનમાં ઉભા રહેવાનું મારૂં કામ હતું. હજુ હું તેમજ કરૂં છું. તે ઉપરાંત મારે એક લીલા કાચની ઘડીઆળ સાચવવાની હતી અને જ્યારે નલિનીકાન્ત માંગે ત્યારે પાછી સોંપી દેવાની હતી. જો એટલું કરૂં તો મને બીજા પચાશ હજાર મને મળે અને પછી તે મને મારે માર્ગે પડવા દે. આ જગ્યા સાથે મારૂં નામ નહિ મેળવવાને અર્થે હું એક મોટો લક્ષાધિપતિ છું એવી અફવા ઉડાડી. આ બધામાં કાવત્રું ચોકખું છે; પરંતુ એક લાખ રૂપીઆ જેવી જંગી રકમે મને લલચાવ્યો ને થોભાવ્યો. તેથી હું આવ્યો ત્યારથી દરરોજ ચંદ્રસંગ્રહસ્થાનમાં એક કલાક ઉભો રહેતો. આખરે આઠમે દિવસે એક માણસ લીલા કાચવાળી ઘડીઆળ સાથે આવ્યો." રમેશચંદ્રે જરી શ્વાસ ખાધો.

"કેવો માણસ?" કૃષ્ણરાવે આતુરતાથી પૂછ્યું.

"તે ઘઉંવર્ણો અને સુંદર લાગતો હતો. બ્રાહ્મણ જેવો હતો; પરંતુ કાંઇ વિચિત્ર પ્રકૃતિનો. ચોકખી માંજરી ને વ્યાઘ્ર જેવી વ્હોળી સ્થિર આંખવાળો. મારે ને એને થોડોજ સંબંધ રાખવાનો હતો. તેણે ફક્ત મારા હાથમાં ઘડીઆળ મૂકી ચાલવા માંડ્યું. એ પાશેર તમાકુ માય એટલી દાબડીના જેટલીજ છે, અને લીલા કાચમાં મુકેલી છે. મેં તે ઘડીઆળ લીધી ને એક ગુપ્ત જગ્યાએ સંતાડી. આ વાતને બે અઠવાડીઆં થઇ ગયાં. તેટલામાં આ ઘરના ત્રણમાંથી બે નોકરો અકસ્માત મરી ગયા. ડાકટર કને તપાસ કરતાં માલુમ પડ્યું કે બંને હૃદયના બંધ થવાથી મરણ પામ્યા હતા. બંને તે સંગ્રહસ્થાનમાંજ મરેલા પડેલા હતા ને તેમનાં મોઢાં બહુજ ભયભીત થએલાં હતાં."

"શું તમારા ઘરની જોડેજ સંગ્રહસ્થાન છે?" કૃષ્ણરાવે આશ્ચર્યથી પૂછ્યું.

"જી હા! સર્વ ત્યાંજ છે. ત્યાં આગળ હું તમને જણાવીશ કે નલિની મને કેવી રીતે મળ્યો." આ વખતે રમેશચંદ્રન નેત્રમાં ભય દૃષ્ટિગોચર થતો હતો.

રમેશચંદ્ર ત્યાંથી પાંચ દશ પગલાં પાછો હઠયો ને જમીન પર જોરથી પગ દબાવ્યો, કે તરતજ જમણી બાજુની દીવાલમાં રસ્તો થયો. કૃષ્ણરાવ પહેલાં તો સહજ ખંચાયો પણ તરતજ હીંમત લાવી કાન્તિકુમારને જોડે લઇ રમેશચંદ્ર જોડે બારણા આગળ ગયો. ત્યાંથી એક સાંકડી ચોતરફથી બાંધેલી ગલીમાં થઇ તેઓ એક મોટા દીવાનખાનાના બારણા આગળ આવ્યા. રમેશચંદ્રે બારણાને ત્રણ ટકોરા માર્યા ને તરતજ એક પંદર સોળ વર્ષની નવયૌવના બાળાએ તે બારણું ખોલ્યું. કૃષ્ણરાવ આભો બની વિચારમાં પડી ગયો. "આવા નિર્જન સ્થાનમાં અને તેમાંએ વળી ગુપ્ત ને ભયંકર—એક નવયૌવના બાળા! આનો શું મુદ્દો હશે? રમેશચંદ્ર મને ફસાવતો તો નહિ હોય! જો તેમ હોય તો એ મને બધી વાત ન કહે. તો આ બાળા કોણ! ઠીક! સમય જતાં સર્વ દેખાશે" કાન્તિકુમાર આભો બની જોઇ રહ્યો. તેનું ચંપકવર્ણું શરીર, કાળા ભ્રમર જેવા કેશ, વાંક મારતી ભ્રમરો, અણીયાળી આંખો, પરવાળા જેવા હોઠ, હંસ જેવી ડોક, કળશ જેવાં દેખાતાં સ્તનો, સિંહસમ કટી ને વસ્ત્રમાં છુપાયલા કેળ જેવા પગો જોઇને મોહ પામી ગયો. એની આંખે અંધારાં આવવા જેવું લાગ્યું. તે નવયૌવના ચાલી ગઇ. કાન્તિકુમાર જોઇ રહ્યો પણ તે ક્યાં ગઇ તે જણાયું નહિ. સાવધ થઇ આગળ ચાલવા માંડયું.

તે ઓરડાને છેડે ઘેરા લીલા કપડાંથી સજ્જ થએલું એક જીવતાં જેવું પુતળું બેઠું હતું. આ મકાનને ફક્ત એકજ ઓરડો લાગતો હતો ને નીચા છાપરાવાળું હતું. ભીંતો વિધ વિધ જાતના દેશી ચિત્રોથી ભરપૂર હતી. સાગનાં બારવટીઆં ને થાંભલા પર સુંદર જુના સમયનું કોતરકામ હતું. છાપરૂં નવું લાગતું હતું. બાકી બધો ભાગ ઘણોજ જુનો હતો. એટલે એવી ધારણા થાય ખરી કે કોઈ જુના ખંડીએરનો એ ભાગ હોવો જોઇએ. કૃષ્ણરાવે એક પળમાં આ જોઇ લીધું.

પાછી તેણે પુતળા તરફ નજર ફેરવી. એક પળમાં તેણે ફેર જોયો. પુતળાના મુખ પર કોઇ બેમાલુમ જગ્યાએથી પ્રકાશ પડતો હતો. તેનો સફેદ ચહેરો ભુરા રંગથી છંટાયેલો હતો. કંઠ પર માળાઓ હતી. પાસે એક મોટું ધૂપદાની જેવું વાસણ હતું. અને તેમાં થોડાં પુષ્પ હતાં. એ જોઇને ગુસ્સાથી છળકાતો રમેશચંદ્ર બોલી ઉઠયો. "હવે મને ખાત્રી થઇ કે હરિશર્મા અહીં ફુલ ચઢાવે છે. તે હંમેશા ના કહે છે પરંતુ હું........હું........ઉં........"

તેનું વાક્ય ત્રુટવા માંડયું અને આખરે ગુંગળાઇ જવા જેવો થઇ ગયો. તેના ચહેરાનું નૂર ઉતરી ગયું અને તે લથડીઆં ખાતો ખાતો ગળું પંપાળતો મહા મહેનતે બોલ્યો, "લીલા કાચની ઘડીઆળ! સાવધાન દુર્દમન દાનવથી." અને જો કૃષ્ણરાવે તેને ન ઝાલ્યો હોત તો સખત પત્થરમાં અફળાત ને બે નોકરો જેવી દશા થાત.

રાવે (કૃષ્ણરાવે) રમેશચંદ્રના શરીરને ધીમે રહીને ભોંય પર મુક્યું અને તેની નાડી પકડી એમાં કાંઇ એને સમજ ન પડી. રમેશચંદ્રના મુખમાંથી ફીણના ગોટા નીકળતા હતા તેથી એનું મોઢું વિચિત્ર રીતે કમકમાટ ઉપજાવે એવું થઇ ગયું.

"ખલાસ! ગયો!" રાવે શ્વાસ લેતાં કહ્યું. હૃદય બંધ થઇ જાય એવી નિશાનીઓ દેખાય છે. કાંઇ તીવ્ર ઝેર લાગે છે હું...."

તે બોલી રહે તે પહેલાં તેના મોઢા પર કાળો પ્રકાશ પડવા માંડયો અને તેને ચકરી આવવા માંડી—જાણે કે અંધકારના સમુદ્રમાંજ ગોથાં ખાતો હોય-તેને બેભાન થતાં પહેલાં કાંઇ વિચિત્રતા જોઇ પુતળું ઉભું થતું માલમ પડયું ને પાસે કોઇ સ્ત્રીને જોઇ.

જ્યારે કૃષ્ણરાવ ફરીથી સાવધ થયો, ત્યારે તે ઓરડાની જમીન પર પડયો હતો. માથા પર સૂર્યનું તેજ પડતું હતું. કાન્તિકુમાર તેનાથી દૂર અચેત પડયો હતો. અને એક બાજુ પર રમેશચંદ્ર તેજ સ્થિતિમાં હતો. તેનું શરીર ઠંડું થઇ

ગયું હતું. ઓરડામાં પૂર્ણ શાંતિ પ્રસરી રહી હતી. રાવ લથડીઆં ખાતો ઉભો થયો અને બેચાર બૂમો પાડી પણ કાંઇ જવાબ ન મળ્યો.

ચોતરા તરફ તપાસ કરતાં માલમ પડયું કે તે ભૂમિ અદ્રશ્ય થઇ ગઇ હતી. અને તેના પર લીલું કપડું પડયું હતું. પાછળ બારીમાંથી પડતા સૂર્યના પ્રકાશમાં કપડું વધારે ચળકાટ મારી રહ્યું હતું. કાન્તિકુમાર સહજ ભાનમાં આવતો જતો હતો. રાવે તેના પાસે જઇ બરાબર તપાસ્યું તો એક પુરૂષના ને બીજા સ્ત્રીનાં પગલાં બારી તરફ જતાં જોયાં. સ્ત્રીનાં પગલાં પરથી અનુમાન કરી શકયો કે તે પેલી નવયોવનાજ હોવી જોઇએ. બારીમાંથી બહાર ધૂળમાં પગલાં સાફ દેખાતાં હતાં અને ઓરડાની ઉત્તર ને દક્ષિણ બાજુએ મોટા મહેલના ખંડીએર જણાયાં તે બારીમાંથી બહાર કુદી પડયો. ખંડીએરમાં કેટલેક ઠેકાણે મોટા ઢગલાઓ હતા ને કેટલેક ઠેકાણે ભીંતો ઉભી હતી પણ કોઇપણ બાજુએ ખાસ દ્વાર દેખાતું ન હતું. રાવે પગલાં જોયાં તો તે મોટી સડક તરફ જતાં હતાં. રાવ ગુચવાડામાં પડયો. એટલામાં બાજુએ ચળકાટ મારતું કાંઇ જોયું. તો લીલા કાચના કકડા પડયા હતા. કકડા તપાસી એણે અનુમાન કર્યું કે 'ઘડીઆળના ખોખાનો એક બાજુનો કાચ ઉતાવળમાં તુટી ગયો હશે, લીલા કાચની ઘડીઆળ ચોરાઇ ગઇ છે. અને તે મૂર્તિ કોઇ મનુષ્ય હોવું જોઇએ. અને એજ ચોર છે. નવયોવના સ્ત્રી એની કોઇ સાગ્રીત હશે કે એના પંજામાં ફસાઇ ગઇ હશે."

પગલાં પાછળ પડતાં તે મોટે રસ્તે નીકળ્યો. ગાડી, ટેક્ષી ને મોટરની દોડધામમાં પગલાં અદ્રશ્ય થઇ ગયાં હતાં. આથી નિરાશામાં રાવ સફેદ બંગલે (ચંદ્રમહેલ) પાછો ફર્યો.

પ્રકરણ ૨ જું.

કલકત્તાના દરેક પેપરોમાં આજે ખૂનની વાત બહાર પડી છે. 'ઉષાવતી'નું ભયંકર ખૂન એ મોટા અક્ષર દરેકનું ધ્યાન ખેંચી રહે છે. કલકત્તાના મહાન ધનાઢ્ય શેઠ વિદ્યાસાગરની એકની એક પુત્રી ઉષાવતીનું રાત્રિએ ખૂન થયું હતું. રાયસાહેબ વિદ્યાસાગરની ગણના કોટયાધીશમાં થતી હતી. રાયસાહેબને પચાસ વર્ષની ઉમ્મરમાં એકજ પુત્રી હતી. એની વય વર્ષ ૧૬ ની હતી. પુત્રીના ખૂનની રાત્રે રાયસાહેબ ઘરમાં ન હતા. સમાચાર સાંભળતાંજ રાયસાહેબના હોશકોશ ઉડી ગયા; અને પેપરમાં જોતાંજ હુગલીથી રાયસાહેબ ઘેર આવ્યા. નોકર ચાકરને ધક્કા મારતા રાયસાહેબ મેડી પર ચડી ગયા. મેડીનાં પગથીઆં પર સુકાઇ ગએલાં લોહીનાં પગલાં પડયાં હતાં. ગળતે નેત્રે વિદ્યાસાગરે ઉષાવતીની મેડીમાં પ્રવેશ કર્યો. પ્રવેશ કરતાંની સાથે 'હાય' કરતાં બેભાન થઇ રાયસાહેબ ધરણી પર ઢળી પડયા. મેડીમાં ડાબી બાજુએ પલંગ પર લોહીથી ખરડાયલી ચાદર પડી હતી. તળાઇ પર લોહી પુષ્કળ પડયું હતું. પણ ખાસ કરીને તળાઇનો વચલોજ ભાગ વધુ લોહીવાળો હતો. જમીન પર ચારે બાજુએ જ્યાં ત્યાં લોહીના ટપકાં પડયાં હતાં. ભીંતોની નીચાણ પર ચારે બાજુએ લોહીના છાંટા હતા. પલંગની એક બાજુએ થોડા વાળ પડયા હતા. ઉઠીને રાયસાહેબે સઘળું જોયું. તેમને કમકમાં આવ્યાં ને આંખે અંધારાં ચઢી ગયાં. બહાર નીકળી રાયસાહેબે મેડીને તાળું દીધું ને નીચે આવી હાથમાં પીસ્તોલ લઇ ગાદી પર બેઠા. એક નોકરને કૃષ્ણરાવને તેડવા મોકલ્યો. રાયસાહેબને એક શાન્તા કરીને ભાણેજ હતી. ઉષાવતીનું ખૂન સાંભળી એનો જીવ ઉડી ગયો હતો. રાયસાહેબ એના પર પણ ઘણો પ્રેમ રાખતા. શાન્તાની વય પંદરેક વર્ષની હતી. તે હજી કુમારિકા હતી. રાયસાહેબ આવ્યા ત્યારની એ તેની જોડેજ ફરતી હતી. થોડી વારમાં

કૃષ્ણરાવ કાન્તિકુમારની જોડે આવ્યા. ગભરાયલા રાયસાહેબે પીસ્તોલ સામી ધરીને કહ્યું, "ખબરદાર! એક પણ ડગલું આગળ વધ્યા તો! આપ કોણ છો?"

કૃષ્ણરાવે નમનતાઇથી કહ્યું, "રાયસાહેબ! મારૂં નામ કૃષ્ણરાવ ડીટેકટીવ ને આ મારો સહાયક."

રાયસાહેબે ઉભા થઇ બેસવા કહ્યું.

"નહિ જી! આપ મને ખૂનની જગ્યા બતાવો!" કૃષ્ણરાવે વિનયથી કહ્યું.

રાયસાહેબ તેમને મેડી લઇ ગયા. એકજ દૃષ્ટિએ કૃષ્ણરાવ ને કુમારે (કાન્તિકુમારે) સઘળું જોઇ લીધું.

"સાહેબ!" શાન્તિથી રાવે કહ્યું. "તમારી છોકરીનું ખૂન નથી થયું."

રાયસાહેબ અજાયબીથી રાવની સામું જોઇ રહ્યા.

"કૃષ્ણરાવ સત્ય કહે છે." કુમારે ચલાવ્યું. "તમારી પુત્રી જીવતી છે. આ ચાદર લોહીમાં બોળેલી છે. જો તેમ ન હોત તો ખંજરના ઘાએ ઉપરની ચાદર ફાટત. ચાદરમાં કોઇ ઠેકાણે કાણું નથી. તે ઉપરાંત સઘળી જમીન પર ને ભીંતો પર લોહીના છાંટા છે, તે સાબિતી આપે છે કે બદમાશોએ કોઇ બીજી વ્યક્તિને કોઇ પણ જગ્યાએ મારી તેનું લોહી બેદરકારીથી છાંટયું છે. તે ઉપરાંત આ લોહી [illegible] કાલ રાત કરતાં વધુ વાસી લાગે છે. બાજુ પર પડેલા [illegible] પરથી એમ અનુમાન થાય છે કે તમારી છોકરી સામાં [illegible] હશે અને તેમાં વાળ તૂટી ગયા હશે અથવા કોઇ બીજાના વાળ હોય બદમાસ કયે રસ્તે ગયા છે!"

'શાબાશ! સત્ય છે કુમાર." રાવે કુમારનો [illegible] થાબડતાં કહ્યું.

"રાયસાહેબ! તમારૂં કામ આ મારો સહાયક [illegible] આપશે. ખાત્રી રાખજો હું અન્ય કામમાં ગુંથાયેલો છું."

"આ છોકરાની હોશિઆરી એના બોલવા પરથીજ માલમ પડે છે." એટલામાં શાન્તા આવી ચઢી. રાવને કુમાર બંને

ચમકયા ને શાન્તા તરફ જોઇ રહ્યા. બંને વિચારમાં પડયા.

ચંદ્ર સંગ્રહસ્થાનમાં જોઇ હતી એજ બાળા. આ બાળા અહીં કયાંથી! એજ રૂપ! એજ લાવણ્ય ને એજ વય. પણ નિર્દોષતા હતી.

કાન્તિકુમાર વિચારમાં પડયો. બાળા સામું જોઇ રહ્યો. બાળાએ એના સામે એક મોહક દૃષ્ટિ નાંખી. ચંદ્રસંગ્રહસ્થાનવાળી વ્યક્તિએ કાન્તિકુમાર પર દૃષ્ટિ સુધ્ધાં ફેંકી ન હતી. તે બેદરકાર ને સદોષ લાગતી હતી. પરંતુ આ શરમાળ ને સ્રીગુણવિભૂષિત હતી. કુમારને આના તરફ લાગણી ઉદ્ભવી જ્યારે પેલી તરફ એવું કાંઇ ન થયું. આ સર્વ બાબત લક્ષમાં લેતાં કુમારને વિચાર થયો કે "બંને જુદી વ્યક્તિઓ હશે! કૃષ્ણરાવે એને બાજુએ બોલાવી પૂછયું, "કુમાર કાંઇ મુગ્ધ થઇ ગયો લાગે છે ને! જો! આ બાળા ને સંગ્રહસ્થાનવાળી બાળા એક કે બીજી? મને આ નિર્દોષ લાગે છે ને પેલી સદોષ ને બેદરકાર લાગતી હતી."

"એમજ છે." કુમારે કહ્યું. "વળી જુવો રાવ! ચંદ્રમહેલમાં મને તમને કહેવાનો વખત ન મળ્યો. આ ચિઠ્ઠી મને હરિશર્માના રસોડામાંથી મળી છે. હરિશર્મા ભાગી ગયો લાગે છે."

"ઠીક! પેલી મૂર્તિએ આપણા પર પ્રકાશ મારફતે ઝેરી અસર કરી હતી એમ લાગે છે. ચીઠ્ઠી જોવું" રાવે ચિઠ્ઠી વાંચી.

"જ્યોર્જ સ્ટીમર હુગલી કાલે ત્રણ વાગે ઉપડશે. સ્ટીમર ન હાથ આવે તો સીધા મારે ઘેર આવજો. નિશાની હોય તોજ દાખલ થજો."

લી०,
ઉષા નલિનીકાન્ત.

ઉષા શબ્દથી રાવ ચમકયો. "કુમાર! આ શું છે! અહીં ઉષાનું નામ કેવું! શું આ બબતને કાંઇ સંબંધ છે!

કાંઇ જબરો પેટાળો લાગે છે. બંને બનાવોને ખાસ સંબંધ લાગે છે,

"કાંઇ એવુંજ છે. પરંતુ ઉષા નવી લાઇનમાં લખ્યું છે. કદાચ ઉષા અને નલિની બે ભેગા તો ન હોય?" કુમારે કહ્યું.

"ના, ના, એમ ન હોય! પહેલાં ઉષાને મેં જોઇ હતી. તે એવી નથી" રાવે મક્કમતાથી કહ્યું.

ઉષાનું નામ સાંભળી ગભરાએલા રાવબહાદુર બોલી ઉઠયા "શું છે! શું છે!"

"કાંઇ નહિ! આપને માલુમ તો હશે કે હમણાં છાપાઓમાં કોઇ વિચિત્ર 'માનવમૂર્તિ'ની ભયંકરતા, દગા ને કાવાદાવા વિષે ઘણું આવે છે. તે કેસ હાલ મારા હાથમાં છે ને તેમાંજ તમારી ઉષા સંડોવાયલી લાગે છે." "માનવમૂર્તિ" નામ સાંભળીને રાયસાહેબના હોશકોશ ઉડી ગયા. એની ભયંકરતા સર્વ શહેરમાં પ્રસિદ્ધ હતી.

"શું?" રાયસાહેબ ગભરાટમાં બોલ્યા.

"એમ અનુમાન થાય છે, ને તે સત્ય છે. પરંતુ ઉષાને એ લોકો મારી નાખવા નથી લઇ ગયા એમ હું ખાત્રીથી કહું છું." કૃષ્ણરાવે કહ્યું.

"પરંતુ રાયસાહેબ! આપને જમાઇ છે કે કેમ?" કુમારે પૂછ્યું.

"વિવાહ કર્યો છે પણ લગ્ન થયાં નથી."

"ઠીક! પણ તેમનું નામ શું છે?"

"સુરેશચંદ્ર. આપ શા મુદ્દાથી પુછો છો?"

"પાછળથી ખબર પડશે. તે ઉપરાંત આ બાળા તમારી શું સગી થાય ને તેનું નામ શું છે?" કાન્તિકુમારે શાન્તા તરફ એક દૃષ્ટિ નાંખતાં કહ્યું.

"હા! એ મારી ભાણેજ થાય છે એનું નામ શાન્તાગૌરી."

"એને કોઇ બેન છે કે?"

"ના" આ સાંભળી કૃષ્ણરાવ ને કુમાર ગુંચવાડામાં પડયા.

"ઠીક ત્યારે રાયસાહેબ! હમણાં અમે જઇશું. ગભરાશો નહિ. ઉષા જીવતી લાવશું. આ ઓરડાને તાળું દઇ દો ને અમારા આવ્યા સિવાય ખોલશો નહિ."

બંને જણા ત્યાંથી ગયા. જતાં જતાં કુમારે એક મીઠી દૃષ્ટિ શાન્તા તરફ ફેંકી તેનો તેવોજ જવાબ મળ્યો.

પ્રકરણ ૩ જું.

પાછા ફરતાં કૃષ્ણુરાવે ને કાન્તિકુમારે શ્મસાનનો રસ્તો લીધો. ત્યાંનું દૃશ્ય જોઇ ઉભય ચમકીને થંભી ગયા. શ્મશાનમાં રમેશચંદ્રનું શરીર પડ્યું હતું આસપાસ ગીધ ને કાગડા ફરી વળ્યા હતા.

"કુમાર! રમેશચંદ્રને ઝેર સખત્ લાગ્યું એ ગયો."

"હા! પરંતુ અહીં કોણ લાવ્યું હશે?"

"પોલીસનાં માણસો! તપાસ કરી મરેલો ધારી નાંખી ગયા હશે. સરકાર વધુ ખર્ચ કરે એમ નથી" કૃષ્ણુરાવે તિરસ્કારથી કહ્યું.

"હવે!"

"અહીં ખોટી થવામાં આપણું કામ બગડશે. ચિઠ્ઠીમાં જણાવ્યા પ્રમાણે હરિશર્મા ગયો હશે પણ એને જ્યોર્જ સ્ટીમર નહિ મળે માટે પાંચવાગે જતી 'વ્હાઇ સ્ટીમર'માં એ જશે. ઉષા કદાચ જોડે હશે. નહિ તો અહીં સંતાડી હશે." રાવે ઉતાવળ કરતાં કહ્યું.

એટલામાં પાછળની ઝાડીમાંથી એક ફાટાતુટાં કપડાંવાળો જાડો માણસ આવી પહોંચ્યો. કૃષ્ણુરાવની બાહોશી આગળ તે છુપો ન રહ્યો. રમેશચંદ્રે માંજરી આંખવાળા માણસનું વર્ણન કર્યું હતું તેજ હતો. તે માંજરી આંખવાળા માણસે આવી રાવને નમન કર્યું.

"અમારે કાંઇ તારૂં કામ નથી." રાવે તીખાશથી કહ્યું.

"ઠીક સાહેબ! પરંતુ મારે તમારૂં કામ છે." માંજરી આંખવાળાએ તુટેલી ભાષામાં જવાબ આપ્યો.

કૃષ્ણુરાવ અનુમાન કરી શક્યો કે તે બંગાલી ન હતો. પેલાએ ગજવામાંથી એક માટી વળગેલું પાકીટ કાઢ્યું. રાવના

હાથમાં પેલી હરિશર્માની ચિઠ્ઠી હતી. માંજરા માણસે પાકીટ રાવના હાથમાં આપવા માંડયું. રાવે ચિઠ્ઠીવાળો હાથ પહોળો કર્યો કે ઝટ પેલાએ ચિઠ્ઠી ઉપાડી લીધી ને પાછળની ઝાડીમાં ભરાઇ ગયો.

"હરામખોર! ચિઠ્ઠી લઇ ગયો! નલિનીકાન્તનો માણસ લાગે છે. ચાલો, હવે આપણે જઇએ ને 'વ્હાઇટ સ્ટાર' પકડીએ."

ઉભયે બંદર તરફનો રસ્તો લીધો, ને લગભગ સાડા ચાર વાગે બંદર પર આવી ચઢ્યા. થોડી વાર પછી પેલો માંજરો પણ આવી ચઢયો. તે નજર કર્યા વગર સ્ટીમર પર ચઢી ગયો. પાછળથી કૃષ્ણરાવ ને કુમાર પણ ગયા.

સ્ટીમર હુગલી ઉભી રહી. પેલો ઉતરી પડયો. પાછળથી રાવ ને કુમાર ઉતર્યાં. ઉતરતાં રાવે કેપ્ટન કને જઇ ઉતારૂની યાદી જોઇ તેમાંથી માલમ પડયું કે પેલા માંજરા માણસનું નામ ચંદ્રરાવ હતું. રાવે વિચાર કર્યો કે કદાચ ચિઠ્ઠી હરિશર્માની ન હોવી જોઇએ. હરિશર્મા આમાં હોવો તો જોઇએ. પરંતુ અહીં આવ્યો નહિ હોય. એ 'માનવમૂર્તિ' નો મદદગાર હોવો જોઇએ. તો ઉષાને આ સાથે શો સંબંધ હશે?

પેલી નવયૌવના તો આમાં ભળેલી છે. એ ચોકખી રીતે માનવમૂર્તિની મદદગાર છે, અગર તો એના ફાંદામાં ફસી ગઇ હશે. એ નવયૌવના જો શાન્તા હોય તો રાયબહાદુરની દોલતની લાલચે તે બદમાશોમાં ભળે ખરી. કારણ કે ઉષા પછી રાયબહાદુરની દોલતની એ વારસ થાય. પરંતુ શાન્તા નિર્દોષ ને ભીરૂ લાગે છે. જ્યારે તે નવયૌવનાના નેત્રમાં પાપમયતા ને બહાદુરીનાં દર્શન થાય છે." રાવ ગુંચવાઇ પડયો. વળી વિચાર થયો, "જો જોળનાં છોકરાં હોય તો બધું મળતું આવે ખરૂં. પરંતુ રાયસાહેબ ના કહે છે કે શાન્તાને બ્હેન નથી. રાયસાહેબને કદાચ એ ખબર ન હોય. રાયસાહેબને પણ શાન્તા પર વહેમ લાગતો નથી. તો ઉષાને પકડવાનું કારણ શું! જો શાન્તા એજ નવયૌવના હોય ને રાયબહાદુરને

બીજો નજદીકનો સગો ન હોય તો તેમનો જમાઇ સુરેશચંદ્ર શાન્તાને મળીને મીલકત પર દાવો કરે ખરો. તો શું સુરેશ આમાં દાખલ છે ? એને જોવો જોઇએ. એમ હોય તો એ ને શાન્તા બંનેનો સંપ હોવો જોઇએ. તે સિવાય એ ઘણેભાગે ફાવી ન શકે. પરંતુ આમ જોતાં તે નવયૌવના માનવમૂર્તિમાં લાગે છે. ને ઉષાને ફસાવનાર નલિનીકાન્ત હોવો જોઇએ. તો વિરૂધ્ધ દિશા થઇ ગઇ કહેવાય. માનવમૂર્તિ એ કોઇ મોટો બદમાશ હોવો જોઇએ. એમ જો ન હોય તો આ બાજી બીજો રંગ પકડે; ને તેનો નાયક કોઇ ગુપ્ત હોવો જોઇએ. તે જો સુરેશ હોય તો ? એ અસંભવિત જેવું લાગે છે. સુરેશ ને શાન્તા બે એક થાયજ નહિ. એના કરતાં સુરેશ ઉષાનેજ પરણે તો વધુ લાભ પામે. તે ઠીક ! આગળ જતાં જણાશે.''

હોડીમાંથી ઉતરતાંજ બહારના ખુલ્લા મેદાનમાંથી ઉતરી એક બાજુએ ચંદ્રરાવ ઉતરી પડયો, ને હુગલી શહેરની બાજુના ગામડાને રસ્તે આવી ચઢયો. કૃષ્ણરાવ પણ પાછળજ હતો. પરંતુ ઠેઠ લગી પાછળ જવા કરતાં પાસેની એક ટેકરી પર ચઢી જોવું એ સહીસલામત લાગ્યું. તેથી કુમારને લઇ ટેકરી ઉપર સડસડાટ ચઢી ગયો.

ચંદ્રરાવે આઘેના એક સફેદ ધાબા જેવા દેખાતા મકાન તરફ ચાલવા માંડયું. વેરાન જગ્યા કે જ્યાં આગળ કોઇ મનુષ્ય ન મળે ત્યાં આગળ મોટું મકાન જોઇ તેને આશ્ચર્ય થયું.

"કાવતરાંબાજો માટે એક ઘણીજ સરસ જગ્યા છે. કુમાર ! હવે વધારે પાસે હમણાં જવું એ સલાહકારક નથી."

ત્યાર બાદ બંનેએ ટેકરા પર સુઇને દુરબીનથી તે ઘર ને તેની આસપાસની જગ્યા તપાસી. ઘર મોટા કિલ્લા જેવું હતું. તેની આસપાસ વીસ ફુટ ઉંચી દિવાલો હતી. દિવાલ મજબુત કાળા પત્થરની હતી, તેના ઉપર અણીદાર પ્રાણહારક ખીલાઓ જડેલા હતા. દિવાલની બહારની બાજુએ પાણીથી

ભરેલી ખાઇ હતી. આમ જોતાં એકજ દરવાજો લાગતો હતો. અંદર જવા માટે પૂલ જોઇએ. આ વખતે પૂલ ઉંચકાયલો હતો. ફક્ત માળ પરથી બારીઓ દેખાતી હતી; આ બે માળનું મકાન હતું. બારીઓને મજબુત બારણાં હતાં, કોઇ ઠેકાણે જાડા સળીઆવાળી બારી હતી, અને અંદર કાચની બારીઓ હતી. બારણાંઓ મજબુત લાકડાનાં હતાં અને તે પર જાડા લોઢાનાં પતરાં જડેલાં હતાં. ઉપરનાં ધુમાડીઆમાંથી ધુમાડો નીકળતો હતો, એટલે સાબીત થતું હતું કે આ મનુષ્યનું રહેઠાણ હોવું જોઇએ.

ચંદ્રરાવ પુલની પાસે આવ્યો ને ગજવામાંથી એક નાની ઘંટડી કાઢીને વગાડી. તરતજ પૂલ નીચો પડયો, ને દરવાજા ખુલી ગયા. ચંદ્રરાવ અંદર ગયો.

"આનાથી વધારે આપણે હમણાં કરી શકીએ એમ નથી." રાવે દૂરબીન ખોખામાં મૂકતાં કહ્યું: "કુમાર! આપણે અંધારામાં પાછા આવવું, ને દાખલ થવાની જગ્યા જોવી; ત્યાર બાદ અંદર જવું. રમેશચંદ્રના મરણ ઉપરાંત અને ઉષાના ખૂનની વાત ફેલાવ્યા કરતાં આ લોક કાંઇ ઘણુંજ મોટું કામ કરવા ધારે છે."

"મને તો કાંઇ આ અદ્ભુત ને વિચિત્રજ લાગે છે." કુમારે કહ્યું: "પણ રાવ સાહેબ! રાત્રિ પડવા આવી છે, ને આપણે હજી અન્નનો દાણો મોઢે અડકાડયો નથી, માટે પહેલાં તે કાંઇ કરો તો સારૂં."

ટેકરી પરથી ઉતરી રસ્તો કાપતાં બન્ને જણા એક વિશ્રાંતિગૃહમાં આવ્યા, ત્યાં આગળ પેટ ભરી ખાઇ લીધું, ને હાથ ધોતા હતા એટલામાં વિશીનો માલીક ગુંચવાતો ગુંચવાતો ત્યાં આગળ આવી ઉભો અને ધીમે સ્વરે કહેવા લાગ્યો: "મહેરબાન સાહેબ! દિલગીર છું કે તમને હેરાનગતિ પડશે; પણ કોઇ બીજો સદ્ગૃહસ્થ આ દિવાનખાનામાં આવે તો આપને કંઇ અડચણ છે? ખાસ કરીને આ ઋતુમાં દિવાનખાનું સાર્વજનિક વપરાશ માટે છે. તદ્ઉપરાંત..."

"જે હોય એને અહીં આવવા દો." રાવે ટુંકેથીજ પતાવતાં કહ્યું.

રાવ પાટલા પરથી ઉઠીને આરામખુરશીમાં બેઠો, અને થોડી વારમાંજ તે દિવાનખાનામાં પચાસેક વર્ષનો શરીરે અલમસ્ત પણ તંદુરસ્ત માણસ આવી ચઢયો. બારણામાં ઉભો રહીને તે રાવને એકી નજરે જોવા લાગ્યો. ડિટેકટીવ એના તરફ જરા જોઇને એકદમ ખુરશીમાંથી ઉઠતો મોટે સાદે બોલી ઉઠયો: "ઓહ! મહાશય રાજચંદ્ર!"

"રાવ! તમે એક અજાયબ માણસ છો. આટલે વર્ષે ને પાછા બીજા પોષાકમાં તમે મને ઓળખી કાઢયો. આપણા છેલ્લા મેળાપ પછી તમે પુષ્કળ નામના મેળવી છે. આજકાલ કેમ ચાલે છે?"

"હમણાં તો અધ્ધર-વચ્ચે લટકીએ છીએ." રાવે હસ્ત-ધૂનન કરતાં કહ્યું. "કુમાર! આ સાહેબ પ્રથમ મારી જોડે કામ કરતા હતા, તે વખતે હું "ઍડવોકેટ" પત્રનો ખબર-પત્રી હતો. કેમ સાહેબ! આપ કયા પવનના સપાટાથી અહીં ઘસડાઇ આવ્યા છો?"

"એક ભયંકર વાવાઝોડાથી." રાજચંદ્રે સાવધાનતાથી બારણા તરફ દષ્ટિ નાંખતાં કહ્યું, "બધાં છાપાઓમાં કાળા મોટા અક્ષરે લખાઇ રહેલા કામોની શોધ માટે."

રાવે ડોકું હલાવ્યું. રાજચંદ્રના અચિંત્યા આગમનથી તે અજાયબ થયો હતો. તેને પેલા ગુપ્ત કીલ્લા જેવા ઘર સાથે કાંઇ કામ હશે કે કેમ અને ઉષાની તપાસ માટે આવ્યો હશે કે કેમ તે વિષે વિચાર કરતો હતો.

"જરા સ્પષ્ટ કહો તો ઠીક." રાવે કાંઇ શંકાથી કહ્યું: "ચાલો જરા ચાહ પી લ્યો; દૂરથી આવ્યા હશો."

"અરે સાહેબ! આ વખતે ચાહ કેવી!" રાજચંદ્રે ગંભીરતાથી કહ્યું.

"ઠીક! તો આ બન્નેની પાસ ભોજન મંગાવું?"

"મારે કાંઇ જરૂર નથી. મારે કાચું કોરૂં ચાલી જશે. તે હું જોડે લાવ્યો છું. મારે એક વિશ્વાસલાયક વાત આપને કહેવાની છે" રાવ તરફ એક ત્રાંસી નજર ફેંકી, પાસે ખુરશી ખેંચતાં રાજચંદ્રે કહ્યું ને આગળ ચલાવ્યું: "કિનારા પરનું વિશ્વગૃહ જોયું હશે!"

'પોતે જોયું હતું તેજ ઘર હતું' એમ રાવને ખાત્રી થઇ, ને કહ્યું, "હા! દૂરથી જોયું છે. કાંઇ ખાસ ખબર નથી. આજે રાત્રે જવા વિચાર છે."

"જુવો." રાજચંદ્રે કહ્યું, "એક દયાજનક વાત છે. તમારી જોડે હું ખુલ્લા મને વાત કરીશ. હું તપાસમાં ફરૂં છું. શું તે સાંભળો! આખી જીંદગીમાં સ્મરણ રહે એવું આ પ્રકરણ છે. મારે તમારી મદદની જરૂર છે. રાત્રે આપણે જોડેજ નીકળીશું. ને અત્યાર લગી છાપાંઓ પોતાની મરજી મુજબ છાપી રહ્યાં છે, તે સત્યરૂપે બહાર પાડશું. મારા ધારવા પ્રમાણે ઉપવતીનું ખૂન થયું નથી ઉપાવતીનું ખૂન કરાવનાર શાન્તા નામની એની એક બહેન (ફોઇની છોકરી) છે."

રાવ ચમક્યો તેને ખરૂં ન લાગ્યું. "આપની ભૂલ છે."

"ના! નજરે જોએલું છે. સાંભળો: ગઇ કાલે રાત્રે આશરે દશેક વાગે હું રાયસાહેબના ઘરની દક્ષિણ બાજુએ આશરે અર્ધા માઇલને અંતરે આવેલી ઝાડીમાં ફરતો હતો. એટલામાં ચાર પાંચ માણસો દૂરથી મશાલો સાથે આવતાં જોયાં. હું બાજુમાં ભરાઇ ગયો. મારાથી થોડે અંતરે આવી તે ઉભા રહ્યા. બધાએ કાળાં વસ્ત્ર પહેર્યાં હતાં. એક જણના ખભા પર કાળી ચાદરમાં કાંઇ બોજો હતો. તે નીચે ઉતાર્યો ને છોડ્યો, તો અજાયબી વચ્ચે તેમાંથી એક મનુષ્ય વ્યક્તિ દોરડાંથી મજબૂત જકડેલી નીકળી. તેને તે બદમાશોએ ઝાડ સાથે બાંધી. પાંચમાંથી એક જણનો ઝભ્ભો પડી ગયો, તેથી હું જોઇ શક્યો કે તે એક પંદર સોળ વર્ષની નવયૌવના હતી. ઝાડ પર ટંગાયેલા તે પુરૂષ તે સ્ત્રીને સંબોધીને બોલ્યો: "શાન્તા! શા માટે મને હેરાન કરે છે? રાયબહાદુરની દોલત

ખાતર તું મારો જીવ લેવા બેઠી છે? તારે જોઈએ તો રાયબહાદુરની દૌલતની માલીક તું થા. હું વચ્ચે નહિ બોલું; તમારા બોલવા પરથી જણાય છે કે અડધા કલાક પર તમે ઉષાનું ખૂન કર્યું છે. હાય ઉષા! મારી વહાલી ઉષા!" કહેતાં તેની આંખમાંથી અશ્રુપ્રવાહ ચાલ્યો.

"બાયલા! રડે છે શું! ઉષા તો મરી ગઈ. તું હવે મારી જોડે લગ્ન કર. આપણે આનંદવિલાસમાં દિવસ ગાળશું." તે સ્ત્રીએ કઠોરતાથી હસતાં કહ્યું.

એટલામાં બે વ્યક્તિઓને મેં થોડે દૂર વાત કરતાં જોઈ. તેમાંથી મેં ફક્ત બે શબ્દ સાંભળ્યા. "ઉષા ગઈ" તે પરથી હું ખાત્રીથી કહું છું કે ઉષા જીવતી છે.

શાન્તાના શબ્દ સાંભળી ગુસ્સામાં પેલો બોલી ઉઠયો, "શાન્તા તું નિર્દય છે. હું તારી જોડે લગ્ન કરી શકું એમ નથી. ઉષાનું ખૂન થયું તો હું પણ તેની પાછળ જઈશ. પણ સુરેશ કદી શાન્તા જોડે પરણી દ્રોહ કદી નહિ કરે. નીચ! ફક્ત લક્ષ્મીની લાલચે તેં ઉષાનું ખૂન કરાવ્યું જેની જોડે તેં જન્મારો કાઢયો, જેના પિતાએ તને પાળી પોષીને મોટી કરી, ને છોકરીની માફક સાચવી તેનીજ પુત્રીનું ધનની લાલચે ખૂન! શાન્તા! શાન્તા! મેં તને કદી આવી ધારી ન હતી; તેં મને પહેલાંથી કહ્યું હોત તો—"

"બસ લવરી બંધ કર" શાન્તાએ તેને આગળ વધતો અટકાવી કહ્યું. "શું બકે છે? મારૂં કહ્યું માની જા, આપણે અહીં પરણી જઈશું. તારા કાલાવાલા કરૂં છું."

"કદી નહિ! ખૂની સ્ત્રી જોડે પરણી હું કેમ સુખી થાઉં. તે છતાં પણ ઉષા......."

"બસ! બંધ કર! તારૂં આવી બન્યું છે." કહી તે સ્ત્રીએ એક મોટી ચાબૂક કાઢીને કહ્યું "માને છે કે નહિ?"

"કદી નહિ. હું મારી ઉષાની પાછળ જઈશ. આહ! " તે ગુસ્સામાં ભભુકીને બોલ્યો.

શાન્તાએ ચાબૂક ઉગામી કે તરતજ પીસ્તોલ લઇ હું બહાર પડયો. "ખબરદાર! જો હાથ ઉગામ્યો તો. ચાલી જાવ અહીંથી" બધા ચમકીને ઉભા રહ્યા. મારા હાથમાં પીસ્તોલ જોઇ સઘળાએ નાસવા માંડયું. તેમાંથી એક જણે કહ્યું "રાવ, શર્માજી! નાસી છુટો." સઘળા નાસી ગયા. મેં જઇ સુરેશને છોડયો. પૂછતાં તેણે કહ્યું:

"હું રાયબહાદુર વિદ્યાસાગરનો જમાઇ છું. મારો ને ઉષાનો લાંબા સમય થયાં વિવાહ થયો છે. હું ઉષાને પુષ્કળ ચાહું છું રાયબહાદુરની ભાણેજ શાન્તાને મારી જોડે પરણવું છે, એ લાલચે તેણે ઉષાનું ખૂન કરાવ્યું અને તે પણ અર્ધા કલાક પહેલાં. મારી ખાત્રી કરવા તેમણે લોહીમાં બોળેલી ઉષાની સાડી બતાવી. મારી ખાત્રી થઇ. લગભગ અર્ધા કલાક પહેલાં મારા ઘર આગળ બે જણ આવ્યા. તે વખતે મારા ઘરના ઓટલા પર હું ફરતો હતો. તેમાંથી એક જણે મને પૂછયું 'સુરેશ બાબુ આપજ કે!" એમ કહી બંને મારી પાસે આવ્યા. તેમણે પકડીને મારે મોઢે ડુચો મારી મને બાંધી લીધો. ફળીઆમાં અંધારૂં હતું એટલે કોઇ જોઇ શકયું નહિ. ને મને ચાદરમાં નાંખી રસ્તામાં વચ્ચે મને ઉતાર્યો ને શાંતાએ મારા હાથની માગણી કરી મેં ના કહી ને તેણે મને આગળ લઇ જવા કહ્યું. અમે ત્યાર બાદ અહીં આવ્યાં. બાકીનું બીજું તમે જાણતા હશો તમારો ઘણો ઉપકાર થયો. મારે ત્યાં મારી શોધખોળ થશે અને તે ઉપરાંત રાયબહાદુરને ત્યાં મારે ઉષાના ખૂનની ખબર આપવી જોઇએ" આટલું કહી તે ચાલ્યો ગયો, તે રડતો હતો.

હું રાવસાહેબના ઘર આગળ ગયો. ત્યાં 'હો! હા' થઇ રહી હતી. ત્યાં વધુ થોભવાની જરૂર મને ન લાગી. કારણ કે 'રાવ' કહેવાતાં માંજરા માણસને મેં ઘણીવાર બદમાશી કામોમાં જોયો છે. તે કોઇનો ભાડુતી માણસ છે. કીનારા પરના વિશ્વગૃહ તરફ મેં એને બે ચાર વાર જતાં જોએલો ને એકવાર એની જોડે બીજા ત્રણ ચાર માણસોને

પણ જોએલા તે પરથી મેં વિશ્વગૃહ આવવા વિચાર કર્યો. તે ઉપરાંત મેં એક ઝેર દેનાર ભયંકર માણુસ વિષે અને એક ભયંકર મૂર્તિ વિષે બહુ સાંભળ્યું છે. તે માટે હું ખાસ અહીં આવ્યો. હવે આપ સમજ્યા હશો" રાજચંદ્રે શ્વાસ લેતાં દૃષ્ટિ માંડી રાવ તરફ તીક્ષ્ણુ નજર નાંખી.

રાવ વિચારમાં પડી ગયો, શું શાન્તા ખુની છે? કંઇ અશક્ય જેવું લાગે છે. સુરેશચંદ્ર જેવો માણુસ જે રોજ શાન્તાના સંબંધમાં આવતો હશે તે શું શાન્તાનેજ ન ઓળખે? સુરેશે ઝાડ પર ટંગાયલી સ્થિતિમાં શાન્તાને આટલા કઠિન શબ્દો કહ્યા છતાં શા સારૂ બીજી કોઇ હોય તો સ્પષ્ટ કબૂલ ન કરે? શુધ્ધ પ્રેમમાં જો તે હોય તો શા સારૂ પોતાના પ્રેમીને ચોકખે ચોકખું ન કહે? પ્રેમી જો પ્રેમથી છુપાવે તો તે એક ગુન્હો કરે છે, પરંતુ દ્રવ્યલોભ હોય તો ન કબૂલ કરે. પરંતુ શાન્તા શું સુરેશ જોડે પરણુવાથીજ ઉષાના મરણુ બાદ રાયબહાદુરની દોલતની માલીક થઇ શકે એમ છે? તેમ નથી. તો શા સારૂ શાન્તા આમ કરે? તે ઉપરાંત રાજચંદ્ર શર્મા ને રાવનું નામ દે છે. તો તે શાન્તા નહિ પણ પેલી નવયૌવના હોવી જોઇએ. તો શું સુરેશની આંખ ખોટી?" રાવ આમ ગુંચવાડામાં પડી ગયો, શું સત્ય છે, તે એ કાઢી ન શક્યો.

બીજી તરફ કુમારના મને તે સ્ત્રીને શાન્તા તરીકે માનવા ના પાડી, તે નવયૌવનાજ હોવી જોઇએ.

"રાજચંદ્ર બાબુ! તમે એક ભયંકરતાનું દર્શન કરાવ્યું, સાથે વિચિત્ર છે, ગુંચવાડા ભરેલું છે." રાવે ગુંચવાતા કહ્યું.

"કૃષ્ણુરાવજી! મેં જે બન્યું તે કહ્યું. તમે આ ઉષાનો કેસ હાથમાં લીધો છે. એ મને ખબર છે. તમે મહાન્ ડીટેકટીવ છો. તમારે તો બધું ગણુત્રીમાંજ હશે. તમારે મદદ કરવી પડશે!" રાજચંદ્રે કહ્યું.

"ઠીક! જોઇશું!" રાવે ટુંકામાં જવાબ આપ્યો.

"રાવ! એમ ન ચાલે! હું સમજું છું કે તમે ગુંચવાઇ

ગયા છે. પરંતુ એ તો તમારા જેવા ધંધાદારીને સાધારણ છે. રાત્રે ૧૧ વાગે વિશ્વગૃહમાં જવા તૈયાર રહેજો. છોકરાને ન લાવશો. કામ ભયંકર થશે, સમજ્યા!" રાજચંદ્રે કૃષ્ણરાવને ખભે હાથ મૂકતાં કહ્યું.

"હું એમ કરીશ. પરંતુ—" ગુંચવાતાં રાવે કહ્યું.

"પરંતુ કાંઇ નહિ. વધુ સવાલ જવાબ ન જોઇએ. આંખના પલકારાનું કામ છે. ટુંકામાં સમજી લ્યો, રાત્રે તૈયાર રહેજો. બાકીનું હું કરી લઇશ."

રાજચંદ્રે એક વિચિત્ર રીતે આંખનો પલકારો માર્યો ને પગ દાબ્યો. એટલામાં ભટ્ટ આવ્યો.

"ભટ્ટ! પેલા કિનારા પરના વિશ્વગૃહમાં કોણ રહે છે તે કહી શકશો?" રાજચંદ્રે લોકોમાં ચાલતી અફવા સાંભળવા પૂછયું.

"સાહેબ મને ખબર નથી. તે પહેલાં વેચાણ પર હતું; પરંતુ છ મહિના થયાંજ એક જણે તે ખરીદ કર્યું છે. તે માણસ આ ગામમાં આવતોજ નથી. કહેવાય છે કે ઘણો શ્રીમંત છે. અહીંથી કલકત્તે રોજ મોટરમાં આવ જા કરે છે." ભટ્ટે કહ્યું.

"ત્યારે તો શ્રીમંત હોવો જોઇએ. ને મોટરનો શોખીન લાગે છે. ઠીક!" રાવે જાણે પોતાને કાંઇ જરૂરનું ન હોય તેમ બેદરકારીથી કહ્યું.

ભટ્ટ ગયો. રાજચંદ્ર જવા ઉઠયો ને જતી વખતે કહ્યું. "કલાકમાં આવું છું તૈયાર રહેજો.

પ્રકરણ ૪ થું.

કાન્તિકુમાર પોતાની જરૂર નથી એમ જાણીને રાવને કહીને રાયબહાદુર તરફ જવા નીકળી પડયો. રાતનાજ એક નાની સ્ટીમર ઝુકાવી ચંદ્રિકાના પ્રકાશમાં મહાસાગરનું નિરિક્ષણ કરતો ગંગાના પ્રચંડ પ્રવાહમાં આવી ચઢયો. ગંગામાં ભરતી હતી એટલે છેક કાંઠા લગી પહોંચી ગયો ત્યાંથી પોતાનો રસ્તો કરતો લગભગ રાત્રિના એક વાગે રાયબહાદુરના મકાને આવી ચઢયો. પાછલે રસ્તે તેમના ઘરની પૂર્વ બાજુ પરના બાગમાં આવ્યો. ત્યાં આગળ એ થંભી ગયો. રાત્રિના એક વાગાના સમયે શાન્તા બાગમાં ફરતી હતી. પૂર્ણિમાંની જ્યોત્સ્નામાં એ બરાબર જોઇ શકયો કે તે શાન્તાજ હતી. કુમાર વિચારમાં પડયો. " આ સમયે શાન્તા એકલી બાગમાં ? તો શાન્તાને ખૂની માનવામાં શું હરકત છે. છ આંખો શાન્તાને ખૂની માને છે. હું માનતો ન હતો. પરંતુ રાત્રે એક વાગે શાન્તાનું બાગમાં હોવું તેનો ગુન્હો સુચવે છે. શાન્તા ! તું શું ખૂની છે ! મારૂં મન હજી કોણ જાણે કેમ ના કહે છે ! મને શાન્તા તરફ કાંઇ વિચિત્ર લાગણી થાય છે. મને એને જોઇ રહેવાનું મન થાય છે. આજ તેણે કાળું જરીની કોરવાળું વસ્ત્ર પહેર્યું છે. અહા ! શું સુંદર લાગે છે. આ ગગનમાંની કાળી રડી ખડી વાદળીઓ જ્યોત્સ્નાને લીધે શાન્તાએ પહેરેલી સાડીજ જેવી લાગે છે. આકાશમાંનો ચંદ્ર પૃથ્વીના ચંદ્ર સન્મુખ આજ નિસ્તેજ દેખાય છે. એણે પહેરેલી આસ્માની ચોળી એને જ્યોત્સ્નાકર જેવીજ શોભા આપી રહી છે ને એને લલચાવી રહી છે. એની સ્પર્ધા કરે છે. હા ! આ શું શાન્તા રડે છે. એને શું દુઃખ છે ! કરોડાધિપતિની બાળકીને શું દુઃખ હોય ! શાન્તા હવે આ બધી મીલકતોની માલિક થશે. પરંતુ શાન્તા સ્ત્રી છે. વહાણ નાવિક વિનાનું

છે ને તે ભરદરીએ ઝોલાં ખાય છે. નાવિકની ખાસ જરૂર છે. પરંતુ એની પાસે નાવિકે તરીને જવું જોઇએ. પરંતુ રાજ-ચંદ્રના કહેવા પ્રમાણે વહાણ નાવિક પાસે ગયું છે. પરંતુ કુશળ નાવિક પોતાનું ત્રુટી ગએલું વહાણ જોઇ રહ્યો છે. તેને એનાંજ સ્વપ્નાં આવે છે, અને એની પાછળ રડે છે. બીજા નવા વહાણના નાવિક થવાની તે ના કહે છે. એની પાસે વહાણ આવતાં તે લાત મારે છે. તો શું વહાણ એવું નિર્લજ્જ છે ?" કુમારને કોણ જાણે શું થઇ ગયું કે એની આંખમાંથી પાણી નીકળી પડયાં. તે વધુ વિચારવા લાગ્યો. "ના ! ના ! એવું નથી. આ વ્યક્તિ નિર્દોષ છે એમ મારૂં મન વારંવાર કહ્યા કરે છે. લાવ જરી પુછી જોવું." ધીમે પગલે કુમાર દરવાજો ઓળંગી બાગમાં પેઠો ને ચોરની માફક શાન્તા ઉભી હતી તેની પાછળાની ઝાડી પાછળ ઉભો. શાન્તા હજી રડતી હતી. વચ્ચે વચ્ચે બોલી ઉઠતી હતી "ઉષા ! તું કયાં ગઇ ! અરરર ! નિર્દોષ પક્ષી કોણે રેંસી નાંખ્યું હશે ! એવો તે કોણ અત્યાચારી પારધી હશે ! ઉષાનું ખૂન કરવાની શી જરૂર ! ઉષા ! ઉષા ! હવે સુરેશ તારા સિવાય ઝુરીને મરી જશે. આજ બે દિવસ થયાં એ દેખાતો નથી. ઉષા ! ઉષા ! તે વ્યર્થ ઉષાને બૂમ મારી રહી હતી ને ચોધારે આંસુએ રડતી હતી. કુમારને કાંઇ .ખાત્રી થવા માંડી કે શાન્તા નિર્દોષ છે. ફરી શાન્તા બોલી ઉઠી "મામા કહેતા હતા કે પેલો યુવાન કાન્તિકુમાર ને રાવ કહે છે કે ઉષા જીવતી છે. ભગવાન એવું કરે. ઉષાએ શ્વાસ જોરથી લીધો ને આંસુ લુછી કાઢયાં. "કાન્તિકુમાર કાન્તિકુમારજ છે. શું એની કાન્તિ ! શું એની છટા ને વાકચાતુર્ય ! કેવો મોહક છે ! શાન્તાની આંખમાં તેજ આવ્યું ને વિચારમાં નીચે બેસી ગઇ. કુમાર હસીને પાછળ ઉભો રહ્યો તે ધીરે રહીને બોલ્યો. "શાન્તાગૌરી શું વિચાર કરો છો ?"

શાન્તા ઉભી થઇ થોડે દૂર જઇ ઉભી રહી. પહેલાં તો ગભરાઇ ગઇ, પરંતુ કાન્તિકુમારને જોઇ સ્વાસ્થ્ય આવ્યું,

પણ તરતજ શરમાઇ નીચું જોઇ રહી. આખરે થોડી વારે બોલી, " કાન્તિકુમાર ! શું મારી ઉષાનું ખૂન થયું ? "

" ના " કાન્તિકુમારે મક્કમતાથી કહ્યું. " પરંતુ હું પુછું તેનો બરાબર જવાબ આપશો કે ? "

" હા ! "

" સોગન લો જોઉં."

" શું મારા પર વિશ્વાસ નથી ?"

" ઠીક ! જોજો, વાત છુપાવતા નહિ." કુમારે એક તીક્ષ્ણ દૃષ્ટિ ફેંકીને પૂછ્યું, " તમે કહી શકશો કે તમારે કોઇ બ્હેન હતી કે નહિ ? "

" મારે બ્હેન હતી નહિ ને છે પણ નહિ." શાન્તાએ મક્કમતાથી કહ્યું.

" ઠીક, તમે નાનપણમાં કોને ત્યાં રહેતાં હતાં ? તમારી મા કયાં છે ?"

" મારી મા મને બે વર્ષની મુકી ગઇ, પછી હું મારી માસીને ત્યાં ગઇ. ત્યાં જ્યારે સાત-આઠ વર્ષની થઇ ત્યારે મારા મામાએ અહીં બોલાવી લીધી."

" તમારી માસી કયાં રહે છે ? "

" શ્રીરામપુર."

" ઠીક, હવે આપ કહી શકશો કે સુરેશને છેલ્લો કયારે જોયો ? "

" બે દિવસ ઉપર ઉષાને મળવા આવ્યો ત્યારે. "

" સાચું કહો છો ? "

" હા."

" કાલે રાત્રે તમે સુરેશને નહોતો જોયો ? "

" ના."

" તમે જુઠું બોલો છો, હું ખાત્રીથી કહું છું કે તમે સુરેશને જોયો છે."

' કદિ નહિ, હું જુઠું બોલતી નથી." શાન્તાએ મક્કમતાથી જવાબ આપ્યો.

" એમ! ત્યારે તમે અવિવાહિતા છો ને?"

" હા!"

" તમે કોઇને મોઢે લગ્નની વાત કરી છે કે નહિ?"

" તે માટે મને કદી ઇચ્છા થઇજ નથી."

" ત્યારે હમણાંજ તમે કાંઇ વિચાર કરતાં હતાં ને?"

શાન્તા શરમાઇ ગઇ પણ બોલી, " સૌન્દર્ય ને કુદરતનું નિરીક્ષણ કરવાનો અને તેના વખાણ કરવાનો દરેકને અધિકાર છે."

" તમે સાચું કહો છો કે સૌન્દર્ય પર મોહ નથી પામ્યાં? કોઇનું સૌન્દર્ય ભોગવવાની ઇચ્છા નથી કરી?"

" મેં તમને પ્રથમજ કહ્યું કે મને કદી ઇચ્છા થઇજ નથી. આપને સ્ત્રીને મોઢે આવું બોલાવતાં શરમ નથી આવતી!"

" આ બાબતમાં શરમ રાખું તો ધંધો બંધ કરવો પડે."

" એમ છે તો પૂછો."

" ખોટું ન લગાડશો. હું ખરૂં કહું છું અને કોઇએ જોયલું કહું છું કે તમે જબરજસ્તીથી સુરેશના પ્રેમની માંગણી કરી હતી ને સુરેશે તેનો ઇન્કાર કર્યો. તમે એના પર જુલમ ગુજાર્યો. પણ અણીને વખતે એક માણસે એને ગઇ કાલે રાત્રેજ બચાવ્યો છે."

" કાન્તિકુમાર! આ શું બોલો છો? મારી આબરૂ પર કલંક! કોણે જોયું?" શાન્તા રડવા જેવી થઇ ગઇ.

" તે કહેવાનો મને અધિકાર નથી. એ વાત ખરી છે."

" શું—" શાન્તા રડી પડી.

" સ્ત્રીચરિત્ર ચલાવશો નહિ. વધુમાં કહું છું કે તમેજ ઉષાનું ખૂન કરાવ્યું છે." કાન્તિકુમારે એક સ્થિર દૃષ્ટિ શાન્તા તરફ માંડી. શાન્તા મોટેથી રડી પડી.

" કોઇ સાંભળશે, તો વધુ હાનિમાં આવી પડશો. સાચું કહી દો."

ત્યારે શું હું જુઠું કહું છું ?" શાન્તાએ આંસુ લુછતાં કહ્યું.

" હા ! હું એમ ધારૂં છું."

" મેં તમને કહ્યું કે હું જુઠું બોલતી નથી."

" ચોર પણ કહે છે કે હું ચોરી કરતો નથી. ચોર કદી હા ન કહે."

" તેનો કાંઇ પુરાવો ?"

" પુરાવો ! જોનારની આંખ."

" આંખે જોએલું પણ ખોટું હોય છે તે તમે જાણો છો."

" આંખ એક વાર ભૂલ કરે. પણ બીજીવાર તો બરાબર જુવે."

" જોનાર ભૂલ કરતો હશે. તેમ હોય તો મારે તેમ કરવાનું કારણુ ?"

" રાયબહાદુરની દોલત "

" શું ? તમે મને નીચ ધારો છો ? પૈસા કરતાં આબરૂ મને વધુ પ્રિય છે. દોલતને હું ઠોકરે મારૂં છું." શાન્તાએ કાંઇક ગુસ્સાથી કહ્યું.

" એ કહેનારા ઘણા હોય છે. સૌન્દર્ય ને લક્ષ્મીએ કોને નથી લોભાવ્યા ?"

" કુમાર ! સમાલીનો બોલજો " શાન્તાએ ગુસ્સાથી કહ્યું.

" શાન્તાગૌરી, તમે જવાબ આપવાનું વચન આપ્યું છે. તમારી દલીલો તમે ખુશીથી રજુ કરો. ગુસ્સો ન કરો."

" તમને હું કહું છું તે માનવું હોય તો માનો. પહેલું ઉષાના ખૂનથી હું અજાણજ છું. સુરેશને હું ભાઇ તરિકેજ ગણું છું. લક્ષ્મીની મને પરવા નથી. બસ ટુંકામાં મારે એટલુંજ કહેવાનું છે."

" તમે સાચું કહો છો ? ઠીક ! આ માણસને તમે ઓળખો છો ?" ગજવામાંથી ચંદ્રરાવની છબી કાઢતાં કહ્યું.

"ના!"

"હવે મારે તમને હમણાં વધુ કહેવાનું નથી હવે મારે ઉષાના ખૂનની જગ્યા જોવી છે. ચાલશો:"

"હા! પણ કુંચી મામા કને છે."

"મારે કુંચીની જરૂર નથી, પાછળથી ચઢી શકાશે."

બંને જણાં પાછળ પડતા ઉષાની મેડીના ઝરૂખા નીચે આવ્યા. અજાયબી વચ્ચે માલમ પડયું કે ઝરૂખામાંથી દોરડું નીચે લટકતું હતું.

"બદમાશો ઉપર છે. તમે બાજુમાં છુપાઇ જાવ. હાથમાં આ પીસ્તોલ લો, સમય આવે વાપરજો." કુમારે સાવચેતીથી કહ્યું.

કુમાર સડસડાટ દોરડા પર ચઢી ગયો. ઝરૂખાની કાચની બારી તોડી બદમાશો અંદર ગયા હતા. કુમાર બીન હરકતે ઓરડામાં દાખલ થયો. ત્યાં ચુપચુપ થોડીવાર ઉભો રહ્યો. માલમ પડયું કે પાસેના ઓરડામાં પીસ્તોલના અવાજ થતા હતા. કુમાર સાવચેતીથી ધીમે પગલે તે ઓરડાના બારણા આગળ ગયો. પીસ્તોલની ગોળીના સહજ પડતા પ્રકાશમાં જોઇ શકયો કે ઓરડામાં ત્રણ જણ હતા ને બે જણ મળી એક પર હુમલો કરી રહ્યા હતા. કુમારે અનુમાન કર્યું કે તે રાયબહાદુર હોવા જોઇએ. દરવાજા આગળ સુઇને કુમારે એક બદમાશ તરફ પીસ્તોલ તાકીને મારી, કે જે બરાબર તેને પગમાં વાગતાં તે પડી ગયો. કોઇ બીજો માણસ આવ્યો છે એમ ધારી પેલો બીજો બદમાશ બારીએથી કુદી નાશી ગયો. કુમારે ગજવામાંની બેટરી લગાવી ને જોયું તો રાયબહાદુર બેઠા હતા. તેમના બંને હાથમાં તૈયાર પીસ્તોલ હતી. કુમાર રાયબહાદુર કને ગયો. ગભરાયલા રાયબહાદુરે પીસ્તોલ તાકી કહ્યું: "ખબરદાર! જો એક પણ ડગલું આગળ વધ્યા તો!"

"રાયસાહેબ! શું છે! એ તો હું કાન્તિકુમાર, કૃષ્ણરાવનો મદદગાર."

"કોણ કાન્તિકુમાર! ઠીક આવી ચઢયા. બદમાશો નાશી ગયા લાગે છે."

"એક ગયો હશે. બીજો અહીંજ મારી ગોળીથી વિંધાઇ પડયો હશે."

કાન્તિકુમારે આખા ઓરડામાં તપાસ કાઢી પણ તે ત્યાં ન હતો. ઉઠીને તે નાસી ગયો હતો.

"બદમાશ છટકી ગયો છે." કુમારે રાયબહાદુર પાસે આવતાં કહ્યું.

"રાયસાહેબ! બદમાશો શા કારણથી આવ્યા હતા તે જાણો છો?"

"હા! તે લોકોએ આવી આ મારી ગાદી પાસેનું ખાનું તોડવા માંડયું, પરંતુ ઉષાના ખૂન પછી હું હંમેશ આ કબાટ નીચેનું ખાનું સાચવી બાજુએ સુવું છું." રાયબહાદુરે પોતાની પાછળનું કબાટ બતાવતાં કહ્યું.

"આ કબાટના ખાનાનેજ અડકવાનું કારણ શું?" કુમારે પૂછયું.

"તેમાં મારી મીલકતના દસ્તાવેજો છે."

"તો રાયસાહેબ! આ આવનારમાંથી એક માણસ તમારા ઘરનો ભોમીઓ હોવો જોઇએ."

"મારા ઘરનો કોઇ એવો ભોમીઓ નથી. આ વાત ફક્ત ઉષા, સુરેશ ને શાન્તાજ જાણે છે. બાકી કોઇનેજ ખબર નથી."

કુમાર સુરેશ પર વહેમાયો. પણ તરતજ બીજો વિચાર આવ્યો. શાન્તા રાત્રે એક વાગતે બાગમાં શા માટે ફરતી હતી. શું તેણેજ આ બદમાશોને નહિ બતાવ્યું હોય! રાત્રિના એકવાગે શાન્તાનું બાગમાં ફરવું આ વિચારને પુષ્ટિ આપતુ હતું. પણ તરતજ શાન્તાનું નિર્દોષ મુખ એના આગળ તરી આવ્યું. શું માનવું એ તેને સુજયું નહિ.

"સુરેશ ને શાન્તા એ બેમાંથી કોઇના પર તમને વહેમ છે!"

"સુરેશ પર કાંઇક ખરો. ઉષાના ખૂનની રાત્રેજ દેખાયો હતો. ત્યારપછી જણાયો નથી."

"શાન્તા શું નિર્દોષ લાગે છે?"

"હા! એ બાબત મારી ખાત્રી છે. મને કોઇ એને માટે ગમે એવું કહે પણ માનું નહિ." રાયબહાદુરે મક્કમતાથી કહ્યું.

"મને એના પર શક છે." કુમારે રાયબહાદુરની મક્કમતા જોવા કહ્યું.

"એ અશકય છે. શક હોય તો કાઢી નાખજો." રાયબહાદુરે દાબીને કહ્યું.

"ઠીક, પણ દસ્તાવેજોની જગ્યા બદલી નાંખજો. ઉષાના ઓરડામાં જરા ચાલશો?"

"શું ત્યાં મારે આવવું પડશે?" રાયબહાદુર ગળગળા થઇ બોલ્યા.

"હા, જરા કામ છે."

બંને ત્યાં ગયા કુમાર કોચ પાસે ગયો, ગજવામાંથી રૂમાલ કાઢી ચાદર પર ખુબ રગદોળ્યો, ને પાછો ગજવામાં મુકી દીધો. બાજુએ પડેલા વાળ લીધા, ને પુછ્યું: "રાયસાહેબ! જરા કહેશો કે આ વાળ કોના છે?"

"ઉષાના." રાયસાહેબ વાળને બરોબર તપાસીને બોલ્યા. એમની આંખમાંથી પાણી આવ્યાં.

"ગભરાશો નહિ. રાયસાહેબ! ખાત્રીપુર્વક કહું છું કે ઉષા જીવતી છે. ઉષા હંમેશ પહેરતી હોય એવું કાંઇ કપડું આપશો?"

પાસેના કબાટમાંથી રાયસાહેબે ઉષાની ચોળી કાઢી આપી. વાળ અને ચોળી કુમારે ગજવામાં મૂકતાં કહ્યું: "ત્યારે હું રજા લઇશ."

"ઠીક, પાછા ક્યારે આવશો ?" રાયબહાદુરે આતુરતાથી પુછ્યું.

"તે કાંઇ કહી શકાય નહિ." કુમારે જતાં જતાં કહ્યું.

કુમાર ત્યાંથી નીકળી શાન્તા પાસે આવ્યો. ઝાડીમાં છુપાએલી શાન્તાએ બહાર આવીને કહ્યું, "એક બદમાશ થોડા વખત પરજ નાસી ગયો છે."

"એની પાછળ પડવાથી હમણાં કાંઇ લાભ નથી. બીકનો માર્યો ગમે તે દિશામાં ગયો હશે." કુમારે શાન્તાને બારિકીથી જોતાં કહ્યું.

શાન્તા ચેતી ગઇ. "કુમાર! હજી તમને શક છે?" આશ્ચર્યથી શાન્તાએ કહ્યું.

"હા! એ માટે દિલગીર છું. સંજોગો એવા છે." કુમારે દિલગીરીથીજ કહ્યું.

"તમારો શક ક્યારે જશે ?"

"જ્યારે મને કાંઇ સાબિતી-પુરાવો મળશે ત્યારે."

"તમે શું માણસને ઓળખી શકતા નથી ? શાન્તાએ નિરાશાથી કહ્યું.

"હા! પરંતુ સંજોગો અન્ય દિશામાં લઇ જાય છે. ઠીક, એ વાત કોઇ અન્ય પ્રસંગે કરશું. હવે મારે જવું પડશે."

આ સાંભળી કોણ જાણે કેમ શાન્તાનું મુખ લેવાઇ ગયું. તે ધીમેથી બોલી, "રાત્રે એક-બે વાગે ક્યાં જશો ?"

કુમાર કાંઇ ભાવાર્થ સમજ્યો, શાન્તા તરફ તે જોઇ રહ્યો. તેના મોઢા પર નિર્દોષતા અને પ્રેમ છવાઇ રહ્યાં હતાં, તેના નેત્રમાંથી અમી ઝરતું લાગતું હતું. તેના મુખમાંથી કસ્તુરી જેવી સુગંધ છુટતી લાગતી હતી. કુમાર વધુ બારિકીથી એના મોઢા તરફ જોઇ રહ્યો. શાન્તાથી આ નજર સહન થઇ શકી કે ન થઇ તે પ્રભુ જાણે પરંતુ શાન્તા પોતાના પગના અંગુઠા તરફ જોઇ રહી.

"મારે અત્યારે જવુંજ જોઇએ. હું હવે હુગલી જઇશ."

“ અત્યારે હુગલી ! ? ”

“ હા. કૃષ્ણુરાવ ત્યાં છે.”

“ ત્યાં શા માટે ? ” શાન્તાએ એક નાની બાળકી જેવા પ્રશ્ન પુછવા માંડયા.

અનુભવી વાંચક આવા પ્રશ્નોનું કારણ જાણતોજ હશે એટલે કહેવાની જરૂર નથી.

“ આને લગતાજ કેસ માટે હવે મને ખોટી ન કરો.” કુમાર પણ ત્યાંજ ઉભો રહી બોલ્યો. એના પગ કંઇ આગળ વધતા ન હતા.

“ ઠીક ! ત્યારે પાછા કયારે આવશો.”

“ એ કાંઇ ચોક્કસ ન કહી શકાય. એ પ્રસંગો પર આધાર રાખે છે.”

શાન્તાએ કાંઇ જવાબ ન આપ્યો.

“ જાઉં છું.” કુમારે આખરે આગળ વધતાં કહ્યું.

“ હા ! ” શાન્તાએ ધીમેથી કહ્યું તે જતા કુમાર તરફ જોઇ રહી ને એક નિશાસો નાંખ્યો.

પ્રકરણ ૫ મું.

ભરતી ઉતરતી ગઇ તેમ ધુમ્મસ કિનારે પથરાવા માંડયું. જ્યારે રાવ ને રાજચંદ્ર બહાર પડયા ત્યારે જાણે એવુંજ દેખાતું હતું કે તે દરીઆને તળીએ ચાલતા હતા. સામે ઘૂઘવાટા કરતો નિશાનાથ–સિતાજ્યોત્સ્નાધિપતિ–પોતાના રૂપેરી કરોથી મહાસાગરને જાણે એક ઉછળતા ઉકળતા પારાના સમુદ્રનું રૂપ આપતો હોય તેમ દેખાતું હતું. ચંદ્રિકામાં ઉછળતા પાણીનાં ટીપાં પારાના કણો જેવાં લાગતાં. અને તેની આસપાસ વિંટાયલું ધુમ્મસ ઉકળતા પારાના સમુદ્રની વરાળ જેવું લાગતું.

કિનારો ને ડડકો સર્વ ધુમ્મસથી ઢંકાયલાં હતાં કોઇવાર ધુમ્મસ મોટા ટેકરા જેવું લાગતું તો કોઇવાર મોટા મકાન જેવું લાગતું આથી તેઓ ઘણીવાર છેતરાતાં. એમ ગોથાં ખાતા ખાતા તેઓ વિશ્વગૃહની નઝદીક આવી ઉભા. રાજચંદ્રે પોતાની યુક્તિ પ્રયુક્તિઓ રાવને કહેવા માંડી તે પરથી રાવને એમ માલમ પડયું કે મકાન બાબત સઘળી આને ખબર હોવી જોઇએ. ત્યારબાદ રાજચંદ્રે ઝાડીમાંથી એક પાટીયું ને દોરડાંની નીસરણી કાઢયાં કીલ્લાની દીવાલ પર લોઢાની કડીવાળી તે નીસરણી નાંખી. તેના પર થઇ દીવાલ પર તે ચઢયા. રાજચંદ્રે નીસરણી ખેંચી દીવાલની બીજી બાજુએ નાખી અને તે ઉતરતાં તે મોટા મકાનના બાગમાં આવીને ઉભા રહ્યા. તે મકાનની ચારે બાજુએ દશ ફુટ બાગ રાખ્યો હતો. બંને ત્યાંથી એક લોઢાના જાડા સળીઆ જડેલી કાચની બારી આગળ આવી ચઢયા. રાવે પોતાના ગજવામાંથી એક નાની શીશી કાઢી તેમાંથી ચાર સળીઆની ઉપર ને નીચે દવા છાંટી. થોડીવારમાં સળીઆ કાટ ખાઇને નીકળી ગયા. રાવે તે લઇને ધીમે રહીને ભોંય પર મૂકયા. હવે ફક્ત કાચ

તોડવાનું બાકી રહ્યું. ત્યાં મરણુ સમયે પથરાતી શાંતિ જેવી ભયંકર શાંતિ પ્રસરી રહી હતી. અને આ મોટી દીવાલની અંદર પણ દૂરને મહાસાગર પોતાના ગંભીર ઉંડા ઘૂ ઘૂ ઘૂ કરતા અવાજથી ભંગ કરી રહ્યો હતો. ધુમ્મસ હતું એ તે લોકોના લાભમાં હતું. તે કાંઇ સાંભળવાની આશાએ ભીતને કાન માંડીને બરાબર ઉભા રહ્યા અને આજુબાજુ જોતા રહ્યા. થોડીવાર ત્યાં ઉભા રહ્યા એટલામાં કોઇને પગરવ થયો સંભળાયો, ઉભય ભીંત જોડે દબાઇ ગયા.

ધુમ્મસમાં ઝાંખો થએલો એક ફાનસનો દીવો નજરે પડયો. તેને હાથમાં રાખી એક વ્યક્તિ દરવાજા તરફ જતી હતી. રાવે વિચાર કર્યો, “ અહીંથી અત્યારે નીકળી એ કલકત્તા જતો હશે ને ત્યાં રાંધવાનું કામ કરતો હશે કે જેથી કોઇને શક ન પડે. શાબાશ બ્રાહ્મણુ ! ”

રાવે પોતાના ગજવામાંથી હીરાકણી કાઢી. કાચને ત્રણુ બાજુએથી નાનો કાપ મૂકયો. તેમાં ચાર પાંચ નાના કાપ પાડયા ને પછી એક નાની કકુડી અંદર પાડી બીજી કકડીએ બહાર જમીનમાં પાડી ત્યારબાદ કાચને ચારે બાજુએ કાપ મુકી તે ત્રીકોણુમાં બે આંગળી ભેરવી કાચ બહાર આખો કાઢી લીધો ને ભીતને અડતો મુકયો. રાજચંદ્ર પહેલો અંદર ઉતર્યો ને અંદરના અંધારામાં લીન થયો. રાજચંદ્રને ઉતર્યાને પાંચ મીનીટ થવા બાદ કાંઇ જણાયું નહિ એટલે રાવ ઉતર્યા. અજાયબી વચ્ચે માલમ પડયું કે રાજચંદ્ર ત્યાં ન હતો. ધીમે ધીમે અવાજ કર્યો પણુ કાંઇ માલમ ન પડયું.

જીવના જોખમે તેણે ગજવામાંથી બેટરી કાઢી, ને આસપાસ ભૂરો પ્રકાશ ફેંકયો. રાજચંદ્ર માલમ ન પડયો, ને ત્યાં કોઇ ઠેકાણે સંતાવાની જગ્યા પણુ ન હતી. સામે ફક્ત એક નાનું બારણું હતું, તે પણુ બંધ હતું. બેટરી હોલવી તે બારણા તરફ સરવા લાગ્યો. મગજમાં વિધ વિધ વિચારો આવવા લાગ્યા અને તે ગુંચવાવા લાગ્યો. એટલામાં એક કારમી ચીસ પડી. રાવ ત્યાં સજ્જડ થઇને ઉભો રહ્યો, પણુ

કાંઇ જણાયું નહિ. ખસતો ખસતો રાવ બારણા નજીક આવ્યો, ધીમે રહી બારણું ખોલ્યું તો અંદર એક માણસ ફાનસ લઇને દોડતો માલમ પડયો. રાવે એક બૂમ પાડી ને પાછળ જવા ગયો એટલામાં તેના પગે કંઇ નરમ વસ્તુ અથડાઇ, બેટરીનું અજવાળું પાડતાં માલમ પડયું કે ત્યાં રાજચંદ્રનું લાંબુ શરીર પડયું હતું.

તે ખબરપત્રી મરી ગએલો માલમ પડયો. તેના ચહેરા પર બૂરી છાયા હતી અને ભયનાં ચિન્હો સ્પષ્ટ દેખાતાં હતાં; તેના શરીર પર કોઇ જાતનો ઘા ન હતો, ફક્ત કપાળ પર એક નાનો ઉઝરડો હતો. રાવને ખાત્રી થઇ કે પેલી મૂર્તિનું એ કામ છે. તેને ત્યાંજ રહેવા દઇ તે આગળ વધ્યો, ને ગુસ્સાથી વિકરાળ બની ગયો. રાજચંદ્ર એનો ખાસ મિત્ર હતો. ઝપાટાબંધ તે પેલાની પાછળ પડયો, બીજા ઓરડામાં ઝબુકતા દીવાથી ઓળખી શકયો કે તે રમેશચંદ્ર હતો. તેને ખાત્રી ન થઇ.

“ શું રમેશચંદ્ર ! ” રાવે ઉંડા શ્વાસ લેતાં કહ્યું. ઉતાવળ કરી તે આગળ વધ્યો. આગળ ચાલનાર ઘરના ખુણા તરફ વળ્યો ને તે અદ્રશ્ય થયો. રાવ તે બાજુએ ગયો. થોડે ગયો હશે એટલામાં અંધકારમાંથી વીંઝાતો અવાજ આવ્યો. “ હાથ ઉંચા કરો નહિ તો ગોળી છોડું છું. કોણ છો ? ” રાવ ગભરાયો નહિ. તરત ભીંત અડતો સુઇ ગયો ને પેટે ચાલતાં આગળ વધવા માંડયું. એટલામાં અંધારામાંથી કોઇએ કુદકો માર્યો ને તે બોલનારને ગળું ફુંપીને જોરથી પછાડયો ને ઝટ નાસી ગયો. રાવ પડેલા કને ગયો. તેને ખાત્રી થઇ કે તે રમેશચંદ્રજ હતો.

“ અહા ! શું રમેશચંદ્ર અહીં ! ” રમેશચંદ્રને તેણે મરેલો જોયો હતો.

રાવ અજાયબ થયો ને ત્યાંજ બેઠેલો રહ્યો. રાજચંદ્રના જેવીજ સ્થિતિમાં રમેશચંદ્ર હતો. તેને લાગ્યું કે બદમાશો કને ઝેર ઉતારવાની પણ આબાદ દવા હોવી જોઇએ તેણે

એક મોટેથી બૂમ મારી કે તરતજ સામેથી તેનોજ પડઘો પડઘો. તેને ખાત્રી થઇ કે સામે ભીંત હોવી જોઇએ. વિચાર થયો કે જો રમેશચંદ્ર સાવધ થાય તો સઘળું સમજાય. રમેશચંદ્રના ગળા પર હાથ મૂકયો તો પોતાની આંગળીઓ અક્કડ થતી માલમ પડી. ઝટ તેણે હાથ ઉંચકી લીધો. બદમાશે ગરદન પર ઝેર લગાવેલું હતું. ત્યાંથી તરત ઉઠીને ચાલવા માંડયું. ચાલતાં નીચે તેને કાંઇ પોળું લાગ્યું. તે નીચો વળ્યો ને જોયું તો કડી જડેલો એક પત્થર ત્યાં બેસાડેલો હતો. પત્થર ઉંચકતાં માલમ પડયું કે દશેક પગથીઆં નીચે ભોંયરાંમાં જતાં હતાં. નીચા વળી રાવે જોયું પણ કોઇનો ખખડાટ કે કાંઇ જણાયું નહિ. ધીમે ધીમે ઉતરતો ભોંયરામાં આવ્યો તો તે સાધારણ ભોંયરૂં કે કાટ નાખવાની જગ્યા ન હતી. પરંતુ અંદર વિશાળ જગ્યાઓ હતી. એ ઉતર્યો ને એક વીશ ફૂટ લાંબો ને વીશ ફૂટ પહોળો ઓરડો હતો. તેની સામુ ડાબી બાજુએ એક સુવાનો ઓરડો હતો. પગથીઆંવાળા ઓરડામાં થોડો અસબાબ પડયો હતો. કબાટો ટેબલનાં ખાનાંઓ ભંડારીઆં વગેરે સર્વ ઉઘાડાં હતાં. તેમાંની સઘળી વસ્તુઓ વેરણ ખેરણ પડેલી હતી. એક બાજુએ બળેલા કાગળો પડયા હતા. રાવે તે સઘળું બારીકીથી તપાસ્યું. પરંતુ કપડાલત્તામાં કાંઇ માલમ ન પડયું. સૂક્ષ્મદર્શક યંત્રથી રાવે બળેલા કાગળો તપાસ્યા પણ કાગળ બધાજ ચુંથી કાઢેલા હતા ને છેક ભૂકો કરી મૂકયો હતો. એટલામાં તેની નજર બાજુએ ઉડી ગએલી એક મોટી કાપલી પર પડી. તરતજ ઉંચકી લઇ તે વાંચી તેના પર 'વ્યંકો' લખેલું હતુ. કૃષ્ણરાવે ધાર્યું કે 'વ્યંકોજી' નામનો કોઇ બદમાશ હોવો જોઇએ. ત્યાંથી કાંઇ વધુ પત્તો ન મળ્યો. સામેના ઓરડામાં ચાર ખાટલા લગોલગ પાથરેલા હતા. એક ખાટલાની ચાદર ચુંથાયલી હતી ને તેના પર સ્ત્રીના વાળ પડયા હતા. ઉષાની મેડી પર વાળ હતા તેજ વાળ અહીં માલમ પડયા. રાવ વિચારમાં પડયો! શું ઉષાની મેડીમાં તો બદમાશો નહિ પહોંચી વળ્યા હોય? અથવા તો ઉષાને અહીં

લાવીને બીજે ઠેકાણે ન સંતાડી હોય." ભોંયરામાં સઘળે તપાસ કરી પણ કાંઇ માલમ ન પડ્યું. ઘડીઆળમાં જોયું તો લગભગ ૨ાા નો સુમાર થયો હતો. વખત ટુંકો હતો એટલે વધુ વખત ન લગાડતાં બીજી વાર આવવાનો વિચાર રાખી રાવે ઉપર ચઢી પત્થર ગોઠવી દીધો ને રમેશચંદ્ર પડયો હતો ત્યાં આવ્યો. અજાયબી વચ્ચે માલમ પડયું કે રમેશચંદ્ર ત્યાં ન હતો. રાજચંદ્ર તરફ ગયો. તે પણ ન હતો. હવે તે હરિશર્માને શોધવાની આશાથી દરવાજા તરફ ફરતો હતો એટલામાં તેની નજર એક દક્ષિણ ભીંતે લાગેલા નાના મકાન તરફ પડી. બહાર નીકળી તે તરફ ગયો. બારણાં ખુલ્લાં હતાં. અંદરની સઘળી ભીંતો લાલ રંગેલી હતી. અંદર એક મોટો દીવો બળતો હોય એમ એને લાગ્યું. ઓરડાની અંદર જતાં માલમ પડયું કે તે પ્રકાશ દીવાનો નહિ પણ એક ભઠ્ઠીનો હતો. ભઠ્ઠી ધીમે ધીમે બળતી હતી. તેની ઉપર તુટલા કાચનું છાપરૂં હતું, એટલે જમીન પર પ્રકાશ પડતો હતો. ઓરડામાં સહજ આગળ ગયો હશે એટલામાં ઓરડાની ભીંતો લીલી થઇ ગઇ. રાવ અજાયબ થયો. ભઠ્ઠી પણ જ્વલંત લીલા ભડકાઓથી બળતી હતી. એટલામાં તેની નજર ભઠ્ઠીની ઉપરના ચોતરા તરફ પડી. રાવ ચમકીને ઉભો રહ્યો. ચોતરા પર લીલા વસ્ત્રથી આચ્છાદિત તેજ ભયંકર મૂર્તિ–ચંદ્રમહેલની પ્રતિમા–હતી.

"ચંદ્ર મહેલની ભયંકર મૂર્તિ !" રાવ ગભરાતો બોલી ઉઠયો. મૂર્તિની આસપાસ કુંડાં ગોઠવી દીધાં હતાં. કુંડાંમાં દોરી જેવા છોડવા ઉગેલા હતા. પ્રતિમાના ડોળા ફરવા માંડયા. કૃષ્ણરાવ પર તાકીને એક દૃષ્ટિ ફેંકી. રાવને કેમ જાણે તીર ઘોંચાયું હોય તેમ એને લાગ્યું. એ પગલાં પાછો હઠ્યો. ગજવામાંથી રીવોલ્વર કાઢી હાથમાં મજબુતીથી પકડીને તાકવા માંડી એટલામાં પેલા કુંડાઓમાંની એકમાંથી એક દોરી લંબાઇ ને રાવના હાથમાંની રીવોલ્વરની આસપાસ વીંટળાઇ. રાવ ખેંચાવા માંડ્યો. નાઇલાજથી તેણે રીવોલ્વર

છોડી દીધી; કે તરતજ આખા ઓરડામાં તિરસ્કારપૂર્વક જાણે ચારે બાજુઓની ભીંતોમાંથી નીકળતો હોય તેમ “ હા-હા-હા હા-હા-હા-હા ” નો ધ્વનિ થઇ રહ્યો. ,તરતજ ભઠ્ઠીમાંથી એક જલવંત બીંબ રાવના મોંઢા પર પડયું. રાવને આંખો વિંચી દેવી પડી. થોડીવાર પછી માલમ પડયું કે ઓરડાની સામેના એક ઝાડને અઢેલીને મૂર્તિ બેઠી હતી. કૃષ્ણરાવ ગભરાતો મૂર્તિના પંજામાંથી બચવા ઓરડાની બહાર નીકળી ભાગવા ગયો. તરતજ તે દોરડામાંથી ચાર પાંચ જાડાં દોરડાં નીકળ્યાં ને રાવના પગને વળગી પડી નાગની માફક જોરથી ચૂડ ભેરવવા લાગ્યાં. પગે લોહી ફરતું બંધ થયું. રાવ તમ્મર ખાઇ નીચે પડયો આંખે અંધારાં આવ્યાં. મગજ ખાલી હોય એમ લાગ્યું. તેણે ખૂબ હાથ પગ પછાડયા ઉંડો શ્વાસ લેવા પ્રયત્ન કર્યો; પણ તેમ ન થઇ શકયું. મૂર્તિ તિરસ્કારમાં હસી રહી હોય એમ લાગ્યું. છોડવામાંથી બીજાં દોરડાંઓ નીકળતાં માલમ પડયાં રાવની આંખોજ ફક્ત કામ કરી રહી હતી. દોરડાં તેના શરીર નઝદીક આવતાં માલમ પડયાં તેનું શરીર ભુરૂં થતું માલમ પડયું. રાવ કંપી ઉઠયો, આંખો વિંચી દીધી.

પ્રકરણ ૬ ઠું.

આખા દિવસના કામથી થાકી ગએલો કાન્તિકુમાર લગભગ અઢી વાગે વિશ્રાંતિગૃહમાં આવી ચઢયો. રાવ હજી આવ્યા ન હતા, તેથી કુમાર જાગતો બેસી રહ્યો. બેઠાં બેઠાં તેને કાંઇ નવો વિચાર સુઝયો. ઓરડામાં એક સાધારણ કદનો લાકડાનો ઘોડો હતો, ને મોટી ઘડીઆળ હતી. કુમારને કાંઇ વિચાર સુઝી આવ્યો. ઘોડાના પેટ આગળથી ગાબડું પાડયું ને ઘડીઆળનો સંચો બરાબર ગોઠવી બાજું કાંઇ વધારે મુકી ઘોડો પોલો હતો એટલે એમાં મુકયો. પગમાં તારનાં જાડાં દોરડાં નાંખ્યાં; પછી પેટ બંધ કરી ચાવી આપી. અજાયબી વચ્ચે ઘોડો કૂદતો બારી પાસેના પલંગ પર ચઢી ગયો.

"શું સરસ શોધ કાઢી! હવે મારા મોઢાં આગળ એડીસન તે શી વિસાતમાં? લોકો મારી અદેખાઇ કરશે." એમ બોલે છે એટલામાં પાસેની કાચની બારીમાંથી ઘોડાએ દોડવા માંડયું. કુમારે એક બૂમ મારી ને બારીમાંથી કૂદી ઘોડાની પાછળ પડયો. લગભગ ચાર-સાડા ચારનો સુમાર થયો હશે; એટલે રસ્તામાં કોઇ કોઇ જતું આવતું હતું. ઘોડાએ એક બૈરી જતી હતી તેને ઉથલાવી પાડી, એક દારૂના પીઠામાંથી નીકળતા માણસને ભીંત સાથે ખોસી ઘાલ્યો. એટલે બધા માણસો બાજુએ થઇ ગયા, અને નાસવા લાગ્યા.

"આ તો ગજબ થયો!" કુમાર દુઃખ ને વિસ્મયમાં ગરક થતો બોલ્યો.

"કોઇએ આવું જોયું નહિ હોય, જો કમાન છુટી નહિ જાય તો ગજબ થશે."

પોલીસો પણ પાછળ પડતાં ગભરાતા હતા; એ તો એમજ સમજતા હતા કે ઘોડાને કાંઇ ભૂત ભરાયું હશે.

કુમાર બધાને સમજાવી ઘોડાની પાછળ ગયો, એટલામાં એક માછીમાર મળ્યો.

" ક્યમ શેઠ ! આ દરિયાઇ ઘોડો તું ક્યાંથી લાયો ? "

" અલ્યા તારે એનું શું કામ છે ? એ તો શિકારી કુતરો છે. "

" શું શેઠ ! ક્યમ તું શિકારે જાય છે ? "

દરિયા કિનારે ધુમ્મસ સખત પડતો હતો એટલે ઘોડો બરાબર દેખાતો ન હતો. પરંતુ કુમારને તેની કમાન પાસેજ છટકાતી સંભળાઇ, ને કોઇ બે માણસને વાત કરતાં સાંભળ્યા. " ચંદ્રરાવ ! આ શેનો અવાજ ? "

" મને ખબર નથી. " એક જાડો પણ ધીમો અવાજ આવ્યો. કુમારે એ અવાજ ઓળખ્યો; એ ચંદ્રરાવનો અવાજ હતો. પહેલો અવાજ ન પરખાયો. " મને લાગે છે કે એ તો વહાણો ને ધુમ્મસની ચેતવણી આપતો અવાજ છે."

" નહિ, એ તો કાંઇ એન્જીનનો અવાજ લાગે છે. " પહેલા માણસે કહ્યું.

ધુમ્મસ સખત પડતો હતો એટલે કાંઇ દેખાતું ન હતું. કુમાર સાવચેતીથી જમીન પર સુઇ ગયો; પેલા બે જણ સહજજ દૂર હતા.

" શું રાવ ! પોતાના કોઇ સાક્ષીને જોડે લાવ્યો હતો ? "

" જે છોકરો રાવ જોડે વ્હાઇટ સ્ટાર પર હતો, તે તો વિશ્રાંતિગૃહમાં છે." ચંદ્રરાવે કહ્યું.

" બહુ સારૂં. આજે રાત્રે વિશ્વગૃહમાં કોઇ બીજું ન આવી ચઢે તો સારૂં. બીજા કલાક એમાં તો રાવ પુરેપુરો ફસાશે ને પેલા પુતળા આગળ પડશે. રાવનું નામનિશાન પણ નહિ રહે."

" ત્યારેજ બીજાઓને ભાન આવશે ને ભૂલી જશે."

" રાવને તો તમે બરાબર પિછાનતા નથી, બાકી તમે આમ ન બોલત. એણે મકાનના તમામ ખુણાની તપાસ

કરી છે, પણ ત્યાં કાંઇ ખાસ શોધવા જેવું નથી કે નવીન નથી; એટલે નિષ્ફળ ગયો. એ ફસાયો નથી; જો એ જીવતો આવે તોપણ કાંઇ કેડો છોડે એમ નહિ. તેથીજ હું આટલો ખંતીલો હતો—"

તેઓ આગળ ગયા કે અવાજ સંભળાતો બંધ થયો. કુમારને ખાત્રી થઇ કે રાવ મરણના ભયમાં છે. વિશ્વગૃહમાં કાંઇ હમણાં નવીન નથી. લગભગ તે વિશ્વગૃહ લગી દોડતો આવી ચઢયો હતો, દરવાજા ખુલ્લા હતા, પૂલ પણ પડેલો હતો એટલે કુમારને ખાત્રી થઇ કે વિશ્વગૃહમાં કોઇ જીવંત મનુષ્ય નથી. તે દરવાજામાં પેઠો કે તરતજ રાવ જમીન પર હાથ પગ પછાડતો છોડવાઓથી વીંટાએલો પડેલો એની દૃષ્ટિએ પડયો. રાવના હાથ પગમાં જોર લાગતું ન હતું. તેનું લોહી ચુસાતું લાગતું હતું, ગળા ને કપાળ આગળ લોહી તસતસી રહ્યું હતું, છાતી દબાઇ જતી હતી, છોડવાઓ ધીમે ધીમે શાખાઓ પ્રસારતા હતા. રાવને ગળેથી, પગથી, છાતીથી, હાથથી, નાગની માફક છોડવાઓ ચુડ ભેરવતા હતા; જેમ જેમ વખત પસાર થતો ગયો તેમ શાખાઓએ પોતાનું કામ ક્રૂરતાથી કરવા માંડયું. રાવની આંખો ખુલ્લી હતી, દયાથી તે કુમાર તરફ જોઇ રહ્યો હતો પણ કાંઇ બોલાતું ન હતું. સામેની મૂર્તિ જોઇ કુમાર ચોંકયો.

"અહા! તે મૂર્તિ! ચંદ્રસંગ્રહસ્થાનની."

એના અવાજથી જાણે છોડવાઓ અને શાખાઓ પાછી ખસવા માંડી; કુમારે કાંઇ પણ દરકાર કર્યા વિના ગજવામાંથી ચપ્પુ કાઢી બાકી રહેલી શાખાઓ કાપવા માંડી. તેણે જોયું કે એમાંથી ભૂરો લોહી જેવો પદાર્થ બહાર નીકળતો હતો. તેણે ક્રૂરતાથી ડાળીઓ કાપવા માંડી; પોતાને બાંધવા આવતી ડાળીઓને અટકાવવા માટે તે આમથી તેમ દોડતો કાપતો જતો હતો. ધીમે ધીમે છોડવો કરમાઇ ગયો, રાવ અચેતજ હતો, તેનો ચહેરો સુજી ગએલો ને ભૂરાશ પર હતો, નસો ખુલ્લી બહાર દેખાતી હતી, પણ હવે છુટથી શ્વાસ લેતો હતો.

કુમારે એના મોઢામાં પાણી રેડયું, ધીમે ધીમે રાવને ચેતન આવ્યું. લગભગ બે કલાકે કુમારની સારવારથી રાવ બરાબર જાગૃત થયો, ને છોડવાઓની અસર જતી રહી.

"કુમાર! તું વખતસર આવ્યો છે." રાવે ધીરેથી કહ્યું, "તું અહીં કેવી રીતે?"

"કીનારે ફરતાં મેં ચંદ્રરાવ અને કોઇ બીજા મનુષ્યને વાત કરતાં સાંભળ્યા. તેથી મને ભય લાગ્યો ને આપની તપાસ માટે અહીં આવ્યો."

"શું આપણે અહીં એકલા છીએ!" રાવે ધીમેથી કહ્યું.

"હા! મને એવું લાગે છે ખરૂં. દરવાજા ખુલ્લા હતા ને પૂલ પણ પડેલો હતો. કોઇ ઘરમાં હોત તો સઘળું બંધ હોત."

"બરાબર છે. મને પણ એમ લાગે છે. બદમાશો મકાન ખાલી કરી ગયા છે. સઘળું મુદ્દાનું લઇ ગયા છે, કાંઇ રાખ્યું નથી. તેં રાજચંદ્રને જોયો?"

"ના"

"ત્યારે એ હજી બદમાશોના પંજામાં હશે. રમેશચંદ્રને મેં જીવતો જોયો હતો."

"રમેશચંદ્ર!"

"હા, બદમાશો ઝેર ઉતારી પણ શકે છે." એટલામાં રાવની દૃષ્ટિ ઝાડ પાસેની મૂર્તિ પર પડી. "હજી મૂર્તિ અહીં છે."

"હા, અહીંજ છે."

"ત્યારે મનુષ્ય હોય તો ચાર પાંચ કલાક આમ બેસી ન રહે. માટે જોઇએ કે શું છે?"

બંને મૂર્તિ તરફ ગયા. રાવે એક સોટી જોરથી મૂર્તિના માથા પર મારી. રાવના હાથ પર ઝમકારો થયો. પણ મૂર્તિ હાલી નહિ. માથુ પત્થરનું લાગ્યું.

"આમાં ઝેર છે કાંઇ સમજાતું નથી કે આ પ્રતિમા પાષાણની છે કે કોઇ જીવંત મનુષ્ય છે. રાવે પેટ પર સોટી

મારી પણ ત્યાંએ એવુંજ થયું. "પત્થર કે માટીની મૂર્તિ છે, તો મૂર્તિ ખસે કેવી રીતે! મને તો લાગે છે કે બદમાશ પોતાને બદલે મૂર્તિ મુકીને ચાલ્યો ગયો છે. એ પણ માનવા જેવું લાગતું નથી. આંખના ડોળા પણ મેં તે વખતે જોયા એવાજ છે. કાંઇ સમજ પડતી નથી. છતાં મૂર્તિ ખસતી જોઇ છે."

"શક પડતી વાત છે. હમણાં તો પાષાણ પ્રતિમા લાગે છે. ચાલો હવે આપણે ચાલ્યા જઇએ, નહિ તો પાછા ફસાઇ જઇશું."

બંનેએ ચાલવા માંડયું.

"પોલીસને ચંદ્રરાવ વગેરે બદમાશો માટે ખબર આપી દેવી જોઇએ."

"શા માટે!"

"સમજતો નથી. હું ધારૂં છું કે નલિનીકાન્ત, ચંદ્રરાવ ને હરિશર્માની જોડે અહીં આવેલો હોવો જોઇએ. અત્યારે કોઇ ગાડી નથી, માટે મોટરમાં કલકત્તા જશે, માટે જો આપણે વેળાસર ગામમાં જઇને ટેલીફોન કરશું તો એ લોકો પકડાઇ જશે."

ઝપાટાબંધ બંનેએ રસ્તો કાપવા માંડયો. ધુમ્મસ અદૃશ્ય થઇ ગયો હતો એટલે સહેલાઇથી વિશ્રાંતિગૃહમાં પહોંચી ગયા. ત્યાંથી ટેલીફોન કર્યો, ને બપોરે કલકત્તા પહોંચી ગયા.

પ્રકરણ ૭ મું.

રાવ ને કુમાર કલાઇવ સ્ટ્રીટમાંથી પસાર થતા હતા ત્યારે રસ્તામાં તેમને સરકારી ઇન્સ્પેકટર બીગામ મળ્યો.

" મી. રાવ ! બદમાશો પકડાયા નથી."

" ઠીક ! પરંતુ સાંભળવા પ્રમાણે આ લત્તામાંના વસંત ગૃહ જેવા આલીશાન મકાન પર કાલે રાત્રે ત્રણ બોમ્બ પડયા હતા તેની તપાસમાં અત્યારે છુ."

" હા ! વાત ખરી છે. હું પણ એટલા માટેજ આવ્યો છું. વસંત ગૃહની માલેકા એક સરલા કરીને બાઇ છે."

" એ બાઇ ઘણી સારી છે. બાઇ કુંવારિકા છે ને ઘણી શ્રીમંત છે. તેને ફસાવવા માટે બદમાશોની ઇચ્છા લાગે છે. અગર તો બદમાશોના મળતીઆની ભૂલ હોય. એક બોમ્બ જોડેના મકાનને સહજ લાગ્યો હોય એમ દેખાય છે સરલાના ઘરને વધુ નુકસાન થયું છે. સરલા નિર્દોષ છે એ હું ખાત્રીથી કહું છું. મારે ને એને લાંબા વખતનું પીછાન છે. માટે જોડેના મકાનમાં તપાસ કરવી જોઇએ. ત્યાં રાધાદેવી કરીને એક શ્રીમંત વિધવા રહે છે. આખા કલકત્તામાં આ સ્ત્રી બુરે નામે પ્રખ્યાત છે. એના મકાનમાં મેં ઘણી વખત બદમાશોને જોયા હતા." રાવે બીગામને એક બાજુ પર લઇ જઇ કહ્યું.

ઇન્સ્પેકટર બીગામ ને રાવને ઘણા વખતનું પીછાન હતું; ને સારો સંબંધ હતો.

" મી. રાવ તમે કાંઇ સરલાના બહુ વખાણ કરો છો ને ! કાંઇ ફસાયા લાગો છો !" બીગામે ટોલમાં કહ્યું.

" ખરી વાત ! કાંઇક ખરૂં !" રાવે હસતાં હસતાં કહ્યું.

"મી. રાવ ! ત્યારે તો તમને પણુ પકડવા પડશે. બાઇ બદમાશમાં ભળેલી છે." બીગામે મશ્કરીમાં કહ્યું.

"લો પકડો. પરંતુ કોઇના પર આરોપ ન મૂકો." સરલાને બદમાશ કહેવાથી રાવને ખોટું લાગ્યું.

"તમને ખોટું લાગ્યું ખરૂં ને ! તમે પ્રેમમાં પડયા લાગો છો. મને એ અલબેલી બતાવશો કે ?"

"હા ! મી. બીગામ ત્યારે કહેશો કે તમે ઉષાના ખૂન બાબત શા પગલાં ભર્યાં છે ?"

"અમને રાયબહાદુર તરફથી ખબર મળી કે આપે તે કેસ હાથમાં લીધો છે એટલે અમે કાંઇ ખાસ તકલીફ લેતા નથી, કારણુ કે સરકારને આપના પર પૂર્ણ ભરોસો છે. અમને તો એટલીજ ખબર છે કે 'માનવમૂર્તિ'થી પ્રખ્યાત બદમાશ ટોળીએ ઉષાનુ ખુન કર્યું છે. કારણુ સમજાતુ નથી. 'માનવ-મૂર્તિ' ની તપાસ અમે કરવા માંડી છે, પણુ કાંઇ પત્તો લાગતો નથી."

"તમે ચુડીઓ પહેરીને તમારી કોટડીમાં નીચી મુડી ઘાલી બેસી રહો. એમ કાંઇ પત્તો લાગે કે ?"

"અમે કાંઇ વિલાયતથી મજુરી કરવા આવીએ છીએ ?" બીગામે હસતાં કહ્યું.

"ના, ના. મજા કરવા, પારકે પૈસે શ્રીમંત થવા ને રોફ મારવા."

"અરે વાહ ! મી. રાવ, તમે ખરૂં કહી દીધું. ઠીક, હવે તે વાત સમયે જોઇ લઇશું. હમણાં આ બાબતની તપાસ થવી જોઇએ."

બંને તે મકાન પાસે આવ્યા. રાધાદેવીના મકાનની બારી પર લખેલું હતું: "આ ફક્ત ચેતવણી છે. આવતી કાલે મધ્ય રાત્રે No. 9 F. R. B. P.ની પ્રથમ બારીથી G. C. નાખજો. નહિ તો P. P. તમારી ખબર લેશે."

બંનેએ તે વાંચ્યું.

"મી. બીગામ! તમારૂં હવે અહીં કામ નથી. તમે નિશ્ચિંતપણે પગાર ખાઓ અને ખુરસીઓ તોડો! આમાં તમને સમજ નહિ પડે. માનવમૂર્તિના કાવાદાવાઓમાં જે ભમ્યો હોય તેજ જાણી શકશે." રાવે ધીમેથી સમજાવતાં કહ્યું.

"શું મી. રાવ! અમને કાંઇ ભોટ સમજ્યા કે!"

"ના રે ના, બુદ્ધિના સાગર! પણ આ કેસ પહેલેથી મારા હાથમાં છે, એટલે તમે દખલ ન કરશો. જ્યારે મને તમારા માણુસોની મદદની જરૂર જણાશે ત્યારે માગીશ."

બીગામને આ વ્યાજબી લાગ્યું. "સાહેબજી, મી. રાવ! ગુડ આફ્ટરનૂન."

"ગુડ આફ્ટરનૂન, સર."

બીગામના ગયા પછી રાવે કુમારને કહ્યું, "હવે આનો અર્થ શોધવો જોઇએ."

કુમારે કહ્યું, "એમાં શું! જુઓ, G. C. એટલે (Green Clock) લીલી ઘડીઆળ અને N. 9 F.R. B. P. એ એક મહોલ્લાનુ નામ હોવું જોઇએ. P. P. એ કાંઇ સમજાતું નથી."

"બરાબર છે, પરંતુ ઘડીઆળ હમણાં આજ મકાનમાં હોવી જોઇએ. નલિનીકાન્ત રોજ અહીં આવતો હશે અથવા તો અહીંજ પડયો પાથર્યો રહેતો હશે, રાધાદેવી લગભગ વેશ્યાજ સમજી લેવી; માટે આપણે રાધાદેવી પાસે તપાસ કરીએ." રાવે વિચારીને કહ્યું ને બંને એ ઘરમાં ગયા

શ્રીમતી રાધાદેવી કાલીગઢના શ્રીમાન શેઠ અનંતસાગરની એકની એક પુત્રી હતી. રાધાદેવીનાં લગ્ન બાળપણુમાંજ થયાં હતાં, તેનો પતિ વીસ વર્ષની અકાળ વયે સ્વર્ગવાસ પામ્યો તે વખતે રાધાદેવીની ઉમ્મર પંદર વર્ષની હતી. રાધાદેવી એકની એક હોવાથી લાડમાં ઉછરી હતી. તેના પિતા તેના કામમાં આડે આવતા નહિ. પતિ પાસે રાધાદેવી લગ-

ભગ છ માસ રહી હશે. પતિના મરણ પછી રાધાદેવીને સાસુ નણંદ સાથે ફાવ્યું નહિ એટલે પોતાના પિતાને ત્યાં આવતી રહી.

સાધારણ નિયમ છે કે જેણે કોઇ વસ્તુ ભોગવી હોય અને પોતાની ઇચ્છા અતૃપ્ત રહી હોય તો તે માણસ તે વસ્તુ ગમે તે માર્ગે મેળવવા પ્રયત્ન કરે છે. પિતાની સેહને લીધે રાધાદેવીથી ઘરમાં કાંઇ થતું નહિ. છ મહિના ભોગ ભોગવ્યા પછી રાધાદેવીની ઇચ્છા બળવાન થતી ગઇ, પતિનો વિરહ તે જીરવી શકી નહિ, હિન્દુ જાતિની રૂઢીઓ પર એને તિરસ્કાર આવી ગયો. "કામાતુરાણાં ન ભયં ન લજ્જા" પિતાની આજ્ઞા લઇ ડલહાઉસી રોડ પર એક મકાન ભાડે લીધું, તેના પર એક પાટીઉં માર્યું:

મીસ રમાબાઇ રાધાપ્રેસાદ,
લીગલ એડવાઇઝર,

ફી રૂ. ૫૦)

આ પાટીઆની અસર એ થઇ કે રસ્તે જતા આવતા શ્રીમંત શોખીનો બ્હાનું કાઢી ઉપર જતા. "સ્ત્રી કેવી છે ? શું છે ? આપણા હાથમાં આવશે કે નહિ ?" એમ ધારી ઘણા ઉપર ચઢી જતા. ગરીબ વર્ગ પાટીઆ પરની ફી જોઇનેજ ઉપર ચઢતો નહિ. ઘણોખરો શ્રીમંત વર્ગ આવતો. બહાર દાસી રાખી હતી. તેને એવો હુકમ હતો કે કોઇ રંગીલો, હૃષ્ટપુષ્ટ આવે તેને પેસવા દેવો, બીજાને 'ઘરમાં નથી' કહી રજા આપવી; અને એકી વખતે બે માણસને દાખલ કરવા નહિ. રૂ ૫૦) ફી પહેલેથીજ દાસીએ લઇ લેવી. આથી થોડાજ માણસો ઉપર જતા, ને એક વાર આવી ગયો હોય તે બીજે દિવસે પાછો આવે નહિ, એવી ગોઠવણ કરી. રોજ લગભગ ચાર પાંચ શોખીનો આવતા; કદાચ રાધાદેવીની કૃપા થઇ હોય તો બીજે દિવસે તેને આવવાની રજા મળતી. રંગીલો હૃષ્ટપુષ્ટ જો બીજે દિવસે આવે તો તેને બધા કર માફ રાખ્યા હતા. આથી જતે દિવસે રાધાદેવીના કૃપાપાત્રોની

સંખ્યા વધતી ગઇ, કોઇ વાર રાધાદેવી પોતાના ખાસ ચાર પાંચ કૃપાપાત્રોને બોલાવી નૃત્ય પણ કરતી, કોઇ વાર રાસ લીલા પણ થતી, રાધાકૃષ્ણના ખેલોનો તો સુમારજ ન હતો. આ શ્રીમંત શોખીનોમાં નલિનીકાન્ત પણ હતા તેમની હૃષ્ટપુષ્ટતા, શ્રીમંતાઇ અને બહારથી હસમુખો સ્વભાવ રાધાદેવીને પ્રિય થઇ પડતો, એટલે તેમને રોજ આવવાની પરવાનગી મળી ગઇ. પરંતુ નલિનીકાન્તે રાધાદેવી પાસેથી વચન લીધું કે, "રોજ બે માણસથી વધારેને પેસવા દેવા નહિ અને બને તો કોઇનેજ આવવા દેવો નહિ. જો એમ નહિ કરે તો તું વેશ્યા તરીકે પ્રખ્યાત થઇ જશે, એટલે તારી આબરૂ કોડીની થઇ જશે; પછી હું આવી શકીશ નહિ." કોઇ વાર નમ્રતાથી તો કોઇ વાર ધમકીથી રાધાદેવીને ઠેકાણે આણવા ને પોતાની કરી લેવા નલિની પ્રયત્ન કર્યાંજ કરતો. પરંતુ પોતા પર કુરબાન થઇ ગએલા શેઠીયાઓને રાધાદેવી છોડી શક્તી નહિ. એનો ચસ્કો છુટતોજ નહિ. તેમ નલિનીકાન્તને પણ એ છોડવા ખુશી ન હતી. એટલે ઘણા ખરા નલિનીકાન્તની ગેરહાજરીમાંજ આવી જતા. પરંતુ પહેલાથી કાંઇ ઓછા થતા હતા એટલે નલિનીકાન્ત બોલતો નહિ. અને એ પણ સમજતો કે જો વધારે કાંઇ કરવા જઇશું તો તદ્દન ગુમાવી બેસશું. અને તે એના પર મુગ્ધ થઇ ગયો હતો. આ રીતે એની વકીલાત બીન હરકતે ચાલતી હતી. કેસની આવકથીજ રાધાદેવીનો ખર્ચ ચાલી રહેતો. આમ બે વર્ષ વહી ગયાં. રાધાદેવીના પિતા કને વાત પહોંચી શકતી નહિ. કદાચ કોઇ એવી વાત કરે તો એના પિતા કહેતા, "મારી પુત્રી પ્રખ્યાત થાય એમાં તમને અદેખાઇ આવતી હશે. પુરૂષો અદેખાજ હોય છે. જુવો યુરોપમાં સ્ત્રીઓ કેવાં કામ કરી રહી છે." એટલે સામા માણસો વધુ એને કહેતા પણ નહિ. પોતાના ડલહાઉસી રોડના મકાનમાં રાધાદેવીએ કાયદાની ચોપડીઓના કબાટો ભર્યાં હતાં. પિતા આવે ત્યારે બે ચાર સખીઓને લાવી બેસાડે અને તેમની જોડે વાતો કર્યાં કરે. પોતાને પિતાને કહેઃ "મેં પુરૂષોને આવવાની

બંધી કરી છે. તેઓ પોતાની પત્ની મારફતેજ સલાહ પુછાવે છે.”

આથી અનંતસાગર સંતોષ પામતા. પતિના મરણુ પછી બે વર્ષે એના પિતા પણુ અનંત સાગરમાં ડુબી ગયા. આથી રાધાદેવીનો રસ્તો મોકળો થયો. ડલહાઉસી રોડની ઓફીસ કાઢી નાંખી ને વકીલાતનું પાટીયું મારી પોતાના ઘરમાંજ રહી. જડજ બેરિસ્ટરો પણુ એના ગ્રાહકો હતા એટલે પાટીઆ બાબત કોઇ વાંધો લેતું નહિ, ને પોતે વકીલાતનું કામ કરે છે, અને એ વાત ખરી છે તે લોકોની દૃષ્ટિમાં લાવવા, તે પોતા બાબત વહેમ કાઢી નંખાવવા જડજની કૃપાથી રાધાદેવી કોઇવાર કોર્ટમાં પણુ હાજર રહેતી. કોઇ નવો જડજ આવે તો તેને પોતાને ત્યાં નિમંત્રણુ કરતી ને સમય આવે ભોળવી લેતી. સૌંદર્યમાં કોણુ મુગ્ધ થતું નથી ! ત્યાં આ બિચારા જડજોના શા હિસાબ ? ઇન્ડીઅન પીનલકોડની ૪૯૬, ૪૯૭, ને ૪૯૮ મી કલમો પ્રમાણે ન્યાયાધીશો (જડજો) ત્યાં આવતા. કાયદો પાળવો એ કાંઇ અઘરૂં નથી. નેતરની સોટી સીધી પણુ કામમાં આવે ને વાંકી પણુ કામમાં આવે. પણુ આખરે કહેવાય નેતરની સોટી. વાંકી વાળેલી નેતરની સોટી વચ્ચેથી મારે તો વાગે નહિ. પછી બાજુના બે છેડા ભલે સીધા રાખ્યા હોય. એટલે સાત વર્ષની સજા ભુલી જઇ બે ઘડીની મઝા ભોગવવા તે માન્યવરો ત્યાં આવતા.

રાધાદેવી સ્વતંત્ર થયા પછી તેનાજ ખાસ આગ્રહથી નલિનીકાન્ત ઘણેભાગે ત્યાંજ રહેતો ને જમતો. અને પોતાના હરીફોને ફસાવવા એને રાધાદેવી જેવું સાધન સારૂં હતું. પોતાના કાવાદાવામાંથી થોડું ખપ જેટલું રાધાદેવીને કહ્યું હતું. નલિનીકાન્તમાં મોહ પામેલી ને પોતાને હોંશિયાર સમજતી, જગત્ ઝખ મારે છે એમ સમજી રાધાદેવી નલિનીકાન્તના કહ્યા પ્રમાણે કરતી. સામાને દારૂ પાઇને મસ્ત કરી વાતો કઢાવતી અને સામો જો હોંશિયાર નીકળે તો રાધાદેવીની આંખોમાં ધૂળ નાંખી તેને પટાવી તેની જોડે રંગ રમી ગચ્છ તી

કરી જતો. પોતે મૂર્ખ જણાય એ ભયે રાધાદેવી આ વાતો નલિનીકાન્તને કરતી નહિ; ફક્ત પોતાની હોંશિયારીનીજ વાતો કરતી.

આટલું ઓળખાણ બસ છે. રાવના શરીરે ને કુમારના સૌંદર્યે અંદર જવાની રજા મેળવી. રાધાદેવીએ પહેલાં રાવને એકલાનેજ આવવા કહ્યું, પણ રાવના કહેવાથી બંને સાથેજ દાખલ થયા. 'પધારો' 'પધારો' ના પોકારથી રાધાદેવીએ ઉભયને વધાવી લીધા ને પૂછ્યું.

"ઓહો ! શેઠજી ! તમે કાયદો પૂછવા આવ્યા લાગો છો ! જો એક જણ જરી બ્હાર બેસો તો એકને સલાહ આપી બીજાને બોલાવીશ." રાધાદેવીએ અભિનય કરતાં કહ્યું.

"એમ નહિ. એકને આપેલી સલાહ બીજો જાણે એ સારૂં નહિ તમે જાણતા તો હશો કે—

"Four can keep secret if three of them were dead."

રાધાદેવીએ પોતાની કળા પ્રકાશવા માંડતાં કહ્યું.

"નહિ ! નહિ ! અમારે એકજ કામ છે. અને બધા કામમાં અમે જોડેજ હોઇએ છીએ એટલે બંને અહીંજ રહીશું." રાવે તેવોજ જવાબ આપ્યો.

"નહિજી ! એ મારો કાયદો નથી. પણ કાંઇ હરકત નહિ. ઠીક ! બોલો શું સલાહ પુછવી છે." રાવના શરીર તરફ મીઠી દૃષ્ટિ નાંખી એક કટાક્ષ મારી રાધાદેવીએ પૂછ્યું.

રાવને કાંઇ બીજો વિચાર સુજી આવ્યો. કુમારને ધીમેથી જવા કહ્યું. કુમાર જઇને બહારના દીવાનખામાં બેઠો. રાધાદેવી તરતજ બોલી ઉઠી.

"શેઠજી હવે તમને હું બરાબર સલાહ આપી શકીશ. બોલો શું છે ?" રાધાદેવીએ રાવની સામેજ ખુરસી નાંખી પૂછ્યું.

"જુવો. મારી સ્ત્રી આજ ત્રણ માસ થયાં નાસી ગઇ છે. તેનો મારે કબજો મેળવવો છે." રાવે ધીમેથી વાત ઉપાડતાં કહ્યું.

"ઓહ! એજ કે! કાંચનનો લોભ થયો હશે. બાકી બીજો લોભ થાય એમ નથી.' નફ્ફટ રાધાદેવીએ એક કટાક્ષ મારી રાવના શરીર પર નજર નાંખી કહ્યું.

"હું ઘણો શ્રીમંત છું. પરંતુ 'બાઇને કોઇ લે નહિ ને ભાઇને કોઇ દે નહિ' એવું હતું એટલે અમે પરણ્યા. હજી તો તે પણ નવવધુ હતાં એટલામાં કોઇ સામો સાળો થઇને આવ્યો ને મેં વહુઘેલાએ જવાની રજા આપી." રાવે કૃત્રિમ નિસાસો નાખી કહ્યું.

"ત્યારે તમેએ કોઇ નામીચા હશો." રાધાદેવીએ રાવને કેઇ રંડીબાજ ધારીને રાવની લગોલગ આવી કહ્યું.

"ત્યારે શામાટે એવીની પાછળ પડો છો? ગઇ તો જવા દો. બજારની બરફી ખાવાની ટેવ પડી ગઇ હોય તેને ઘરના દાલ ભાત ન ભાવે, જવા દો 'ભલું થયું ભાંગી જંજાળ સુખે ભજશું શ્રીગોપાલ." રાધાદેવીએ બીભત્સને ભક્તિરસના સાથેજ દર્શન કરાવતાં શૃંગારને આગળ લાવી કહ્યું.

"મારી આબરૂ ન જાય. હું ગમે એવો પણ એનો પતિ છું." રાવે ગુસ્સામાં કહ્યું.

"જરી ધીરા! ધીરા!" રાધાદેવીએ (રાવનો હાથ પકડતાં) એક પગથીયું આગળ વધી કહ્યું.

વેશ્યા જેવી સ્ત્રીને અડકતાં રાવ કંપ્યો. નાટક વધુ આગળ ન વધવા દેવાની ઇચ્છાથી ધીમે રહીને રાવે ગજવામાંથી કલોરોફોર્મવાળો રૂમાલ કાઢી હાથમાં લીધો ને હસતાં હસતાં કહ્યું, "ઠીક! ત્યારે જુઓ એક ખાનગી વાત કહું." રાવે રાસનો દેખાવ ગોઠવતાં રાધાદેવીના નાક પાસે રૂમાલ ધર્યો. રાધાદેવી "દગો" કહી બેભાન થઇ ગઇ. કુમાર તરતજ અંદર આવ્યો.

કબાટ, ટેબલો, પેટીઓ વગેરે સઘળું ખોળી વળ્યા, પણ કાંઇ માલમ ન પડયું. ભોંયરૂં છે કે નહિ એ તપાસવા રાવે જમીન પર જોરથી ચાલવા માંડયું. ઓરડાને એક ખુણે પોલો અવાજ થયો. રાવે ગલીચો ઉઠાવી જોયું તો નીચે

ભોંયરૂં હતું. ભોંયરૂં ખોદ્યું ને રાવે અંદર હાથ ઘાલ્યો. હાથ ઘાલતાંની સાથે રાવના હાથમાં એક ભારે ચોરસ નાનું બંડલ આવ્યું. ઉપરનો કાગળ કાઢતાં માલમ પડ્યું કે તે લીલા કાચની ઘડીઆળ હતી. પણ બહુ ભારે હતી.

"ઘડીઆળ આટલી ભારે હોય નહિ." રાવે હાથમાં વજન જોતાં કહ્યું ઘડીઆળને બહાર ચંદો ને કાંટા ખુલ્લા દેખાતા હતા. ઘડીઆળ ખોલતાં માલમ પડ્યું કે અંદર એક મોટી ઇંટ હતી.

"જોયો બદમાશ!" રાવે ઘડીઆળ પાછી અંદર મુકતાં કહ્યું. અંદર વધુ હાથ ઘાલતાં રાવના હાથમાં બીજું એક એટલુંજ પડીકું આવ્યું, પણ તે હલકું હતું. રાવે તે ખોદ્યું ને કહ્યું, "પેલા જેવીજ છે, પણ આમાં શું છે તે કાંઇ સમજાય એવું નથી. લાગે છે કે આમાં કાંઇ એમની નિશાનીઓ હોવી જોઇએ." રાવે ઘડીઆળને ચારે બાજુ ફેરવતાં કહ્યું.

"કાન્તિકુમાર! હવે આપણે અહીંથી જવું જોઇએ. તું અહીંથી 'ટીપુને' લઇને રાયબહાદુરને ત્યાં જઇને ઉપાને કયાં સંતાડી છે તે તપાસ કર. શાન્તા કેવું પાત્ર છે તે બરાબર તપાસ કરજે. તું કહે છે છતાં મને વહેમ છે. એના પર દેખરેખ રાખી તપાસ કરજે; સુરેશ ને શાંતાને ભેગાં કરી પેલો વહેમ દૂર કરજે. ત્યાં કામ પુરૂં થયે મને જોડે 'સરલાદેવી'ના મકાન પર મળજે. તને વધુ કહેવું પડે એમ નથી. તું જા, હું આ કંચનીને ખબર આપી નાસી છુટું છું." રાવે કુમારને સલાહ આપતાં કહ્યું.

કુમારના ગયા બાદ રાવે ગજવામાંથી એક બીજી શીશી કાઢી રાધાદેવીના નાકે ધરી, રાધાદેવી સાવધ થઇ ને રાવ તરફ જોઇ ગુસ્સાથી બોલી, "તમે મારી આબરૂ લૂંટી છે, તમારા પર હું દાવો માંડીશ."

"કાંઇ નવાઇ નથી, કારણ કે આપ કાયદાનાં માહિતગાર છો. સરકારના રાજ્યમાં સ્ત્રીઓ કોઇના પર જુલમ કરતી

નથી; પુરૂષોજ બદમાશ હોય છે. જુઓ:" ગજવામાંથી લીલી ઘડીઆળ કાઢી બતાવતાં કહ્યું, "તમારા પરમ પ્રેમી નલિનીકાન્તને કહેજો કે કૃષ્ણરાવ ડિટેકટીવ ઘડીઆળ લઇ ગયો છે, અને પોલિસમાં સોંપી દીધી છે." રાવે જતાં જતાં કહ્યું.

ઝપાટાબંધ રાવ દાદર ઉતરી પસાર થઇ ગયો. રાધાદેવી દિંગ્મૂઢ બની ગઇ અને બૂમ પાડતી બારણા લગી ગઇ, પણ નિરાશ થઇ પાછી ફરી.

પ્રકરણ ૮ મું.

કુમાર ત્યાંથી નીકળી હેસ્ટીંગ્સ રોડ પરના પોતાના મકાન પર આવ્યો. કુમારને ફક્ત એક ઘરડી મા જ હયાત હતી. માને મળી ધીરજ આપી પોતાના કુતરા ટીપુને લઇ કુમાર ઘર બહાર નીકળી પડી રાયસાહેબના ઘર પાછળ આવ્યો. તે આ વખતે બદમાશોની તપાસ કરવા અને ઉષાનો ખૂની જોવા માટે અથવા ઉષાને ક્યાં સંતાડી છે તે જોવું હતું. તેથી કોઇને ખબર કરવાની આવશ્યક્તા જોઇ નહિ. ધીમેથી ઉષાની મેડીના બગીચામાં પડતા દાદર આગળ આવ્યો. દાદરના પગથીઆ પરના લોહીના પગલાં કુતરાને સુંઘાડયાં ને પોતાને ત્યાં જવું છે એમ કાન્તિકુમારે તેને સમજાવ્યું.

રાયસાહેબના ભવ્ય મકાન તરફ એક દૃષ્ટિ નાંખી કાન્તિકુમારે કુતરાની પાછળ પાછળ ચાલવા માંડયું. પાછળ પડતા ઝરૂખા આગળ થઇ કુતરો ત્યાંથી અર્ધા માઇલ પર આવેલા જંગલ તરફ આવ્યો. ત્યાં આગળ ટીપુ ગુંચવાયો. એક ઉંચા લીમડાના ઝાડ આગળ આંટા મારવા માંડયા. કુમારે ગજવામાંથી લોહીમાં રગદોળેલો રૂમાલ કાઢી સુંઘાડયો. ટીપુએ અટકી જઇ તે સુંઘ્યો. બે ઘડી આમ તેમ ચક્કરમાં ફરી પાછો જંગલને રસ્તે ચાલવા માંડયો. ઝાડ આગળથી ટીપુએ જમીન સુંઘતાં સુઘતાં સીધુ પણ આડા ચાલવા માંડયું. “બદમાશોએ રસ્તો ભૂલવવાના પ્રયત્ન કર્યા લાગે છે. રસ્તો બહુ લાંબો લીધો છે.” પાંચ છ વાર આડા ને સીધા ફર્યા પછી ટીપુએ ત્રાંસુ ચાલવા માંડયું પણ હવે તે ઝપાટાબંધ ચાલતો હતો જંગલમાં પગલાં સ્પષ્ટ દેખાતાં હતાં. આસરે ત્રણેક માઇલ ચાલ્યા પછી કાન્તિકુમાર એક મોટા ખંડીએર આગળ આવ્યો. ત્યાં આગળ ટીપુ જરા થંભ્યો. કુમારે બારિકીથી ખંડીએરો તરફ જોવા માંડયું. ખંડીએરની ઉત્તરે

એક ખુણા પર મોટા ઓરડા જેવું કાંઇ હતું. કુમારે ત્યાં જઇને જોયું તો તે ચંદ્ર સંગ્રહસ્થાન હતું. તે સંગ્રહસ્થાનની બારી આગળ ગયો પણ તે બંધ હતી. તેણે પણ અનુમાન કર્યું કે આ બધો કોઇ જુના જમાનાના મહેલનો ભાગ હોવો જોઇએ. તેમાંનો ચંદ્રમહેલવાળો ભાગ કોઇએ સમરાવેલો હશે. કુમારે દરેક છો ને પત્થરના ઢગલઓ બારીકીથી તપાસવા માંડયા. જોતાં તેને માલમ પડયું કે એક ઢગલાની પાછળ એક ન્હાનું બારણું હતું. તેને થયો કે "લાવ ! હું આ ઢગલાની માટી ને છો બારણામાં નંખાવી દઉં.' પરંતુ બીજીજ પળે તે અચકાયો. "અંદર કોઇ મનુષ્ય જીવ રહેતો હોય તો મારે નામે નાહકનું મનુષ્ય હત્યાનું પાપ બેસે. અંદર ફાવે એ હોય."

એટલામાં ટીપુ જોરથી જમીન સુંઘતો સુંઘતો તે બારણા આગળ આવી ચઢયો, ને ઉમરા આગળ, આગળ વધવા ફાંફાં મારવા લાગ્યો. કુમારે કુતરાને થાબડી શાંત રાખ્યો. તેણે બારણાંની ફાટમાંથી અંદર જોયું તો એક વીજળીનો દીવો બળતો હતો, દીવાની આસપાસ છ–સાત માણસો ટોળું વળીને પાના પર જુગાર રમતા હોય એમ માલમ પડયું. કુમાર જોઇ શકયો કે તેજ શાન્તા જેવી નવયૌવના તે જુગારીઓની પાછળ હસતી હસતી ઉભી હતી. તે એક સ્થિર દૃષ્ટિ માંડી તે નવયૌવનાને જોવા લાગ્યો; આ વખતે પણ તેણે એનું એજ જોયું. એજ શાન્તાનું રૂપ ને લાવણ્ય, એજ શરીરનો બાંધો, ને ઉંચાઇ; હસતી વખતે તેની દંતપંક્તિ જોઇ રહ્યો, તે પણ એકજ, તેના કેશ પણ એજ. પરંતુ એ નિર્દોષ હાસ્ય, લજ્જામય નેત્રો, વિનીત ભાવ, સ્નેહમય દૃષ્ટિ, નિયમિત કેશ ને સ્રીલજ્જા ન હતી. કુમારે પા કલાક જોયા કર્યું પણ તે નિર્દોષ ભાવ ન માલમ પડયા, વધુ જોતાં આ સ્રી તરફ તેને તિરસ્કાર આવવા લાગ્યો, જ્યારે પેલી તરફ હૃદયના તોફાન વચ્ચે પણ સ્નેહ જોર કરી રહ્યો હતો.

બારણા આગળ ઉભા રહ્યાને લગભગ અર્ધો કલાક થયો

હશે; પરંતુ હજી કાંઇ અંદર જવાનો માર્ગ દેખાયો ન હતો. લગભગ સાડા છનો સુમાર થયો હતો, સુર્યનારાયણ અસ્તાચળ તરફ જવાની તૈયારી કરી રહ્યા હતા. બીજો માર્ગ શોધવા માટે તેણે ત્યાં ચક્કર મારવા વિચાર કર્યો. ટીપુને લઇ એ ઢગલા પાસે આવ્યો, ત્યાંથી નજર નાખતાં માલમ પડયું કે ઉપર ફક્ત જ્યાં ત્યાં પત્થર ને છોના નાના મોટા ઢગલા હતા. આછા પ્રકાશમાં એ બધે ફરી વળ્યો, પણ કાંઇ પત્તો ન લાગ્યો. થાકયો પાકયો કાન્તિકુમાર ત્યાંજ આગળ એક ચોકખી જગ્યા જોઇ બેસી ગયો, અને પોતે ખાધું ને કુતરાને ખવડાવ્યું. ત્યાર બાદ પાછો ખંડીએરમાં પેસવાનો રસ્તો શોધવા નિકળ્યો.

પાછો ઢગલા પાસે આવ્યો, ત્યાં એને વિચાર થયો કે જો હું બારણા પાસે જઇશ ને ત્યાં ઉભો રહીશ તો પાછો નહિ આવું-ચાહે તો બદમાશોના હાથમાં ફસાઇ જાઉં અગર તો જીવે જાઉં-એના કરતાં કયાંક સંતાઇ રહું તો ઠીક પડે. એમ વિચાર કરી પત્થર ને છોના ઢગલા પર સુઇ રહ્યો, પણ કાંઇ દૃષ્ટિએ ન આવ્યું, પરંતુ બારણાની ફાટમાંથી બહાર ઢગલાની અંદરની બાજુએ પ્રકાશ પડતો હતો. ત્યાર બાદ એકદમ પ્રકાશ બંધ થયો હોય એવું માલમ પડયું, અને અંધારામાં પાંચ માણસ અંદરથી નિકળી પડયા. કુમાર અંધારાનો લાભ લઇ કુતરા સાથે માણસોના સહજ ખસ્યા બાદ ધીરે રહી નીચે ઉતર્યો, ને બારણાનું સામું ઢગલાને અડોઅડ સુઇ ગયો. ત્યાં કોઇ બોલતું સંભળાયું, "આપણે અહીં લાવ્યા એ ઠીક કર્યું." એટલામાં અંદરથી બીજો એક આદમી નીકળ્યો. તે અંદર કોઇને કહેતો સંભળાયો "દીવો બંધ રાખજે. બારણા ખાલી બંધ રાખજે. હું અર્ધા કલાકમાં પાછો ફરૂં છું. ચાલો" પેલા લોકો આનીજ રાહ જોતા હતા. બધા ત્યાંથી ગયા. બારણા ખાલી બંધ કરી એક માણસ છેક અંદર જતો લાગ્યો. કુમાર છો પાસે કલાક આમ પડી રહ્યો. પછી એણે ધીમે રહીને બારણું ખોલ્યું. ત્યાં આગળ કોઇ

માલમ ન પડયું. ધીમે રહી બારણાને આગળા ચઢાવ્યા ને કુતરાને લઇ આગળ અંધારામાં વધવા માંડયું. કુમારની એવી ધારણા હતી કે ટોળામાં જે સાતેક માણસો હતા તેમાંના છ બહાર ગયા હશે તો અંદર બહુ તો બે કે ત્રણ માણસો હશે; બાકી હશે તો સ્ત્રીઓ હશે. નહિ તો પેલી નવયોવના એકલી કયાં રહે !

થોડે આગળ ગયા બાદ તેને અંધારામાં દૂરથી કાંઇ અવાજ આવતો સંભળાયો. કુમાર તે તરફ ગયો તો તેને માલમ પડયું કે તે અવાજ અંદરના છેક ખૂણાની ઓરડામાંથી આવતો હતો. કુમાર તે તરફ વળવા ગયો પરંતુ ત્યાં બે ત્રણ પગથીઆં ઉતરવાનાં હતાં. જો કુમારે સાવચેતીથી ભીંત ન ઝાલી લીધી હોત તો તેના પડવાનો અવાજ થાત ને અંધારામાં કોઇને હાથે કમોતે માર્યો જાત. ત્રણેક પગથીઆં ઉતરી સહજ વાંક વળવાનું હતું, ત્યાર બાદ તેને કંઇક સામા ઓરડાનો પ્રકાશ તે ભીંત પર પડતો હોય એમ લાગ્યું. કુમાર સુઇ ગયો ને પેટે ઘસડાવા લાગ્યો. ચાલાક કુતરાએ પણ પોતાના ધણીનું અનુકરણ કર્યું. બંને તે ઓરડાની નજદીક આવી ચઢયા. ત્યાં ફકત શાન્તા જેવી તે નવયૌવનાજ હતી. કુમારે પાંચ મિનિટ તે નવયોવના શું કરે છે તે જોવાનો વિચાર કર્યો ને ત્યાંજ થંભી ગયો.

ઓરડાની મધ્યમાં ઉભી રહી તે નવયૌવના પોતાની સામેના ટેબલ પરના અરિસામાં જોઇ રહી હતી. અત્યારે તે નિસ્તેજ દેખાતી હતી. જેમ જેમ અરિસામાં તે જોતી ગઇ તેમ તેમ તેની નિસ્તેજતા વધતી ગઇ, તે નિરાશ થતી દેખાઇ. તેની નિરાશામાં દિલગીરી સ્પષ્ટ હતી. નિસ્તેજતા ને દિલગીરીના મિશ્રણથી તે રડું રડું થઇ ગઇ. તેના મુખ પર દૃશ્યમાન થતી કપટતા અને અલજ્જા તેની દિલગીરીમાં ઢંકાઇ ગઇ. તેના મુખમાંથી ધીમા ધીમા ઉદ્દગાર નિકળવા લાગ્યાઃ— "અરે પ્રભુ ! શું મારે જીંદગીભર આમજ બદમાશો વચ્ચે રહેવું પડશે ? ના, ના ! હું જતી રહીશ ! પણ જવું કયાં !

મારે જવા માટે ફક્ત એકજ રસ્તો છે. ના! એવું હું ન કરૂં. મારા સ્વાર્થ માટે-એક તુચ્છ સ્વાર્થ-હું એક નિરપરાધી મનુષ્યનું ખૂન કરૂં? તે પણ—" તે યુવતીએ ચારે બાજુએ નજર ફેરવી ને પાછું બોલવા લાગી:-"તે પણ એક સંબંધીનું! એમાં શું? મેં શું નથી કર્યું? રાયબહાદુરની ઉષાનું ખૂન. એ નિર્દોષ પક્ષી હણાઇ ગયું, ઉષાનું નામ નિશાન પણ નથી રહ્યું!" કબાટમાંથી એક સુકાયલા લોહીવાળી સાડી કાઢી તે રડી પડી. રડતાં રડતાં ડુસ્કાં ખાતાં તે બોલવા લાગી:-"હાય, ઉષાનું ખૂન! આ એની આખર વખતની એના અંગ પરથી ઉતારી લીધેલી સાડી!" તે જમીન પર બેસી ગઇ ને સાડીમાં મ્હોં ઘાલી રડવા લાગી. કુમાર ઉષાનું ખૂન થયું સાંભળી આભો બની ગયો. "બદમાશોએ ઉષાનું ખૂન કર્યું." તે મનમાં બબડયો. પાછી તે નવયૌવના બોલવા લાગી, "અરરરર! નિર્દોષ ઉષાનું ખૂન! હાય! હાય! સુરેશનું શું થશે?" આટલું બોલતાં તેના મુખ પર શરમ ને તિરસ્કારની છાયા આવી. "ઉષા ગઇ પણ સુરેશને મૂકીને. સુરેશ હવે એકલવાયો રહેવાનો. શું એને એકલા રહેવુ ગમતું હશે? એમજ હશે. નહિ તો શામાટે એ મને પરણવાની ના કહે? મેં એ બિચારા પર જુલમ કર્યો. પણ હું લાચાર હતી. પણ મને શા માટે ના કહી. શું હું સુંદર નથી? મોહક નથી? હું લાલિત્યપૂર્ણ નથી?' ઉઠીને તેણે અરિસામાં જોયું ને નિરાશામાં બોલી, "સઘળું છે પણ વ્યર્થ છે. સરોવર છે પણ ખારૂં છે. ત્યારે શું મારે આમજ મરવું પડશે? મારૂં યૌવન શું એળે જશે!" તે વધુ નિરાશ થઇને બોલી. "હા! કારણ હું બદમાશોમાં રહેલી છું એટલે હું પણ બદમાશ છું—હોવીજ જોઇએ. કારણ સબળ છે. કોણ કહેશે કે હું નિર્દોષ છું! 'હું નિર્દોષ છું' એમ કોઇને કહું તો કોઇ કેમ માને? વરૂઓના ટોળામાં રહેલું હરણું અમાંસાહારિ ને દયાવાન હોય એમ માનવું અશકય છે. હરણા પર સૌ કોઇને દયા આવે, પરંતુ તે હરણાને પાળવા કોઇ તૈયાર ન થાય. અને વરૂઓ પણ એ હરણાને કેમ જવા દે? કારણ હરણું

તીક્ષ્ણ આંખ ને વેગવાળું છે. સુશોભિત છે. કસ્તુરી પણ આપે છે. હરણા પર વરૂઓ મોહિત છે પણ હરણું કોઇ પર મોહિત નથી. સઘળા વરૂઓમાં હરણું રાજાસમ શોભી રહે છે, પરંતુ હરણું રાજા નથી; કારણ કે પ્રકૃતિએ તેને ગરીબ બનાવવામાંજ મોટાઇ ગણી છે. ગરિબ બિચારૂં હરણું...” તે નવયૌવના રડી પડી.

કુમાર હજી ત્યાંનો ત્યાંજ હતો. “આ યુવતી કોણ છે તે હજી ચોક્કસ સમજાતું નથી. હમણાં તો તે શાન્તા માફકજ લાગે છે. બાગમાં રડતી શાન્તાને હમણાં રડતી નવયૌવના એકજ લાગે છે. પરંતુ આ બાળાનું બોલવું એમ સૂચવે છે કે તે બદમાશોમાંજ ઘણા વખતથી છે ને ત્યાંથી એનાથી નીકળી શકાય એમ નથી. તો શાન્તા રાયબહાદુરને ત્યાંજ મ્હોટી થયેલી છે.” પાછી તે નવયૌવના કાંઇ બોલવા લાગી, “હરણું ગરિબ છે પણ એની ચાલ ભયંકર છે. પણ ચાલીને હરણું કયાં જશે? હરિણો એ હરણાં-હરિણીથી ભય પામે છે કારણ તે વરૂઓમાં વસેલું છે. હમણાં તે હરિણ હરિણીને રાખે. તો હરિણી વરૂઓમાંથી કૂદીને જવા તયાર છે. હા સુરેશ.......”

“પાપીનિ! સુરેશનું નામ લેતાં શરમાતી નથી?” એકદમ ઓરડામાં પેસતાં કાન્તિકુમારે કહ્યું. તે નવયૌવના અચિંત્યા કોઇના ઓરડામાં આવવાથી બીધી, પણ તેની સ્વભાવિક હિંમત લાવી બોલી, “આપ કોણ છો? કયાંથી આવો છો? તમને જીવ વહાલો છે કે નહિ?”

“હું કોણ છું તે પછી જણાશે. પ્રાણની પરવા મૂકીને આવ્યો છું. કહીશ કે તારૂં નામ શું છે?”

આને જોતાં આ નવયૌવના સ્તબ્ધ બની ગઇ. તેણે પુરૂષોમાં આવું રૂપ ને હિંમત કદી જોયાં ન હતાં. આના આગળ સુરેશ તુચ્છ લાગ્યો. બે મિનીટ જોઇ રહી તેમ વધુ મુગ્ધ થતી ગઇ. પરંતુ પોતાની આ લાગણી છુપાવવા તે હિંમતથી તિરસ્કારમાં બોલી:

"મારૂં નામ! હા...હા...હા..."

"વર્તન ને વાણીમાં કેટલો ફેર છે! હમણાં તેં જે કહ્યું ને જે હમણાં કરે છે, તેમાં કેટલો ફેર છે!"

"ત્યારે તમે બધું સાંભળ્યું લાગે છે. ઠીક! તમે કહેશો તમારૂં નામ?"

"મારૂં નામ, કાન્તિકુમાર ડીટેકટીવ."

તે યુવતી સહેજ ચમકી, તેને એક યુકિત સુઝી. તેણે કહ્યું "મારૂં નામ જાણવું છે? નહિ જાણો તેજ સારૂં છે. તમે નાહકના દીલગીર થશો."

"કાંઇ હરકત નહિ. કહો."

"મારૂં નામ શાંતા. હું રાયબહાદુરની ભાણેજ." શાંતાએ એક કૃત્રિમ હાસ્ય કરી કહ્યું.

"તારૂં નામ શાંતા! તદ્દન જુઠ્ઠી વાત."

"જુઠ્ઠી વાત! તમે ભૂલો છો, તમારી આંખો દગો દે છે. ભૂલી ગયા તે દિવસે રાત્રે એક વાગે આપણે બાગમાં મળ્યાં હતાં તે?"

"તદ્દન જુઠ્ઠી વાત, તું શાંતા નહિ; તું બદમાશોની સાગ્રીત છે. તારાથી એમ છુટાય એમ નથી."

"કોણે કહ્યું?"

"તેં પોતેજ."

"તમને બનાવ્યા. હું જાણતી હતી કે તમે ત્યાં છો તેથીજ એમ બોલી." શાંતાએ અટ્ટહાસ્ય કરતાં કહ્યુ.

કુમાર મુંઝાઇ ગયો. તેનું હૃદય કંપતું હતું કે, "આ શાંતા ન હોય. શાંતાની વાણી આવી પેચવાળી, કઠોર અને અલજ્જાળુ ન હોય."

"તમે બાગમાં કેવા ભોળવાયા!" શાંતાએ કહ્યું.

"બસ કર, મારે એ વાત વધુ સાંભળવી નથી. કહે કે ઉષાનું ખૂન કયારે થયું!" કુમારે ગુસ્સો દર્શાવતાં કહ્યું.

"ઉષાનું ખૂન! છાપાંઓમાં છપાયું ત્યારનું. બે દિવસ પર."

"મને બનાવે છે કેમ!" ગુસ્સામાં ભભુકતા કુમારે કહ્યું.

"ના! સત્ય કહું છું; કારણ કે જનતા માને છે."

"જનતા ફાવે એ માને, પણ તું શું માને છે?"

"બધાઓ માને એ મારે પણ માનવું પડે; નહિ તો હું મૂર્ખ ગણાઉં."

"જગત ઘણી વાર ખોટાનેજ ખરૂં માને છે."

"તો તેજ ખરૂં."

કુમાર જાણે જીવ જતો હોય તેમ બોલ્યો, "મને તારે સાચું કહેવું છે કે કેમ?"

શાંતા કોણ જાણે કેમ ખડખડાટ હસી પડી ને બોલી "હા, પણ મને કહેશો કે શું કહેવાનું બાકી છે? મારી ઉક્તિ તમે સાંભળી હશે. ફરી કહું છું કે નિર્દોષ ઉષાનું ખૂન થયું."

"થયું કે કર્યું?" કુમારે એક તીક્ષ્ણ દૃષ્ટિ ફેંકી પૂછ્યું.

"થયું."

"ગુન્હો કરીને છુપાવવો એ પાપ છે."

"અસત્ય બોલવું એ વધુ પાપ છે."

"ગુન્હો છુપાવવો એ બમણું અસત્ય થયું."

"ગુન્હો ન કર્યો હોય અને કબૂલાવવો તે કાંઇ ઓછું પાપ નથી." શાંતાએ પોતાની બાજુ સબળ કરતાં કહ્યું.

"બાળા! તું બોલવામાં શૂરી છે, કારણ તારો સહવાસજ એવો છે."

"આપે ડૂબતા વહાણનું પાટીઉં પકડયું ખરૂં." શાંતાએ હસતાં હસતાં કહ્યું.

"મારે હવે વધુ વખત નથી. તારો એક સાથીત આવી ચઢશે."

"કાંઇ હરકત નહિ." ઘડીઆળ તરફ દષ્ટિ નાંખી તેણે કહ્યું.

"ત્યારે તારે હવે મને ઉષાની હકીકતથી વાકેફ કરવો છે કે નહિ?" કુમારે અધીરા થતાં કહ્યું.

"કહું છું. તમારે અને ઉષાને શું સંબંધ છે?" શાંતાએ ઉડતો સવાલ કર્યો.

કુમારે જાણ્યું કે આ બાળા આમ માને એમ નથી. તેણે યુક્તિ કરવા માંડી, "શાંતા! તું કહેશે કે તારે જનતામાં મિશ્રિત થવું છે? આ ખાડામાંથી તારો કોણ ઉધ્ધાર કરશે?"

શાંતા આ સાંભળી વિચારમાં પડી ગઇ. તેણે જવાબ ન વાળ્યો.

"શાંતા! કહેશે કે તારો કોણ ઉદ્ધાર કરશે? તું હવે બાળા મટી યુવતી થઇ છે." કુમારે ચોંટેલો પોપટો ઉખેડવા માંડયો.

શાંતા અધીરી થઇ. તેણે પૂછયું, "કાન્તિકુમાર! કહેશો કે મને કોણ ઉધ્ધારશે?"

"હું." કુમારે ભાર મૂકી કહ્યું.

"તમે! કેવી રીતે?"

"હું તને અહીંથી છુટી કરીશ, પછી ફાવે ત્યાં જજે."

"ના, ના!" શાંતા ધ્રુજી ઉઠી. "વરૂઓ એકલડી હરિણીને પીંખી નાંખે."

"સુરેશ કને મોકલીશ." એક ટકોરો મારતાં કુમારે કહ્યું.

"તમે બધું જાણતા લાગો છો." શાંતાએ શરમાતાં કહ્યું, "ઠીક, પણ સુરેશને શાંતા પસંદ નથી." શાંતાએ નિરાશાથી કહ્યું, પણ પોતાનો ભાવ તેણે છુપાવ્યો.

" હું તેમ કરૂં તો ?"

" અશક્ય છે. સુરેશ ઉષાની પાછળ સાધુ થશે."

" ઉષા જીવતી છે એમ હું કહું છું."

" ખોટી વાત. બદમાશોએ ગઇ કાલે રાત્રેજ ઉષાને મારી નાંખી. જુવો ઉષાનું કપડું. ને આ એની આંગળી પરની હીરાની વીંટી." ઉષાની સાડી આગળ ધરતાં ને પોતાની ચોળીમાંના ગજવામાંથી વીંટી કાઢતાં કહ્યું.

" કપડું ને વીંટી મને આપ."

" કપડું તો ન આપી શકાય, બદમાશો તે પાછું માંગશે."

" તો વીંટી આપ."

" તે ન મળે. મારો એ છેલ્લો ઉપાય છે."

" શેનો ઉપાય ? તને વીંટી કયાંથી મળી ?"

"વીંટી મેં ઉષાના કપાઇ ગએલા હાથ પરથી કહાડી લીધી. જે દિવસે બદમાશો મારા પર જુલમ કરવા જશે, તે દિવસે આ વીંટી ચૂસીશ." નિરાશ થતાં બાળાએ કહ્યું.

" શા માટે ?"

" મને મારી શુધ્ધતા પ્રિય છે."

" હું પણ જાણું છું. તો મારી જોડેજ ચાલ."

" હમણાં બની શકે એમ નથી." શાન્તાએ નિરાશાથી કહ્યું.

" કારણ ?"

" અશક્ય છે એટલે શું કહું ?"

" ત્યારે કાલે રાયબહાદુરને ત્યાં મળશે ?" કુમારે એક મુદ્દાથી પૃછયું.

શાન્તા વિચારમાં પડી ગઇ. થોડી વાર પછી તેણે હા કહી. તે કુમારને તાકી રહી.

" કયાં મળશે ?"

"રાયબહાદુરના બાગને છેડે. કાલે રાત્રે આઠ વાગે."

" ઠીક ! પરંતુ બાળા ! અહીંથી મને કાંઇ ઉષા બાબત માહિતી મળી શકશે ?"

"હા, કાંઇક મળશે ખરી. ઉષાને રાખી હતી તે જગ્યા બતાવું."

"ચાલો."

"ઠેકાણે આવી ખરી. 'પણ આ શાન્તા ન હોય' એટલુંજ એ ખોટું બોલે છે." કુમાર મનમાં બબડયો ને શાન્તાની પાછળ ચાલવા માંડયું.

શાન્તાએ પહેલાં તો જે રસ્તે કુમાર પોતાના ઓરડા તરફ આવ્યો હતો, તેજ રસ્તે ચાલવા માંડયું. પગથીઆં ચઢતાં તે પહેલા પગથીઆં પર ઉભી રહી. એક હાથનો આંચકો મારી આખી બારસાક ખસેડી. તેની બરાબર પાછળ પત્થરની ભીંતમાં ફાટ હતી. વચ્ચેના એક પત્થરમાં એક હાથો હતો. શાન્તાએ તે હાથો દાબ્યો કે ભીતમાં જવા જેટલી જગ્યા થઇ. અંદર પેસીને દોરી નાંખી બારસાક બરાબર ખેંચી લઇ દરવાજો બરાબર બંધ કરી શાન્તા અંદર જઇ એક ઠેકાણે ઉભી રહી. ત્યાં આગળ મશાલ ચેતાવી શાન્તાએ ધીમે પગલે આગળ વધવા માડયું. લગભગ ત્રીસ ફૂટ સીધા ગયા પછી સામેની ભીંત આગળ વાંકી વળી જમીન પર બેસાડેલો પત્થરનો નાનો કકડો ઉંચકયો. તેની નીચે એક કડી હતી. તે કડી ઉંચકતાં અંદર ભોંયરૂં હતું. બંને જણા ભોંયરામાં ઉતર્યા. ભોંયરામાં ઉતરતાંની સાથ કાન્તિકુમાર ચમકીને પાછો હઠી ગયો. સ્હામેની ભીંતે માણસોનાં આખાં ને આખાં હાડપીંજરો ટાંગેલાં હતાં. એક બાજુએ હાડકાંનો ચાર પાંચ ફીટ ઉંચો ઢગલો કર્યો હતો. કાન્તિકુમારે હિંમત લાવી બધાં હાડપીંજર જોયાં. તેમાંનાં કેટલાંક સ્ત્રીઓનાં પણ હતાં. આ બધાં હાડપીંજરોમાં એક બે ત્રણ દીવસ પરનું લાગ્યું. તેનો ફકત હાથ કાપી નાંખેલો હતો. કોઇ કોઇ ઠેકાણે હાડકાંના સાંધાઓમાં માંસ ચ્હોંટી રહેલું હતું ને તેમાં જીવડાંઓ ક્યાફ્ત પણ કરી રહ્યાં હતાં. કુમારને કમકમાં આવ્યાં. શાન્તા તરફ ફરીને તેને પુછયું, "આ હાડપીંજર કોનું છે?"

"એ ઉષાનું છે." શાન્તાએ કુમાર તરફ ફરીને કહ્યું.

કુમારે ગજવામાંથી લોહીમાં રગદોળેલો રૂમાલ કાઢયો ને કુતરાને સુંઘાડયો. કુતરાએ તરત તે યુવાન સ્ત્રીના હાડપીંજર તરફ કુદકો માર્યો. કુમારે ફરીથી ગજવામાંથી ઉષાની ચોળી કાઢી કુતરાને સુંઘાડી. કુતરો ત્યાંથી હઠી ગયો. ઓરડામાં બધે ફરી વળ્યો પણ એને કાંઇ સમજણ પડતી લાગી નહિ. તેણે જમીન સુંઘવા માંડી. જમીન સુંઘતાં સુંઘતાં છેક ભીંતની લગોલગ આવ્યો. તેની ઉપર ચાર પાંચ હાડપીંજર એક સાથે એક ટંગાવેલાં હતાં. કુમારે તે ઉંચકી બાજુએ નાંખવા માંડયાં.

“અહીં કાંઇ નથી.” શાન્તાએ કુમારની પાસે આવતાં ધીમેથી કહ્યું.

“જે છે તે અહીંજ છે.” કુમારે છેલ્લું હાડપીંજર બાજુએ નાંખતાં કહ્યું.

તે બાજુએ કરતાં ભીંતમાં એક નાની બારી દેખાઇ. કુમારે તે બારી ખોલી તે ખોલતાંજ અંદરથી સડેલા માંસની દુર્ગંધ પ્રસરી રહી. કુમાર નાકે રૂમાલ દઇ અંદર પેસવા જાય છે એટલામાં ઉપર કાંઇ ખડખડાટ થતો સાંભળ્યો. “બદમાશ” કુમારે બાજુએ હઠતાં કહ્યું. શાન્તાએ કાંઇ જવાબ ન આપ્યો. તેણે મશાલ ઓલવી નાંખી. કુમારે હાડકાંનો ઢગલો ખસેડયો ને તેની પાછળ કુતરાને સંતાડી પોતે પાછળ ઢગલા પર સૂઇ ગયો. એટલામાં ભોંયરામાં એક વ્યકિત અંધારામાં ઉતરી આવી ને બોલી, “શાન્તા! અહીં કેમ આવી?”

“કોઇ ડીટેકટીવ મને અહીં આવતો માલમ પડયો તેને શોધવા!” શાન્તાએ વગર બીકે જવાબ આપ્યો.

“કઇ તરફ ગયો લાગે છે?” અંધારામાં તે બદમાશે શાન્તા તરફ આવતાં કહ્યું.

“આની અંદર લાગે છે?”

“કયાં?” બદમાશે આશ્ચર્યથી પુછયું.

“આણી તરફ બારી છે ત્યાં.”

"કઇ બારી?" બદમાશ બારી ઉઘાડી જોઇ આશ્ચર્ય પામ્યો, ને અંધારામાં અંદર કૂદી પડયો.

કુમાર કુતરાને લઇ હાડકાં પાછળથી બહાર નીકળ્યો ને ભોંયરાના ઉપર જતાં પગથીઆં ચઢવા લાગ્યો.

"આ ભાગ્યો." શાન્તાની ત્રાડ સંભળાઇ. કુમાર કાંઇ પણ નજર કર્યા વિના ઉપર ચઢી ગયો. સઘળું બદમાશે ખુલ્લુંજ રાખ્યું હતું એટલે વગર હરકતે બહારના ખંડમાં આવ્યો. બારણાં તોડી નાંખેલાં હતાં એટલે ઝપાટાબંધ કુમાર આ ભયંકર સ્થાનમાંથી બહાર નીકળી ગયો.

"પેલો ડિટેકટીવ નાસે!" કુમારને દૂરથી શાન્તાનો અવાજ સંભળાયો.

"બદમાશ છોકરી!" કુમાર મનમાં બબડયો ને બહાર સડક પર નીકળી ગયો.

લગભગ બારનો સુમાર થયો હતો એટલે કુમારે પોતાના મકાન પર જઇ આરામ લેવા દુરસ્ત ધાર્યું.

કુમાર ગયો પણ શાન્તા પર મોહજાળ પાથરતો ગયો.

પ્રકરણ ૯ મું.

રાવ રાધાદેવીના ઘરમાંથી નીકળીને કલાઇવ રોડના મોટા રસ્તા પર નીકળી પડયો. થોડું ગયા પછી ફૂટપાથ પરના મકાનોની છેક નજીકમાં ચાલતો સરલાદેવીના મકાન આગળ પાછો ફર્યો ને નોકર તરફથી જવાબ મળ્યા પછી અંદર ગયો.

શ્રીમતી સરલાદેવી બંગાળાના પ્રસિધ્ધ શેઠ ઘનશ્યામલાલની પુત્રી હતી. ઘનશ્યામલાલ પોતાની પુત્રીને ૧૨ વર્ષની મુકીને મરી ગયા. તે વખતે તેની માતા સીમંતિની હતી. પતિના વિયોગે ને પ્રસવવેદનાએ મળી સરલાની માતાનો અંત આણ્યો. પણ નવો બાળક હયાત રહ્યો.

બંગાળાના પ્રસિધ્ધ ડીટેકટીવ કૃષ્ણરાવને શેઠ ઘનશ્યામલાલ જોડે સારો સંબંધ હતો. તેમણે મરતી વખતે પોતાની પત્ની ને પુત્રીની સુપ્રત રાવને કરી. રાવે તેમ કરવા વચન આપ્યું. મરતી વખતે સરલાની મા પણ પોતાની પુત્રી ને નવા પુરૂષબાળકનો સર્વ બોજો રાવ પર નાખી ગઇ. આથી રાવ ઘરમાં ઘણી વખત આવતો જતો હતો. સરલા રાવને પોતાને ત્યાં રાખવા બહુ દબાણ કરતી, પણ રાવ ના કહેતો. ૧૨ વર્ષની ઉમ્મરથી સરલાની કેળવણીનો આધાર રાવ પર હતો. એણે સરલાને સારી કેળવણી આપી. સરલા જેમ જેમ વયે વધતી ગઇ તેમ તેમ રાવ તરફના અપત્ય ને સ્વસૃ સ્નેહે સ્ત્રી પ્રેમનું સ્વરૂપ પકડયું. દિવસે દિવસે લાગણી વધતી ગઇ. તેની માની ઇચ્છા પોતાની પુત્રીને રાવને આપવાની હતી તે મરતી વખત રાવને કહી ગઇ હતી કે, "મારી પુત્રીને જન્મ ભર સાચવજો." આ વાકય રાવ સારી રીતે સમજતો હતો. સરલાની પોતાના તરફની લાગણી એ જાણતો ને જોતો સરલા કોઇ વાર અધીરી થતી તો રાવ કહેતો કે "સમય

આવે સર્વ થશે. ધીરજ રાખ. હમણાં સમય નથી.” કહી રાવ એને આશ્વાસન આપતો.

સરલાની વય આજે વર્ષ ૧૭ ની હતી. તે યૌવનને ઝોલે ઝોલાં ખાતી હતી. રાવને આવતો સાંભળી તે હરખભેર દાદર લગી આવી, રાવે આવતાંની સાથે પૂછ્યું:

“ કેમ છો સરલા ?”

“ ઠીક છે.” સરલાએ એક મધુરૂં હાસ્ય કરતાં કહ્યું. સરલાના ઓરડામાં આવી બંને જણા બેઠાં.

“ કેમ બ્હેન સરલા ! “ રાવે એક ટકોરો મારતાં કહ્યું.

સરલાનું મોઢું કટાણું થયું. તેનો દબાયેલો અગ્નિ જરી સતેજ થયો. તેની આંખો રાવ તરફ ગુસ્સાથી જોઇ રહી. તેની ભ્રમર વાંકી વળી.

“ કેમ કાંઇ તીર છોડવાની તૈયારીઓ કરો છો કે શું ?” રાવે એક મીઠો ટહુકો કર્યો.

“ તમારો સ્વભાવ જવાનો નહિ. ક્યાં લગી...” બળતી સરલાએ કહ્યું.

“ કોઇ યોગ્ય પુરૂષ તો શોધવો.....” રાવે બીજો ટકોરો માર્યો.

“ શું બોલ્યા ?” સરલા કૃત્રિમ ગુસ્સો કરતાં બોલી.

“ ખરૂં કહ્યું. કોઇ યોગ્ય....”

“ શીદને પીડો છો રાવ ! તમારાથી હું થાકી ગઇ.” કંટાળતાં સરલા બોલી.

“ હું પણ તેજ તજવીજમાં છું.”

“ કંઇ તજવીજમાં ?”

“ તમે જે રોજ કહ્યા કરો છો ને.”

“ રાવ ! રાવ ! તમે પત્થર છો. મનુષ્ય છો પણ હૃદય વગરના.” સરલા રોષ કરતી બોલી.

“ સરલા ! પત્થર પર પાણી પડ્યું તે સરવા કે સુકાવા માટે.”

"ખરેખર તેમજ છે. તમે બેવચની છો."

"કેવી રીતે ?"

"મારી માનું કહ્યું યાદ છે ?"

"યાદ છે પણ દાન લાયકને હોય." રાવ હાસ્ય કરતાં બોલ્યા.

"તમે જાણો છો કે હવે હું સ્વતંત્ર છું." સરલા મિજાસ કરતી બોલી.

"હા ! ત્યારે શોધી લો !" રાવે તેવોજ જવાબ વાળ્યો.

"તમે આજ મને પજવવી ધારી છે." નિરાશ થતાં સરલા બોલી.

"નારે ના."

"ત્યારે બીજું શું ?"

"બીજું શું ! કહું ? તમે હજી બાળક છો." રાવ હસતાં હસતાં બોલ્યા

"તમારી નજરે હું બાળકજ રહેવાની ખરૂંને ! રાવ શા માટે બાળો છો ?" સરલા રડવા જેવી થઇ ગઇ.

"હું કયાં બાળું છું ! તમે બળો છો. શા માટે સંતાપ કરો છો ?"

"રાવ ! તમે જાણો છતાં ન જાણ્યું કરો છો."

"મને ખોટો દોષ દો છો."

"હું ખરૂં કહું છું કે તમે હૃદયહીન છો. તમે—"

"સરલા શુષ્કની સામુ શૃંગાર શા માટે ભજવો છો ?"

"હું શૃંગાર નથી ભજવતી-આત્માનું દર્શન કરાવું છું."

"તમે વિકારી પ્રેમ દર્શાવો છો." રાવ સરલા પ્રત્યે હસતાં બોલ્યા.

"પ્રેમ સદાએ અવિકારીજ હોય છે."

"ભૂલ છે. કારણ કે તેથી અતૃપ્તિ પેદા થાય છે."

"રાવ તમે બાહોશ થઇ ભૂલ કેમ કરો છો. એ અતૃપ્તિ નથી પણ પ્રેમની કસોટી છે."

"પકડાયાં. પ્રેમ મુળથીજ શુદ્ધ છે, દૈવી છે. તેને કસોટીની જરૂર નથી. કસોટી મનુષ્યની અસંતોષતા દર્શાવે છે. પોતે વ્હેમી છે એમ જણાવે છે." રાવે હવે રંગ પર આવતાં કહ્યું.

"શું હું વહેમી છું?"

"ના! તમે જ્યારે પ્રેમને અવિકારી કહ્યો ને કસોટીની જરૂર કહી ત્યારે મેં કહ્યું."

"હજી હું કહું છું કે પ્રેમ અવિકારી છે."

"તમે કહો છો ને તમારા સ્વાર્થ પુરતો પ્રેમથી આત્મા લિપ્ત થાય છે; પણ પ્રેમ હરેક આત્માથી લિપ્ત થતો નથી. કારણ કે પ્રેમ દૈવી છે."

"પણ પ્રેમ આત્મલક્ષી છે એટલે અવિકારી નથી"

"હું પણ કહું છું કે પ્રેમ અવિકારી નથી. મેં ફકત તમારીજ વાત કરી."

"ત્યારે શું તમે મને વિકારી કહો છો!" સરલાએ હતાશ થઇ પુછયું.

"એમ નહિ. તમે એવા અર્થમાં બોલ્યાં."

"એટલે ટુંકામાં એમજ કહોને કે હુંજ એવી છું. રાવ! આટલા વર્ષના સંબંધ પછી પણ તમને આવુ કહેવાનું મળ્યું ખરૂં!" પોતા માટે રાવનો અભિપ્રાય સારો નથી એમ સમજી રડું રડું થઇ ગએલી સરલા બોલી.

"સરલા! તમને ઝટ ખોટું લાગે છે, રોષ ભરાવ છો. મેં તમને સામાન્ય સિધ્ધાંત કહ્યો."

"હા! હા! સામાન્ય સિધ્ધાંત કહ્યો. તમે...." સરલા વધુ બોલી ન શકી. રાવનું લાંબું ભાષણ હમણાં એને ઝેર જેવું લાગતું હતું. તેની વેદના વધી પડી હતી. રાવની હાજરી એ વેદના પર વધુ દબાણ કરી રહી હતી. આજે સરલાએ લજ્જા છોડી જ્યારે હૃદય ખોલ્યું ત્યારે રાવ એને તલસાવતો હતો, તપાવતો હતો. એ એને કસોટીએ ચઢા-

વતો હતો સરલા માટે એને કોઇ પણ જાતનો સંશય ન હતો. સરલા માટે એને અભિમાન હતું; પણ એ ફુલાતો ન હતો. સરલાનો ને પોતાનો સંબંધ તે બહાર પડવા દેતા નહિ. તેમાં એનો ખાસ ગુપ્ત હેતુ હતો, ને તેજ હેતુથી હાલ સરલા જોડે પરણુવા એ ખુશી ન હતો. સરલાને વારંવાર એ ધીરજ રાખવા કહેતો, પણ યૌવનને હિંચોળે હીંચતી સરલાને આ બહુ દુસ્તર લાગતું. મર્મમાં રાવને ઘણી વાર લગ્ન કરવા કહેતી, પણ રાવનો જવાબ એકજ હતો.

આથી એ ન કહી શકયો કે સરલા લજ્જા વગરની હતી. તેનામાં સ્વભાવિક સ્ત્રી લજ્જાની ન્યૂનતા હતી. પરંતુ લાંબા સહવાસ, બોલવાની છૂટ, માના આખરના શબ્દોએ નવી મૂક ભાવનાને વાણીમાં મૂકી. સરલાને આ કાંઇ પહેલો પ્રસંગ ન હતો. કેટલીએ વાર કાંઇ નવીન શબ્દોમાં એ રાવને કહેતી. એટલે એ કાંઇ નવાઇ ન કહેવાય, સ્ત્રી મર્યાદાની બહાર ન કહેવાય. પરંતુ લાંબા સમયનો સહવાસ બોલવાની છૂટ, માના શબ્દો ને એકજ વસ્તુના પુનરાવર્ત્તનનું પરિણામ કહેવાય. લાંબા સમયના સહવાસથી સ્પર્શ થતો પણ તે નિર્દોષ. અયોગ્ય વર્ત્તન કે ભાષણ કદી પણ થયું ન હતું.

આટલા જવાબ આપ્યા પછી સ્ત્રી સ્વભાવ પ્રમાણે સરલા આખરે રડી પડી. રાવે ખાલી એને આજ પજવવીજ ધારી હતી. સરલાનું રડવું રાવનું પ્રેમભીનું હૃદય ન સહી શકયું. સરલા ખુરસી પરથી બહાર જવા ઉઠી. રાવે પાસે જઇ તેને ખભે હાથ મુકયો ને પુછયું, "સરલે! તું શા માટે રડે છે!"

"અંહ! અંહ! જાવ, મને ન પજવો!" રડતી સરલાએ રિસામણું આરંભ્યું.

"હું તને પજવું છું! મને કહે તો ખરી કે શા માટે તું રડે છે?" સરલાનો હાથ પકડતાં રાવે પુછયું.

"અંહ! અંહ! જાવ!"

"કયાં જાઉં? સરલે!"

"જ્યાં જવું હોય ત્યાં. તમારા જેવા માટે આ સ્થાન યોગ્ય નથી" સરલા આંસુ લૂછતી બોલી.

"સરલા! કહે તો ખરી કે તને શું દુઃખ થયું?" ધીમેથી હાથ લેતાં રાવ બોલ્યો.

"શું દુઃખ થયું? તમે છતી આંખે આંધળા છો!" સરલા અશ્રુ લાવતાં બોલી.

રાવે સરલાનો બીજો હાથ પકડયો. સહજ તાણી–પાસે ખેંચી, છાતી સરસી ચાંપી. તેના નેમની લિપિ લલાટથી વાંચી. રાવે તેના ઉત્સુક ધ્રુજતા હોઠ પર એક મધુરૂં ચુંબન કર્યું.

"સરલા! હું જોઉં છું ને જાણું છું; પણ..." રાવે છુટા થતાં કહ્યું.

"પણ શું? તમે મને બાળો છો."

"ના મારી સરલા! હું નથી બાળતો. મને શું એકલા રહેવું ગમે છે?"

"તમે કોઈ વધુ........."

"બસ! મારૂં સર્વ સરલામાંજ છે. મારૂં જીવન તારામાંજ લિપ્ત છે. પરંતુ સહજ ધીરજ ધર."

"ક્યાં લગી ધીરજ ધરૂં? તમે આજ છ છ મહિના થયાં એમ કહ્યા કરો છો પણ......."

"પણ મારી મધુરી! તેમાં તારૂંજ શ્રેય છે. હવે વધુ તો એકજ મહિનો."

"એવું તે શું કારણ છે?"

"કારણ કાંઈ નહિ. પરંતુ હું આ હાથમાં લીધેલા કેસથી પરવારૂં એટલીજ વાર. નહિ તો બદમાશોની ધાડ તારા ઘર પર પણ આવશે."

"મને કોઈ શું કરનાર છે?" પ્રેમમાં અંધ થઈ ગએલી સરલાએ પુછ્યું.

"તને શું કરનાર છે? સરલે તું અજ્ઞાન છે."

આમ પ્રેમીઓનો વાર્તાલાપ ચાલ્યો. લગભગ સાંજના

સાતનો સુમાર થયો ને રાવે જવા માટે રજા માંગી. સરલાએ રાવને જમવાને આજે પોતાને ત્યાં રહેવા માટે અતિ આગ્રહ કર્યો.

સરલાના ભોજનના આમંત્રણને રાવે માન આપ્યું, અને સવારે જરૂર આવવાનું કહી તે ત્યાંથી ગયો.

* * *

બીજે દિવસે સવારે રાવ પાછો સરલાને ત્યાં આવ્યો. બંને વાત કરતાં બેઠાં હતાં, એટલામાં કાન્તિકુમાર ટીપુને લઈને આવ્યો.

" કેમ કાન્તિકુમાર શા સમાચાર ?"

" પારધીઓએ પક્ષીને પાંજરામાં પૂર્યું છે. તેના રખેવાળને ગુંચવવા અન્ય એવુંજ પક્ષી માર્યું છે. પક્ષીના દેહ-પીંજરો પારધી ભેગા કરે છે. પક્ષી પુર્યું એ ચોક્કસ. પીંજરૂં દીઠું પણ પારધી આવવાથી રખેવાળ પાછો ફર્યો. વનની કોયલ 'વસ્તીની કોયલ છું' એમ કહે છે. પણ વનની ને વસ્તીની કોયલ બંને જુદાં છે. વનની કોયલ પણ મધુર છે. પરંતુ આંબામાં બેસવાને બદલે બાવળમાં ફસાઇ ગઇ છે. બાવળ કાપવો પડશે."

" શાબાશ કુમાર !" (સરલા પ્રત્યે) " ત્યારે હવે મારે જવું પડશે. બે ત્રણ દિવસે પાછો મળીશ."

" કાલે..." સરલાએ ધીમેથી પુછ્યું.

" કાલે અશક્ય છે. હમણાં જરૂરનું કામ છે એટલે જાઉં છું, વિલંબ ચાલે એમ નથી."

સરલાની મહેમાનગીરિ ચાખી બંને વિદાય થયા.

પ્રકરણ ૧૦ મું.

રાવ કુમારને લઇ પોતાના મકાન પર આવ્યો. અને લીલી ઘડીઆળ તપાસવાનું શરૂ કર્યું. યંત્રથી ઘડીઆળને બરાબર તપાસી ને ચાલવાનો વખત પણ સરખાવ્યો પણ કાંઇ ફેરફાર માલમ ન પડયો તેને પોતાનો તર્ક ખોટો પડતો લાગ્યો. કાંઇ ગુપ્તતા કે ભેદ પણ માલમ ન પડયા. આખરે કંટાળી તેણે ઘડીઆળ દૂર મૂકી દીધી.

"કુમાર! આનાથી કાંઇ ભેદ માલમ ન પડયો, પરંતુ એ સાચવવી જરૂરની છે. હવે પેલા સંદેશાનો સ્પષ્ટ અર્થ કરવો જોઇએ. આ ફક્ત ઘડીઆળની બાબત છે. તેમાં ઉષા વિષે કાંઇ લાગતું નથી. તેં કાલે ખરી બહાદુરી વાપરી છે. રાત્રે આઠ વાગે તારે મળવા જવું છે તે જજે. એમાં હજી મને કાંઇ ખાસ સમજ પડતી નથી." રાવે ગજવામાંથી સંદેશો લખેલો કાગળ કાઢયો, 'T. R. B. P.' એ કોઇ લત્તાનું નામ હોવું જોઇએ. એ કોઇનું સરનામું છે. માણસ નલિનીકાન્તની વિરૂદ્ધ પક્ષનો હોવો જોઇએ. R. એટલે Road (રસ્તો) B. કોઇ બાગનું નામ હોવું જોઇએ. કારણ P. એટલે Park (બાગ) થાય છે."

"ઓહોહો! B. એટલે Bertram (બરટ્રામ)."

"બરાબર! હવે તે તરફના લત્તાઓનું T. પર આવતું નામ બોલ."

"T. એટલે 'Tredger' કુમારે પાંચ દશ મિનિટ વિચાર કરી કહ્યું.

"શાબાશ! હવે P. P. નો અર્થ બાકી રહ્યો. એ કોઇ માણસનું નામ હોવું જોઇએ. અથવા તો કોઇ બદમાશોની મંડળી હોય."

રાવ અને કુમારે પોતાના વેશ બદલ્યા. કુમારને માથે

કાંદાનો ટોપલો મુકયો ને પોતે આગળ “ કાંદા લ્યો, કાંદા ” એમ લલકારતો નીકળ્યો.

ફરતાં ફરતાં બંને જણા ટ્રેજર રોડના નં. ૯ ના ઘર આગળ આવ્યા. તે એક મોટો અર્ધગોળ બંગલો હતો. જમીન પર અર્ધ ગોળાકારમાં એક સુંદર બાગ હતો. બાગના બગીચા પરના ઉખેડી લીધેલાં પાટીઆં પરથી લાગતું હતું કે તે મકાન હમણાંજ કોઇએ ભાડે રાખ્યું છે. મકાનના આગળ પડતા દરવાજા બધા બંધ હતા. એટલે એ પાછલે રસ્તે આવ્યો ને “ કાંદા લ્યો કાંદા ” કહીને જોરથી બૂમ મારી કે ઘરમાંથી એક પોર્ટુગીઝ જેવો માણસ બહાર નીકળ્યો.

“ અલ્યા, શું વેચે છે ? ”

“ દેશી કાંદા સાહેબ ! ” રાવે કુમારને માથેથી ટોપલો દૂર મુકતાં કહ્યું, “ બહુ સારા છે.”

“ શું ભાવે આપ્યા ! ”

“ સસ્તા.”

“ પણ શું ભાવ ? ” પેલા માણસે રાવને બારીકીથી જોતાં પૂછ્યું.

“ બે પૈસે.”

રાવે પાંચશેર કાંદા જોખી આપ્યા. પેલો કાંદા લઇ અંદર પૈસા લેવા ગયો. રાવે ત્રાંસી નજર કરી નામનું પાટીઉં વાંચી લીધું. એટલામાં પેલો પૈસા લઇને આવ્યો, ને રાવના હાથમાં અઢીઆના મુકતાં કહ્યું, “ બીજા જરૂર કાલે લાવજો. શેઠને બહુ પસંદ પડયા છે.” તે હસ્યો.

રાવ સમજી ગયો કે પોતે પરખાઇ ગયો છે. પા કલાક આમ તેમ આંટા મારતો તે મકાનને આગલે બારણે આવ્યો ને ઘરના માલીકની તપાસ કરી, તેની પાસે ગયો.

“ શેઠજી ! આ ઘરમાં હાલ કોણ રહે છે ? ” રાવે પોતાની ઓળખાણ આપી પૂછ્યું.

"શરત્ચંદ્ર નામનો એક શોધક રહે છે. વિજ્ઞાનમાં બહુ હોશિયાર છે. સારૂં કલકત્તા એને ઓળખે છે."

"આપ શી રીતે કહો છો?"

"એને કલકત્તાના પ્રખ્યાત માણસોના નામ ગણાવ્યા ને તે લોકો જોડે પોતાનું સારૂં ઓળખાણ છે, એમ પણ કહ્યું."

"બદમાશ" રાવ મનમાં બબડયો ને કહ્યું "એના પર વિશ્વાસ રાખશો નહિ. અસાધારણ ઠગારો છે. ચેતીને કામ લેજો."

આટલી તપાસ કાઢી રાવ ને કુમાર ચાલતા થયા. બંને કલાઇવ સ્ટ્રીટમાં આવ્યા. ભોજન લીધા પછી રાવે ટેલીફોન મારફતે જે જે ઓફીસોમાં વિદ્યાસાગર કામ કરતો હતો તે બધે તપાસ કઢાવી. પણ બધેથી જવાબ આવ્યો કે, "અમને ખબર નથી."

પાછા અગીઆર વાગે રાવ ને કુમાર શરત્ચંદ્રના બંગલા તરફ જવા નીકળી પડયા.

"કુમાર, દિવસે દિવસે ગુંચવાડો વધતો જાય છે. નલિનીકાન્તની સામી બાજુના આ માણસો લાગે છે. પેલા પોર્ટુગીઝ જેવાએ આપણને ઓળખ્યા છે એટલે સીધે રસ્તે નહિ જતાં હું છુપે રસ્તે દાખલ થઇશ. તું રસ્તાની બહાર નીકળી જા. મારા ઘરમાં દાખલ થયા પછી તું પાછો ફરજે ને ઘર તરફ દૃષ્ટિ રાખજે. જો માત્ર બા'ર એક પછી એક તરત થાય તો એમ જાણજે કે હું ભયમાં છું અને હું બે કલાકમાં બહાર ન આવું તો તું ગમે તે જોખમે પોલીસની મદદ લઇ ઘરમાં દાખલ થજે."

"ઠીક" કુમારે જતાં જતાં કહ્યું.

રાવ ત્યાંથી નીકળી ચાર પાંચ મકાન આગળ ગયો. એક મકાનને વાડો હતો ને તેની આસપાસ ભીંત હતી. રાવ તે ભીંત પર ચઢયો ને ત્યાંથી બીજાને છાપરે ચઢી ધીમે ધીમે લોકોની દૃષ્ટિ ચુકાવતો નં. ૯ ના મકાન આગળ આવ્યો.

પાસેના મકાનના છાપરાની બરોબર એક બારી હતી. રાવ તે બારી વાટે ઉપર ચઢયો. ઓરડો તપાસતાં માલમ પડયું કે તે નોકરોને સુવાનો હતો. એની જોડે એક મોટું દીવાનખાનું હતું. ત્યાં આગળ એક અમુક બાંધાનો અને અમુક વયનો માણુસ આમ તેમ આંટા મારતો હતો. નોકરના ઓરડાની એક બાજુ રસોડું હતું, તેમાં પેલો પોર્ટુગીઝ જેવો માણુસ હતો. દીવાનખાનાના બારણાની નજીક એક મોટું કબાટ હતું, તેની પાછળ ભરાઇ રાવે ધીમે ધીમે દીવાનખાનામાં જવા વિચાર કર્યો. તે કબાટ પાછળ ભરાયો, પણ તે ગુંગળાવા લાગ્યો. ચંદ્રસંગ્રહસ્થાન જેવી ઝેરી હવા તેને લાગી. કબાટની બહાર નીકળવા તેણે પ્રયત્ન કરવા માંડયા, એટલામાં પાસેના દીવાનખાનામાંથી પેલો માણુસ આવ્યો, ને કબાટ પાછળથી રાવને ખેંચી કાઢયો.

"કૃષ્ણુરાવ ડીટેકટીવ" તે એકદમ બોલી ઉઠયો. પેલો પોર્ટુગીઝ જેવો માણુસ દોડી આવ્યો.

"શું છે! શરત્ચંદ્રજી!"

"રાવ ડીકેકટીવ, એને આપણે પકડી પાડયા! બહુ બાહોશ આદમી છે."

રાવ તરફડીઆં મારતો હતો. કબાટ પાછળની ઝેરી હવાની એના પર સખ્ત અસર થઇ હતી. શરતચંદ્ર જોડેના દીવાનખાનામાં જઇ એક નાની ગુલાબદાની લાવ્યો, તેમાંથી ભુરા પાણી જેવું કાંઇ રાવના મોઢા પર છાટયું. રાવ સાવધ થઇ બેઠો થયો, પણ બંનેના હાથમાં રીવોલ્વરો હતી.

"અહીંથી ખસશો નહિ તેમ બૂમ પણ ન પાડશો.' શરત્ચંદ્રે કહ્યું, "નહિ તો આ રીવોલ્વર કાંઇ પણ અવાજ કર્યા વિના આપનો અંત લાવશે. માટે ડાહ્યા થઇ બેસી રહેજો."

"આપનું નામ શું!"

"મારૂં નામ શરતચંદ્ર વિષવૈદ્ય. Perfume Poisoner"

મુછે તાલ દેતા શરત્ચંદ્ર બોલ્યા.

રાવને P. P. નો અર્થ સમજાયો. શરતચંદ્ર તરફ એક સ્થિર દૃષ્ટિ માંડીને પુછ્યું, "આ કબાટમાં ઝેરી દવાઓ લાગે છે."

"તમારા જેવાજ માટે કબાટ અહીં રાખ્યું છે. હવે આપણે મુદ્દાની વાત પર આવીએ. મી. રાવ, તમે જાણો છો કે મેં તમને શા વાસ્તે શુદ્ધિમાં આણ્યા ?"

"હા! મારી કને વાત કઢાવવા માગો છો તેથી." રાવ તિરસ્કારથી બોલ્યો.

"બરાબર. તમે જાણો છો કે હું વિષવૈદ્ય છું. અત્યાર લગી નાશ પામેલી ઝેર દેવાની દવાનો હું વિષવૈદ્ય છું. ઝેર દીધેલા માણસોને હું સાજા પણ કરી શકું છું. રમેશચંદ્રને સજીવન થયેલો તમે જોયો હશે ?"

"હા."

"ચંદ્ર મહેલમાં બીજા બે માણસો મરી ગયા તે પણ પણ તમને ખબર હશે."

"હા."

"શાથી તે જાણો છો ?"

"ઝેર દીધાથી."

"ઝેર કોણે દીધું તે જાણો છો ?"

"હા! તમે."

"શા ઉપરથી ?"

"તમારા બોલવા ઉપરથી."

"રાવ!" શરત્ચંદ્ર ગુસ્સામાં બરાડી ઉઠયો, "તમે મને રમાડતા લાગો છો. મારા મોઢા આગળ એ નહિ ચાલે."

"તે હું જાણું છું. કારણ તમારી કને ઝેરનું જોર છે. વિદ્યાસાગર..."

"વધુ બોલવાની તસ્દી ન લેશો. હું સમજી ગયો. વિદ્યાસાગરને મેં ઝેરથી ભરેલી પીસ્તોલ મારીને ઠાર કર્યો. હજી તે હુગલીની ગુફામાં છે."

" ઠીક " રાવ મનમાં બબડ્યો. " તમેજ ત્યારે વિશ્વ-ગૃહમાં તે રાત્રે લાગતા હતા. પેલા ઝેરી દોરડા વગેરેના રાજા લાગો છો."

શરત્ચંદ્રે અભિમાનથી ડોકું હલાવ્યું.

તેને ખબર ન હતી કે રા. ચાલાકીથી વખત ગાળતો હતો. બે કલાકમાં પોલીસ આવવાની હતી.

" તે છોડવાની જાળો ને ઝેર મેં નલિનીકાન્તને પકડવા માટે રાખ્યાં હતાં. તે દિવસે એ ન દેખાયો ને તમે ફસાયા. તે ફક્ત અકસ્માતથીજ એક ભયંકર મોતમાંથી તમને કોણે બચાવ્યા ?"

" ભગવાને."

" તમે મને ઉડાવતા લાગો છો." શરતે ગુસ્સામાં કહ્યું.

" નારે ના." રાવ હસતાં હસતાં બોલ્યો, " મને મારા સહાયકે બચાવ્યો."

" તમારા પછી એની ખબર લઇશ. ઝેરની અસર દોર-ડાંઓમાં ઓછી થઇ ગઇ હશે. નહિ તો એ પણ ત્યાં પડત."

" એટલે ?"

" એટલે હું મહાન વિષવૈદ્ય છું. મારી મરજી હોય તો હું હમણાંજ તમારા દહાડા પુરા કરૂં. તમારા હાથમાં હાથ કડી નાંખુ તો તમને ધીમે ધીમે ઝેર ચઢે. મારી પીછોડી ઝાટકું તો તમારા પર એવી હવા આવે કે જેથી તમે એકદમ છોડની માફક કરમાઇ જાવ. મારો રૂમાલ સુઘાડું તો હમણાં ને હમણાં તમે સડી જાવ. મારા વાળ તમને સુઘાડું તો તમે એક પળમાં મરી જાવ." શરત્ચંદ્રે અભિમાનથી ફુલાતાં કહ્યું.

" મને અચંબો થાય છે કે આ બધી તમારી ચાલાકી તમને કેમ ભારી પડતી નથી."

" જો તેની અસર સારી કરવાની-નાશ કરવાની-મારી ક'ને દવા ન હોત તો હું વિષવૈદ્ય કહેવાત પણ નહિ."

આમ વાતમાં ને વાતમાં દોઢ થયો ને ઘડીઆળનો ટકોરો શરત્ચંદ્રે સાંભળ્યો. તે ચમક્યો ને એકદમ બરાડીને બોલ્યો, "શું દોઢ થયો! રાવ, તમે મને ઠગવા માગો છો. તમારા માણસોની રાહ જોતા લાગો છો. હું શા માટે એવો પ્રસંગ આવવા દઉં. જુવો!" શરત્ચંદ્રે ગજવામાંથી બે ગોળી કાઢતાં કહ્યું. આ ગળી જાવ એની અસર તરતજ થશે. તમને દુઃખ પણ નહિ થાય. નહિ તો કહો કે ઉષાને નલિનીકાન્તે ક્યાં સંતાડી છે?" શરત્ચંદ્રે અધીરાઇથી પૂછ્યું.

"આપને અને નલિનીકાન્તને શો સંબંધ?" રાવે ચાલાકીથી સવાલ કર્યો.

"રાવ! હવે આપની ચાલાકી નહિ ચાલે. જલદી જવાબ આપો, નહિ તો આ ગોળી ગળી જાવ." ગુસ્સામાં શરત્ચંદ્ર બરાડી ઉઠયો.

"ગોળી ન ગળું તો! ઉષા બાબત મને કાંઇ ખબર નથી." રાવે શાંતિથી જવાબ આપ્યો. જો કે મનમાં બીક હતી.

"ઠીક! મારે કાંઇ જાણવું નથી. ગોળી ગળી જાવ."

શરત્ચંદ્રે હુકમ કરતાં કહ્યું.

"હું ન ગળું તો!"

"તો રીવોલ્વર પોતાની ફરજ બજાવી લેશે." શરત્ચંદ્રે કડકડતાથી બોલ્યો.

"હું તમારી ગોળી ગળું તે પહેલાં મારે તમારા આશયો જાણવા જોઇએ."

રાવે જવાબની રાહે શરત્ચંદ્ર તરફ જોયું. તેના મુખ પર ભયની સ્પષ્ટ છાયા હતી. દીવાનખાનાના બારણા તરફ એ તાકીને જોઇ રહ્યો હતો. જેમ જેમ જોતો ગયો, તેમ એ ફીક્કો પડતો ગયો. તેણે દાંત કચકચાવ્યા ને તે પોર્ટુગીઝના ખભા પર હાથ મૂકી બોલ્યો, "ત્યાં જો, બારણા તરફ! દાદર પરના બારણા તરફ! જો જો!"

રાવને પોર્ટુગીઝે દાદર પરના બારણા તરફ જોયું. બારણું ખુલ્લું હતું અને દાદર પરની જાળીમાંથી કોઇ ટીકી ટીકીને શરત્ચંદ્ર તરફ જોતો માલમ પડયો. રાવ કંપ્યો. તેજ માનવમૂર્તિ અહીં આવી હતી. તેનું ભુરા રંગનું મોઢું તિરસ્કારથી હસતું હતું. રાવને શરત્ચંદ્ર પણ થથરી જતો લાગ્યો.

પીસ્તોલ ફેંકી શરત્ચંદ્રે એક ચીસ મારી ને બારી તરફ દોડયો. પડદો તોડી તેણે બારીમાંથી કુદકો માર્યો. ગભરાએલો પોર્ટુગીઝ પણ તેની પાછળજ ગયો. રાવ પણ જવા ઉભો થયો. મૂર્તિનો તેને કડવો અનુભવ થયો હતો. તે ભયથી કંપતો હતો. બારી આગળ જઇ છાપરાંઓ પરથી ભાગતા શરત્ચંદ્ર ને તેના નોકરને જોઇ રહ્યો. દિવસે બારીમાંથી કુદકો મારીને નાસવું એને સહિસલામત લાગ્યું નહિ. તે પાછો ફર્યો. શરત્ચંદ્રે ફેંકી દીધેલી પીસ્તોલ લીધી ને દાદરના બારણા તરફ ગયો. મૂર્તિ ત્યાં ન હતી. દાદર આગળ ઉતરવા લાગ્યો; પણ તે એકદમ થંભી ગયો. અધરવચ્ચ પગથીઆં પર બેઠેલું એક પુતળું હતું. સૂર્યના જાળી વાટે આવતા પ્રકાશમાં તેનું ભુરૂં જાડું શરીર ચળકાટ મારતું હતું. રાવ પહેલાં ચમકયો પરંતુ કોઇ મનુષ્ય છે કે પૂતળું છે તે જોવા તેણે ઉપરથી લાકડી ફેંકી. પૂતળું સ્થિરજ જણાયું. લાકડી ઉછળીને દૂર પડી. સાવચેતીથી રાવ પૂતળાની પાસે આવ્યો; અને તેના અદબ વાળેલા હાથ ને મોઢે હાથ ફેરવ્યો. પોતાના હાથ તેને કળી જતા લાગ્યા. તેને પત્થરનું પુતળું માલમ પડયું.

રાવ ત્યાંથી બહાર રસ્તા પરના બારણા તરફ આવ્યો. દૂરથી કુમાર પોલીસને લઇ આવતો દેખાયો. તે આવી ચઢયા. રાવ પોલીસને લઇ અંદર દાદર આગળ ગયો.

"પેલું પુતળું કયાં ગયું!" રાવ દાદર તરફ જોતાં બોલી ઉઠયો. પુતળું ત્યાં ન હતું.

રાવ ને પોલીસો પાછા ફર્યા.

પ્રકરણ ૧૧ મું.

નિરાશામાં રાવ ને કુમાર ઘરની બહાર નીકળ્યા. આ ઘરમાંથી એમને ખાસ પત્તો ન મળ્યો.

"કુમાર, તે પુતળું મને અજબ લાગે છે."

"કાંઇક એવું જ છે. પત્થર છે કે માણસ તે સમજ પડતી નથી. શરત્ચંદ્ર વિષે કાંઇ માહિતી મેળવી કે?"

"હા, નજીવી. શરત્ચંદ્ર વિષવૈદ્ય છે પરંતુ પેલી મૂર્તિ એનાથી પણ બળવાન છે. એ કોણ છે તે સમજ પડતી નથી."

"હમણાં આપણે વીલીઅમ હીલ્સ પરના નલિનીકાન્તના મકાન તરફ જઇએ. ત્યાંથી આપણે કાંઇક પત્તો મેળવી શકીશું.'

બંને વીલીઅમ હીલ્સ તરફ આવ્યા. નલિનીકાન્તના મકાનના ઓટલા પર તેનો નોકર ઝાડુ વાળતો હતો. રાવે તેને પૂછ્યું.

"શેઠ અંદર છે કે?"

"હું જોવું છું સાહેબ! આપનું નામ શું?" નોકરે રાવ તરફ જોતાં કહ્યું.

"જા કહે કે રાવ ડીટેકટીવ તમને મળવા માંગે છે." નોકર તરફ બારિક દૃષ્ટિ નાંખતા રાવે કહ્યું.

નામ સાંભળી નોકર પહેલાં તો થડકીને ઉભો રહ્યો. પછી રાવને સલામ કરી નીચું જોઇ ઘરમાં ગયો. એ દેખાતો બંધ થયો એટલે રાવ ને કુમાર પણ એની પાછળ પાછળ ઘરમાં ગયા. નોકર એક મોટા સુશોભિત ઓરડામાં દાખલ થયો ને બારણું ખાલી બંધ કર્યું. તે ધીમેથી ઉઘાડેરાયલા

અવાજે બોલ્યો, "બાબુજી! રાવ ને તેનો સહાયક કાન્તિ-કુમાર અહીં છે."

બારણાની ફાટમાંથી રાવે અંદર જોયું તો એક આધેડ વયનો ને શરીરે પુષ્ટ માણસ ખુરશીમાં બેઠો હતો. રાવ તેને નલિનીકાન્ત તરિકે ઓળખી શકયો

નલિનીકાન્ત આશ્ચર્ય પામ્યો ને ખુરસીમાં ટટાર બેઠો.

"રાવ!" તે ધીમે અવાજે બોલ્યો, "કાસળ કાઢ એનું. જેમાં તેમાં સાળો માથાં મારે છે. અહીં વળી એને શું કામ છે! કુતરા જેવો છે."

"આપને મળવા માગે છે."

"એને કહે કે હું ઘરમાં નથી. આ મકાન આપણે બદલવું જોઇએ રાવને મારૂં શું કામ હશે? ઠીક, રમેશચંદ્ર બાબત પકડવા માગતો હશે. પરંતુ આપણે સહીસલામત છીએ."

રાવ વધારે સાંભળવા ન થોભ્યો. બારણાને હડસેલો મારી બંને જણા બંદર દાખલ થયા.

"હું તમને કેટલાક ગુન્હાઓ બાબત પકડવા માગું છું. તમે વિદ્યાસાગરને ગુમ કર્યા છે. રમેશચંદ્રનું ખૂન કર્યું છે." રાવે ગજવામાંથી પીસ્તોલ કાઢતાં કહ્યું.

નલિનીકાન્ત ખુરસીમાંથી ઉઠી ચાર પાંચ ડગલા પાછો હઠયો. તે શરીરે પુષ્ટ, દેખાવડો, સુંદર ગુલાબી ચ્હેરાવાળો કાળી ભ્રમર જેવી આંખો વાળો ને લાંબા કાળા ગુંચળાવાળા કેશવાળો માણસ હતો તેના દેખાવને આચરણમાં આસમાન જમીનનો ફેર લાગ્યો.

"હું નિર્દોષ છું" નલિનીકાન્તે ટેબલની કોર ધ્રૂજતે હાથે પકડતાં કહ્યું. "મી. રાવ! આવી વિચિત્ર રીતે જાસુ-સીનું કામ કયારથી કરતાં શીખ્યા છો?"

"આપે જોયું ત્યારથીજ" રાવે તિરસ્કારથી જવાબ

આવ્યો. “મી. નલિનીકાન્ત! તમારી લીલી ઘડીઆળ ચોરનાર હું છું.”

“તમે!” નલિનીકાન્ત અજાયબ થતાં બોલ્યો, “રાધા તરફથી એવી કાંઇ ખબર ન હતી.”

‘ રાધાજીના કૃષ્ણ !”

રાધાનું નામ બોલાતું સાંભળી નલિનીકાન્ત ચમક્યો, પરંતુ બહારથી ગુસ્સો બતાવતાં બોલ્યો, “ઘડીઆળ કોઇ ચોરી ગયું એવી મને ખબર મળી. મેં શરત્ચંદ્ર ધાર્યો; મેં ધાર્યું ન હતું કે આપ એક પૂરા બદમાશ છો. બાકી રાધાને તમે ક્યાંથી ઓળખો?”

“મી. નલિનીકાન્ત! બોલતાં સમાલજો, વધુ બોલશો તો નાહકના આપ બદનામ થશો. રાધાને હું ક્યાંથી ઓળખું એ આપ રાધાનેજ પૂછી ખાત્રી કરજો. શરત્ચંદ્ર જોડે આપને કેવો સંબંધ છે?”

“કાંઇ નહિ.”

“તમે જુઠું બોલો છો. તમે એકમેકના વિરોધીઓ છો. શરત્ચંદ્ર ને ચંદ્રરાવ નાસી છુટ્યા.”

“શું—”

“હા! તમારી યુક્તિ સફળ થઇ. તમારૂં પુતળું—”

“મારૂં પુતળું!” નલિનીકાન્ત અજાયબ થઇ બોલી ઉઠ્યો.

“હા, તમારૂં.”

“તમે શું કહેવા માગો છો તે હું સમજતો નથી.” નલિનીકાન્તે અજાણ્યા થતાં કહ્યું.

“ઠીક! ન સમજો તો અંધકારમાંજ રહો.” રાવે તિરસ્કારથી કહ્યું.

“તમે સીધી રીતે કબૂલ કરો એમ લાગતું નથી.”

મને ખબર નહિ એ બાબતમાં હું આપને શું કહી શકું.” નલિનીકાન્તે પોતે નિર્દોષ છે એમ બતાવતાં કહ્યું.

રાવ આ સમજ્યો "ત્યારે તમે ઉષા બાબતથી પણ અજાણ લાગો છો!"

"ઉષા કોણ? હમણા ખૂન થયું તે છોકરી! એ રાય-બહાદૂર વિદ્યાસાગરની પુત્રીને!"

"તમે એ બાબતથી પણ અજાણ લાગો છો. તમે નિર્દોષ છો. હા પરંતુ તમે જાણો છો કે હું નિર્દોષને પણ પકડું છું!"

"તે હું સારી રીતે જાણું છું. તમે લોકો જુલ્મી છો. મારી વિરૂધ્ધ કાંઇ પુરાવો?"

"પુરાવો?" કુમાર ગર્જી ઉઠયો. "મારા ધારવા પ્રમાણે વિશ્વગૃહમાં રાવ ફસાયા તે દિવસે દરિયા કિનારે ચંદ્ર-રાવ જોડે તમેજ હતા, તમે ગુન્હેગાર છો."

"ઠીક, કુમાર! આ ઘરમાં હું તપાસ કરી લઉં. એટલી વાર તું નલિનીકાન્ત ને એના નોકર પર દેખરેખ રાખ." રાવે નલિનીકાન્ત ને તેના નોકરના હાથમાં એકજ હાથકડી નાંખી, ને કુમારના હાથમાં એક રિવોલ્વર આપી ઘરમાં તપાસ કરવા માંડી.

સારાય ઘરમાં તપાસ કરતાં એને કાંઇ મુદ્દામાલ મળ્યો નહિ. ભોજનગૃહ તરફ ફરતાં તેને કોઇનું શરીર ઠોકરે ચઢયું. જોયું તો કુમાર ત્યાં બેભાન સ્થિતિમાં પડેલો હતો, તેના માથામાંથી લોહી નીકળતું હતું. કુમારના બેભાન શરીર-ને ઉંચકીને નલિનીકાન્તને મળ્યો હતો તે દિવાનખાનામાં આવ્યો, ત્યાં કોઇ ન હતું. "બદમાશો તાળી આપી નાસી ગયા છે." તે મનમાં બબડયો. એક સોફા પર કુમારને સુવાડયો અને તેને માથે પાટો બાંધી, એની જોડેના બીજા ઓરડા આગળથી પસાર થતો હતો, ત્યાં એની નજર અંદર કોઇ બેઠેલા માણસ પર પડી.

રિવોલ્વર હાથમાં લઇ એ ઓરડામાં દાખલ થયો. કાળા પોષાકમાં સજ્જ થએલ કોઇ અંગ્રેજ જેવી વ્યક્તિ ખુરસી પર બેસી કાંઇ લખી રહી હતી.

"તમે કોણ છો?" રાવે એક હાથ રિવોલ્વર પર રાખતાં કહ્યું.

"હું પણ તમને એજ સવાલ પુછું છું. પેલા માણસે ઉભા થતાં કહ્યું, "મને કહેવા દો કે તમે જે કાંઇ કહેશો ને કરશો તે તમારી વિરૂધ્ધ પુરાવામાં આવશે મી. નલિનીકાંત.''

"નલિનીકાન્ત હમણાં અહીંથી ભાગી ગયો છે. હું રાવ ડિટેકટીવ."

"કોણ? મી. રાવ! તે વ્યકિતએ હસ્તધુનન કરતાં કહ્યું. "હું હુગલીનો ડિટેકટીવ સુપ્રીન્ટેન્ડન્ટ નેરોલ્ડ કલાઇન છું. બે દિવસ પર તમે હુગલી આવ્યા હતા, તે મને ખબર મળી એટલે હું તે વિશ્રાંતિગૃહમાં તમને મળવા આવ્યો હતો પણ તમે ન હતા. અહીં હું નલિનીકાન્તને કેદ કરવા આવ્યો છું. પરંતુ મેં સઘળું ઘર ખાલી જોયું ને બારણાં ખુલ્લાં દીઠાં. પછી મેં પેલા છોકરાને—''

"એ મારો સહાયક કુમાર."

"એનું નામ પણ હવે બહુ સંભળાય છે. બહુ હોશિયાર છે. હું બધી નોંધ લેતો હતો એટલામાં તમે આવી પહોચ્યા. ઠીક, પણ તમે ડિટેકટીવ છો તેનો કંઇ પુરાવો?'' નેરોલ્ડે રાવ તરફ બારિકીથી જોતાં પુછ્યું.

"આ જુઓ.'' રાવ ગજવામાંથી સરકાર તરફથી મળેલો સોનાનો ચાંદ કાઢતાં બોલ્યો.

રાવ નેરોલ્ડને જોડેના દિવાનખાનામાં લઇ ગયો, અને કુમાર પાસે ધુંટણીએ બેસી ગયો તથા દિલગીરિભર્યા અવાજે બોલ્યો, "મારા કુમારને સખ્ત ઘા થયો છે."

"હવે કંઇ હરકત જેવું નથી. લો, આ દવા ઘા પર લગાડો." નેરોલ્ડે ગજવામાંથી એક શીશી આપી.

રાવે તે દવા ચોપડવા માંડી.

"હું મકાન શોધું તો તમને કાંઇ અડચણ છે?" નોરોલ્ડે રાવ તરફ જોતાં પુછ્યું.

" ઘણી ખુશીથી, સાહેબ !"

" કલાઇન ઓરડા બહાર ગયો. રાવે એને બધું શોધવા માટે ઉથલાવતો હોય એમ સાંભળ્યું, તે દરમિયાન એ કુમારને સાવધાન કરી રહ્યો હતો. પોતાના ગજવામાંથી તેણે એક શીશી કાઢી, અને તેમાંનું પ્રવાહી કુમારના ગળામાં રેડ્યું. કુમાર ધીમે ધીમે સાવધાન થયો અને ભયભીત થએલો બેઠો થતો એકદમ બોલી ઉઠયો, " નલિનીકાન્ત કયાં છે ?"

" ન્હાસી ગયો."

" તમે એ લોકોને હાથકડી નાંખી એટલે હું એમ સમજ્યો કે હવે આ લોકો કયાં જવાના છે? તેથી નિરાંતે રિવોલ્વર બાજુએ મુકી, હું દિવાનખાનામાં શોધખોળ કરવા લાગ્યો. તે દરમિયાન એ બંને જણા ખસતા ખસતા રિવોલ્વર પાસે આવ્યા, અને રિવોલ્વર પગ નીચે નાંખી. એનો અવાજ સાંભળી હું ચમકયો ને જોયું તો રિવોલ્વર નલિનીકાંતે પોતાના પગ તળે દાબી હતી; વધુ અજાયબીથી જોયું તો નલિનીકાન્તે પોતાનો હાથ રબ્બરની માફક આમળવા માંડયો, અને કડીમાંથી હાથ કાઢી નાંખીને છુટી ગયો. મેં બૂમ પાડવા પ્રયત્ન કર્યો પણ મને પકડી લીધો, માથામાં કડી મારી. પછી શું થયું તે મને ખબર નથી. જબરો બદમાશ છે." કુમારે ઉભા થતાં ચારે તરફ નજર નાંખતાં કહ્યું.

" કાંઇ હરકત નહિ."

નોરોલ્ડ ઘરમાં છે કે નહિ તે જાણવા રાવ દિવાનખાનાનાં બારણાં આગળ આવ્યો. એટલામાં ખડખડાટ હસતો નોરોલ્ડ આવી પહોંચ્યો. રાવના હાથમાં એક પાકીટ મૂકતાં કહ્યું, " મારે જરૂરનું કામ છે. આ કાગળમાં બધી હકીકત છે."

નોરોલ્ડ કલાઇન ચાલ્યો ગયો, રાવે પાકીટ ખોલ્યું. ભય ને આશ્ચર્યથી તે વાંચી રહ્યો.

પ્રિય રાવ સાહેબ !

મારો ચ્હેરો રબ્બરનો બનેલો છે, અને મારાં કાંડાં પણ તેજ વસ્તુનાં છે સાહેબ. મારા મોઢા પર મેં થોડી ચાવીઓ ફેરવી એટલે હું નેરોલ્ડ કલાઇન રૂપે ફેરવાઇ ગયો. તમે કેમ અજાણ્યા માણસનો વિશ્વાસ રાખ્યો? હવે ભવિષ્યમાં સમાલજો. કોણ બેવકુફ બન્યું ?! વિચારો."

આપનો હિતેચ્છુ
'નલિનીકાન્ત'

નોરોલ્ડ કલાઇન ઉર્ફે નલિનીકાન્ત પલાયન કરી ગયો હતો.

"કુમાર ! આપણે બેવકુફ બન્યા. જબરો બદમાશ છે."

"આપણે છેતરાયા, હવે શું કરવું?"

"દુષ્ટને મારી નિર્બળતા શેમાં છે, તે ખબર છે. મેં લાંબો વિચાર કર્યો નહિ અને એના પર નોરોલ્ડ કલાઇન તરીકે ભરોંસો રાખ્યો. કેટલો ચાલાક ને હિમ્મતવાન ! વળી પાછી જે વસ્તુઓ બાકી રહેલી તે ઘરમાંથી લઇ ગયો. હવે આપણે પોતપોતાના મકાન પર જઇએ. તું જરી આરામ લઇને રાયબહાદુરને ત્યાં જા. હું મારૂં આ કામ કરીશ. પણ સમાલજે."

"ઠીક."

બે પોલિસોને બોલાવી, ઘર તેમના કબજામાં સોંપી રાવ ને કુમાર પોતપોતાના મકાન પર ગયા.

પ્રકરણ ૧૨ મું.

રાત્રે સાડાસાતને સુમારે કુમાર રાયબહાદુરના બંગલા તરફ જવા નીકળ્યો. બંગલા આગળ આવી જે બાગમાં રાયબહાદુરની પોષિત શાન્તાને મળ્યો હતો, તે બાગને છેડે આવ્યો. લગભગ પાંચેક મિનીટ આંટા માર્યા હશે એટલે બદમાશોના ટોળામાં જોએલી શાન્તા આવી ને મીઠા સ્વરે કહ્યું, “ કેમ કાન્તિકુમાર ! કયારના આવ્યા છો ? ”

“ હમણાંજ. પાંચેક મિનિટ થઇ હશે.” કુમારે તેના સર્વાંગ પર એક દૃષ્ટિ નાંખતાં કહ્યું.

શાન્તાએ એક સફેદ સાડી ને કસુંબા રંગની ચોળી પહેરી હતી. સફેદ સાડી શોક પ્રદર્શિત કરતી હતી, અને આછા ચંદ્ર પ્રકાશમાં પણ તેનું લાલ પોલકું મસ્ત યાવનની ઝાંખી કરાવતું હતું. તેના મોઢાપર લાલી હતી. એ લાલી લજ્જાની હતી, થાકની હતી કે શૂરતાની હતી તે ઝાંખા પ્રકાશમાં કથવું એ અશકય હતું. તેની ઝીણી આંખો કુમારને તાકી રહી હતી. તેના કેશ સંમાર્જીત હતા. ગળામાં મોતીની માળા ને કંઠો, અંબોડા નીચે વીજળીનું ભાન કરાવી, કંઠમાં ચંદ્રની ત્રીજી કળાનું ભાન આપી, છાતી પર ગંગા યમુના માફક બે પ્રથક પ્રવાહો વહેવડાવી સ્તનકલશોને પર્વત જેવું રૂપ આપી, બે પ્રવાહોને મેળવી દઇ આગળ ધોધબંધ વહી કયાં ને કયાં ગુપ્ત થઇ જતા હતા. તેના કપાળ વચ્ચેનો ચાંદલો પશુપતિના ત્રિનેત્રનું ભાન આપી તેનો માથા પર સહજ ઉંચો આવતો અંબોડો જમણી બાજુએથી ગંગા માફક વહી હિમાલયના જંગલો માફક ચોળી નીચે ઢંકાઇ જતો હતો. વક્ર અંબોડાની ડાબી બાજુએથી યમુના પણ ઘૂઘૂવાટા કરતી અયોધ્યાના ફળદ્રૂપ પ્રદેશમાંથી વહી વચ્ચેનાં આછા જંગલોમાં જાહ્નવીને મળી તેનો મિશ્ર પ્રવાહ જંગલો વચ્ચે ભયંકર

ખીણો પાડી, સુંદર વનમાં રમતો વહી બંગ ઉપસાગરમાં અદૃષ્ય થઇ જતો હતો. તેનાં શ્વેત વસ્ત્રની બહાર નીકળતાં કમળ શાં ચરણો જાણે ધુમ્મસથી ઢંકાએલા બંગ ઉપસાગરની બે બાજુએ આવેલા કર્ણાટક ને બ્રહ્મદેશનો દક્ષિણ પ્રદેશ હોય એમ લાગતું હતુ, તેના પગની અંગુલિઓના ધવલ નખો ચંદ્રિકામાં જાણે હિંદી મહાસાગરનાં ઉછળતાં મોજાંથી થતું ફીણ હોય તેમ ભાસતું હતું. તેના નવપલ્લવ ને નવાંકુર વેલની દાંડી શા કોમળ હસ્તો પોતે અસમર્થ ને અશકત છતાં જાણે મહાન્ કેળના સ્તંભને મૂળમાંથી પકડી રહ્યા હોય તેમ (સીધા જંઘાને અડકાડી રાખેલા હોવાથી) ભાસતું હતું.

કુમાર તેના રૂપનું પાન કરી રહ્યો. તે મુગ્ધ થઇ ગયો હતો. તેને પોતાના મનની શાંતા જોડે સરખાવવા લાગ્યો. શું આજ પોતાના પ્રેમનું પાત્ર શાંતા? તેનું હૃદય ઠોકીને ના કહેવા લાગ્યું; પણ બુદ્ધિ વિચારસાગરમાં ભ્રમણ કરવા લાગી. આ અપ્સરા જેવી સુંદરી છતાં તેના પર વિશ્વાસ બેઠો નહિ, વ્હેમની નજર એ ખેંચી શકયો નહિ. તેના રૂપથી મુગ્ધ થયો, અંજાયો, તેના પ્રત્યેક અંગ ને ઉપાંગો તરફ આતુર દૃષ્ટિ ફેંકી રસપાન કરતો હતો છતાં તે અંધતા કે મોહિતતા ન હતી. તેને ફકત માનુષિક સામાન્ય દૃષ્ટિ સમજી. 'સુંદરતાનું નિરીક્ષણ કરવાનો સર્વને અધિકાર છે.' એમ સમજ્યો, તેને આથી વિકાર કે પ્રેમ ઉદ્ભવ્યો નહિ. ફકત અદ્‌ભુતતાનું ભાન થયું, અદ્‌ભુતતા અસામાન્ય લાગી. તે વિચારમાં પડી ગયો, તેની દૃષ્ટિ શાંતા તરફ ચોંટી રહી. શાંતા પણ કુમારનું યુવાન રૂપ નિહાળી રહી હતી. તેનું સુંદર ગોળ ઘાટીલું માથું, હવામાં ઉડી રહેલા ચાર આંગળ લાંબા કાળા ભ્રમર જેવા કેશ, તેની ચમકારા મારી રહેલી વ્યાઘ્ર જેવી લંબગોળ આંખો, પહોળી, બેઠેલી પણ અણી-આળી નાસિકાઓ, પાન ચાવતો હોવાથી કસુંબા શા હોઠ, ને તેની ઉપર કમાન મારી રહેલી દોરો પણ નહિ ફુટેલી મૂછો તેના યુવતિ શાં રૂપમાં વધારો કરી રહ્યાં હતાં. શાંતા આ

સઘળું જોઇ રહી હતી. તેની દૃષ્ટિ વિકારિત હતી કે અવિકારિત તે કુમાર કળી શકયો નહિ. ઝાંખી ચંદ્રિકા, ઉદ્યાન ને એકાંતે આ મેળાપમાં શાંતામાં વિકારીપણું આણ્યું, તે સુરેશ પરનો પ્રેમ ભૂલી જતી લાગી, એક વાર વાદળાં નીચે છુપાએલા ચંદ્ર તરફ દૃષ્ટિ ફેંકી પાછી તેણે કુમાર પર દૃષ્ટિ નાંખી. તેનો પ્રેમ કહો કે વિકાર કહો તે તેને અસહ્ય લાગ્યો, ચોળીના ગજવામાંથી રૂમાલ કાઢી કપાળપરનો સ્વેદ લુછવા લાગી. તે કાઢતાં તેનું ખભા પર રહેલું વસ્ત્ર સરી છેક કમ્મર પર આવ્યું, તે બેદરકાર લાગી, કોણ જાણે તેને શું થઇ આવ્યું. તે એકદમ કુમાર તરફ ધસી, બે હાથોથી વેલીની માફક વીંટળાઇ વળી, ને આર્જવતાથી બોલી, "કાન્તિ, દેવ! તમારામાં ન જોએલી દિવ્યતા છે, તમારામાં અકથ્ય પુરૂષરૂપ છે, તમે શા માટે આ રૂપ ધર્યું ?! અત્યારે શા માટે મને મળ્યા? દેવ! તમે મને ઘેલી કરી, મારામાં કદી ન આવેલી ઉર્મીઓ આવી, મારી ઇચ્છા પુરી પાડો."

"શાંતા! શાંતા! આ શું? આ ઘેલછા શી? મને છોડી દે. તારામાં કામ આવ્યો છે." શાંતાના બે હાથ છૂટા કરવાનો પ્રયત્ન કરવા લાગ્યો. કુમાર આભો બની ગયો હતો. આ સ્ત્રીની હિમ્મતથી તે આશ્ચર્ય પામ્યો, તેને આ ન ગમ્યું.

"હૃદયદેવ! તમે આવા બેરહમ કયાં? હું ઝળી જાઉં છું. હું કબૂલ કરૂં છું કે મારામાં કામ વ્યાપ્યો છે પરંતુ કામની દોરાઇ હું કહેતી નથી, મારૂં હૃદય કહેવડાવે છે. મારી માગણી કબૂલ રાખશો?" હજીએ કુમારને વળગી રહેલી શાન્તાએ કહ્યું.

"શાન્તા! આ શી ગાંડાઇ? તું મને છોડી દે, પછી આપણે સ્વસ્થ ચિત્તે વાત કરીએ." કુમારે શાન્તાથી છૂટા થવાની યુક્તિ વાપરતાં કહ્યું.

"ના! ના! ના! ના! પહેલાં—"

"શાન્તા તું ગાંડી છે. પહેલાં તું છોડ. પછી તારી યોગ્ય માગણી કબૂલ કરીશ." શાન્તાનો એક ઢીલો થએલો હાથ છૂટો કરતાં કુમારે કહ્યું.

શાન્તા થોડી નમ્ર બની તેણે ધીમેથી બીજો હાથ ખેંચી લીધો. કુમારની સામે ઉભી થઇ એક કટાક્ષ મારી તેના પગ આગળ બેસી ગઇ. ચાતક જેમ ઉંચુ મુખ કરી વર્ષા બિંદુની રાહ જુવે તેમ તે કુમારના મુખ તરફ જોઇ રહી.

"શાન્તા! આમ નહિ. ચાલ આપણે પેલા બાંક પર બેસી વાત કરીએ. તું જરી શાંત થા." કુમારે ચાલવા માંડયું. શાન્તાએ તેના પગ પકડી લીધા ને તે આર્જવતાથી બોલી, "પ્રાણાધાર! તમે આટલા ઘાતકી ક્યાં! તમે મને અહીં શા માટે બોલાવી? દેવ! મારી ચોરેલી વસ્તુ કયાં લઇ જાવ છો!?" શાન્તાની વેદના અસહ્ય થતી ગઇ. તેની તે ક્ષુદ્ર વાસના ન હતી, પરંતુ પવિત્ર પ્રેમજ્યોતિ ભડભડ બળી રહી હતી. શાન્તા હોમાઇ રહી હતી. તેનો પ્રેમી ના પાડતો હતો. કુમાર એમ ધારતો હતો કે આ શાન્તા ન હોય શું સ્ત્રીની આટલી હિંમત હોય! આટલી નિર્લજ્જતા હોય! હોઇ શકે. કારણ પ્રેમ શું નથી કરાવતો? તેમાંએ સ્ત્રીનો પોતાના મનના માનેલા જોડે પ્રેમ! તેમાં સમય ને સ્થાન પુષ્ટિ આપે તો પછી પૂછવુંજ શું! કુમારના પગો પકડી શાન્તા તેના મુખ સુધાનું પાન કરી રહી.

શાન્તાના મુખ પર દીનતા શુદ્ધ હતી. તેના મુખ પર શરમના શેરડા આવી ગયા હતા. પોતાના સ્ત્રી સ્વભાવની વિરૂદ્ધ પોતે કરી રહી છે એમ શાન્તાને સ્પષ્ટ લાગતું હતું. છતાં પોતાના પ્રેમીને છોડી પોતે ઝુરાઇ મરવા રાજી ન હતી. એ સત્ય કે બદમાશોમાં ભળેલી શાન્તામાં સ્વભાવિક રીતે તેઓના સાહસ, અવિચારીપણું હોય; તે સાહસ ને અવિચારી પણાએ શાન્તાનું સ્ત્રીમાન ગુમાવ્યું, પોતાનું મનનું ધારેલું ન થાય એ એને અશકય લાગ્યું. સુરેંદ્ર તરફની લાગણી

ઉર્મિ લાગી. બદમાશોમાં ભળેલી અને યૌવનના બળે તે યુવાન પુરૂષને પહેલાં જોવા પામી તેની તે વાસના હતી ને બદમાશો તરફનું દબાણ હતું. કાન્તિકુમાર આગળ સુરેંદ્ર એને તુચ્છ લાગ્યો.

" શા માટે સતાવો છો ? અરેરે કાન્તિકુમાર ! તમે..." શાંતા વધુ ન બોલી શકી. તે ધીમું ધીમું રડવા લાગી. તેણે કુમારના પગ છોડી દીધા. કુમારને શું કરવું તે સુઝ્યું નહિ. આ નવયૌવનાને લાત મારવી તેને યોગ્ય લાગી નહિ, તેની ઉછળતી ઉર્મીઓને એકદમ દાબી દેવી એ તેને અયોગ્ય ભાસ્યું. તેણે નીચા વળી શાંતાના બે હાથ પકડીને ઉભી કરી, અને ધીમે ધીમે નજીકના બાંક પાસે લઇ જઇ પોતાની જોડે બેસાડી. ધીમે સ્વરે કુમારે પ્રકરણ આરંભ્યું.

" શાંતા ! તું મને કહેશે ખરી કે તું અહીં કેમ આવી ? "

" કાન્તિકુમાર ! કુમાર ! સાચું પુછો તો તમારી જોડે મારે આ થઇ ગએલી વિશ્રમ્ભકથા બીજા રૂપમાં કરવી હતી. પરંતુ તમારૂં અનિમિષ મારા તરફ જોવું, અને મારૂં તમારા તરફ જોવું એ બેથી, અને ત્રીજું સમય ને સ્થાનથી મારાથી એ પ્રેમનું ધીમાપણું સહન ન થયું. તમે કહેશો કે એ વિકાર છે, તો હું પણ કહું છું કે વિકાર છે. પરંતુ મારો તમારા તરફ તમને જોયા ત્યારનોજ પ્રેમ છે. હું તમારા પર મુગ્ધ થઇ હતી. નહિ તો હું તમને શા માટે બધું બતાવત ? બદમાશ કને કેમ પકડાવી ન દેત ? પણ કુમાર ! મારૂં સ્ત્રીહૃદય તમારા માટે બળી રહ્યું છે. હું ઝળી જાઉં છું. કુમાર ! તમે ફકત ' હા ' કહો." શાંતા કુમાર તરફ આતુર નયને જોઇ રહી.

" શાંતા ! એ ઉર્મીઓની તાણી શા માટે તણાય છે ? જરી વિચાર કર, આપણે ફરી કાલે મળશું." કુમારે શાંતા કને ઉંડો વિચાર કરાવવાનું યોગ્ય ધાર્યું.

" કુમાર ! ગઇ કાલે મેં સારી રાત વિચાર કર્યો. હવે

શું વિચાર કરૂં ? હું વિકારની દોરાઇ દોરવાતી નથી. મારા પુખ્ત વિચારનું પરિણામ છે. તમે હા કહો એટલે મને ધીરજ રહેશે."

"શાંતા! હું તને ચાર દિવસ પછી જવાબ દઇશ."

"ના! ના! કુમાર! એટલી ધીરજ મારામાં નથી. તમે ફકત હા કહો. પછી..."

"હું કહીશ. પરંતુ..." કુમારે સમય ટાળવાનો વિચાર કરી કહ્યું. તેને શાંતાનાં બે સ્વરૂપ લાગ્યાં, તેને ખાત્રી કરવાનો વિચાર થયો.

"પરંતુ શું ? કુમાર! તમે નિર્દય છો. શા માટે બાળો છો ?" શાન્તા અધીરી થતાં બોલી.

"શાન્તા જરા વિચાર કર. આ જીંદગીનો સવાલ છે. એક મહા પશ્ન છે. એકદમ જવાબ કેમ દેવાય ? તુંજ જરી વિચાર કર."

"મેં વિચાર કર્યો. પૂર્ણ વિચાર કર્યો છે. તમે નાહકની મને પજવવી ધારી છે."

"ના! શાંતા! હું ખરૂં કહું છું કે હું તને નાસીપાસ નહિ કરૂં." ચાર દિવસ પછી શાંતા (રાયબહાદુરની)ને આ શાંતા એક છે કે કેમ તે બેનો શું સંબંધ છે તે એની માસીને પુછીને ચોક્કસ કરીને જવાબ દેવા ધાર્યો. વધુમાં આ સ્ત્રીને ઠોકરે ચઢાવીને પાછી બદમાશોમાં રહેવા દેવી એ યોગ્ય ધાર્યું નહિ.

"કુમાર! હું સમજું છું. તમારા મનની ગડભાંજ જાણું છું. તમે ખોટા મુંઝાવ છો, તમે ખાત્રી રાખજો કે તમારી ઇચ્છાને આડે હું નહિ આવું." શાંતાએ એક ગુપ્ત મુદ્રાથી કહ્યું. કુમાર આ સમજી શકયો નહિ.

"શાંતા! હું તને ખાત્રી પૂર્વક કહું છું કે હું તને નાસીપાસ નહિ કરૂં, છતાં તું શા માટે દબાણ કરે છે! તું આટલું મારૂં કહ્યું નહિ માને!"

આ છેલ્લા વાકયે શાંતાને ધીમી બનાવી. કુમારનું બોલવું યોગ્ય લાગ્યું, "ત્યારે શું તમે જરૂર ચાર દિવસ પછી મળશો ?'

"હા જરૂર! સુરેંદ્રને બાંધ્યો હતો તે ઝાડ નીચે."

"ઠીક!" શાંતાએ વિચાર કરતાં કહ્યું.

"શાંતા! હવે તું મને કેહશે કે ઉષા જીવતી છે કે કેમ? તું મને જો તારૂં પ્રેમપાત્ર સમજતી હોય તોજ કહેજે. હું વિશ્વસનીય હોઉં તોજ કહેજે." કુમારે પોતાના મળવાનો ખાસ હેતુ જણાવ્યો,

"કુમાર! ઉષાની અંગુઠી તેના કપાએલા હાથ પર હતી. તે હાથ ઉષાનો કદાચ ન હોય એવો મને શક જાય છે. બદમાશોએ કદાચ કોઇ બીજી નવયૌવનાનો અંત આણ્યો હોય. પરંતુ મને તો એમજ માનવવામાં આવ્યું છે કે ઉષાનું ખૂન કર્યું."

"મને પણ તેજ શક છે. ઉષા હશે તો પેલા બારી-વાળા ઓરડાની નજદીકમાં હશે. બદમાશોએ મનુષ્યહત્યાઓ કરીને માંસ ત્યાં નાંખ્યું છે. ઉષાને મારવાથી એ લોકોને ફાયદો છે."

"શું?"

કુમારે શાંતા તરફ એક સ્થિર દૃષ્ટિ માંડીને મીઠું હાસ્ય કરતાં કહ્યું, "તું રાયબહાદુરની દોલતની માલીક થાય." શાંતા કમ્પી ઉઠી, તેણે કહ્યું, "ના, મારે એ પૈસા ન જોઇએ; મારા મામાને હું છેહ કદી ન દઉં."

"શાંતા! તું મને છેતરવાનો પ્રયત્ન કરે છે. મારી દેખતી આંખે ધૂળ નાંખે છે?" કુમાર જાણે દુઃખી થતો હોય એવા અવાજે કહ્યું.

"કુમાર! મારી આવી માગણી છતાં પણ હું તમને છેતરીશ!!! મારૂં હૃદય તમને અર્પ્યા પછી પણ હું તમને છેહ દઇશ એવો તમને ભય છે!?" શાંતા ગળગળી થઇ

ગઇ. ગળુ રૂંધાતુ હોય તેમ તેના શબ્દો ધીમા પડતા ગયા.

"શાંતા! હું શું કરૂં? તારાં વચન પરથી તો નથી લાગતું. મારૂં હૃદય પણ ના કહેવડાવે છે. પરંતુ......"

"પરંતુ શું? કુમાર! કહો કે તારૂં વર્તન આવું છે. તમને એમ લાગતું હશે કે હું સ્ત્રીચરિત્ર કરૂં છું. કુમાર! કુમાર! તમે વ્હેમી કયાં?" શાંતા વધુ બોલી ન શકી તેની આંખોમાં ઝળઝળીઆં આવ્યાં. તે કુમાર સામું તાકી રહી.

"શાંતા! આમ ખોટું ન લગાડ. તારા પર વહેમ નહિ લાવું. પરંતુ અમે લોક ડીટેકટીવ રહ્યા એટલે સ્વભાવિક રીતેજ વહેમ આવે." કુમારે રદીઓ રજુ કર્યો.

શાંતા થોડીવાર શાંત રહી. ઉભયનું તારામૈત્રક રચાયું.

"હા, આવે! ઘરનાં માણુસ પ..." શાંતાએ એક મધુર હાસ્ય કરી આડું જોયું. કુમાર પણ હસવા લાગ્યો.

"શાંતા તારા પર વહેમ કયાં લાવું છું?"

"હા, કયાં લાવો છો! આ શું ત્યારે? તમને વિશ્વાસ નથી."

"છે. તું મને ફરીથી તે ભોંયરામાં લઇ જશે.?" કુમારે શાંતાને કસવા પૂછયું.

"હા પરમ દિવસે રાત્રે તેજ વખતે આવજો."

"ઠીક! મને..." કુમાર બોલતો અટકી ગયો. તેને હજુ શાંતા પર થોડો સંશય જતો હતો. "મને કયાં મળશે?"

કુમારે વાકય પ્રવાહ બદલ્યો.

"બારણાં આગળ."

કુમારે આ સમયે આ શાંતાને મોઢે તેનું ખરૂં નામ જાણુવાનું યોગ્ય ધાર્યું નહિ. હજી તેને પોતાની પ્રેમપાત્ર શાંતાને મળવું હતું. તેને મોઢે થોડી હકીકત મેળવી તેની માસી કનેથી માહિતી મેળવવી હતી. ઉષાની બાબત એને ભોંયરામાં જઇ માહિતી મેળવવા ધારી. તેને કાંઇ બદમાશો ને માનવ મૂર્તિ વિષે જાણુવાની ઇચ્છા થઇ.

"શાંતા! પેલી માનવમૂર્તિનું નામ શું!"

"વ્યંકોજી. એક મરાઠા છે, વિષવિદ્યામાં મહા બાહોશ છે. એ મૂર્તિનું રૂપ ધારણુ કરે છે તે વખતે શરીરે કાંઇ ભૂરો પદાર્થ લગાવે છે. મૂર્તિરૂપ ધારણુ કરે છે, ત્યારે જાણે પત્થરનીજ મૂર્તિ લાગે છે પરંતુ એ વ્યિકિતમાં હજી મને કાંઇ સમજ પડતી નથી. કોઇક વાર તો જાણે પત્થરજ હોય એમ લાગે છે ને પત્થર પ્રમાણે ગબડે છે. છતાં માણસ પ્રમાણે ઉભો થઇ દોડે છે. બહુ વિચિત્ર ને અદ્ભુત માણસ છે. બીજો નલિનીકાન્ત નામે એક બદમાશ છે, એ એક માનવરૂપધારી રાક્ષસ છે, અસત્યની પ્રતિમા છે. કેટલીક વાર તો તે માયાવી કાર્યો કરે છે; પરંતુ વ્યંકોજીથી બધાજ બી'તા રહે છે. એની કને કાંઇ અજબ શકિત છે." શાંતા એ મુખ્ય પાત્રો વિષે પોતે જે કાંઇ જાણુતી હતી તેનું સ્ફોટન કુમાર પાસે કરતાં બોલી. પોતાના પ્રેમી પાસે ગુપ્ત વાતો ફોડી દેતાં તેણે બિલકુલ આંચકો ખાધો નહિ, તે જોઇ કુમારનો તેના પર સખ્ત વિશ્વાસ બેસી ગયો.

"શાબાશ! શાંતા! તેં મને એક ઘણી અગત્યની બાતમી આપી છે, તે બદલ તારો જન્મભર ઋણી રહીશ." કુમાર શાંતા તરફ એક શાંત પણ મીઠી દૃષ્ટિ ફેંકતાં બોલ્યો.

આ શબ્દો અને દૃષ્ટિ શાંતાને અર્થસુચક ને ભાવવાહી લાગ્યાં. એક કટાક્ષ ફેંકી તે ઉભી થઇ. "દેવ! હવે મને જવાની રજા આપશો? નહિ તો શોધાશોધ કરી મુકશે. પરમ દિવસે મને મળજો. પછી આપણે બીજો વિચાર કરીશું."

"શાંતા! તને ત્યાં રહેવું કેમ ગમે છે?" દયા બતાવતાં કુમારે પુછ્યું.

"કેમ કરૂં! ઉષા જીવતી હશે તો સહીસલામત લાવીશ અને પછી હું આપના રક્ષણુમાં આવી રહીશ. મારે મે'ણું ટાળવું છે, મારા મામાને વફાદાર રહેવું છે." શાંતાએ નિરાશા અને આશાનું ભેગું દર્શન કરાવ્યું.

"ઠીક, જા ત્યારે." કુમાર શાંતા તરફ જોઇ બોલ્યો.

" તમે...."

" હું થોડી વાર અહીંજ બેસી રહીશ."

" જાઉં છું, પણ જો જો મારી આશાને પગ તળે કચરી ન નાંખશો." શાંતાની આંખમાંથી એક અશ્રુ ખરી પડ્યું.

" બેફિકર રહેજે." કુમાર ધીરજ આપતાં બોલ્યો.

શાંતા ગઇ. કુમાર તેને જતી જોઇ રહ્યો. તેને આ માત્ર અદ્દભુત લાગ્યું. પરંતુ કાંઇ ચોક્કસ નિર્ણય પર આવતાં પહેલાં પોતાના પ્રેમ પાત્ર શાંતાને જોવા વિચાર કર્યો. ત્યાંથી ઉઠી એ રાયબહાદુરના બંગલા તરફ આવ્યો. ને મકાનના મુખ્ય દ્વારમાં પેઠો. લગભગ સાડાનવનો સુમાર થયો હશે. ઘરના છેક અંદરના ભાગમાં નોકર ચાકરો કામ પુરૂં કરી સુવા જવાની તૈયારીમાં હતા. કુમાર ઘરમાં આગળ વધતો હતો એટલામાં ઘરના ભીતરમાંથી શાંતા હાથમાં એક સફેદ રેશમી સાડી લઇને અંદરના દાદર પર ચઢી ગઇ. સફેદ સાડીએ કુમારને વહેમાવ્યો. નોકરની નજર ચુકાવી તે દાદર પર ચઢી ગયો. તરતજ સામેથી રાયબહાદુરને આવતાં જોયા. કુમારે તરત સમયસુચકતા વાપરી તે સીધો રાયબહાદુર પાસે ગયો ને કહ્યું, " આપના બંગલા તરફ તપાસ માટે આવ્યો હતો એટલે આપને મળવા આવ્યો. આપના ઘરમાં હજી જોઇએ એવી વ્યવસ્થા નથી. હું ઘરમાં આવ્યો તે કોઇને ખબરજ નથી. મારે આપનું ખાસ કામ છે."

" શું ?" રાયબહાદુરે અધીરા થઇ પૂછ્યું ને કાન્તિકુમારને દિવાનખામાં લઇ આવ્યા. તે વખતે ત્રીજે માળે શાંતાના ઝાંઝરનો અવાજ થઇ રહ્યો હતો. કુમારે તે બરાબર ધ્યાનમાં રાખ્યું.

" જુવો! જીવ સટોસટનું કામ છે. તમારે પરમ દિવસે મારી સાથે આવવું જોઇશે. ઉષાનું ખૂન થયું છે કે કેમ તેની મારે ખાત્રી કરવી છે."

" જરૂર આવીશ. હજી ઉષાનો કાંઇ પત્તો નથી !"

"ના! ખાસ નહિ."

"માનવમૂર્તિની કાંઇ માહિતી મળી?"

"હા, તે જીવતી જોત લાગે છે. પુરી બદમાશ વ્યક્તિ છે. તમારી પુત્રી જીવંત હશે તો તેનાજ કબજામાં હશે."

રાયબહાદુરના હાંજા ગગડી ગયા. પેપરોમાં માનવમૂર્તિ વિષે બહુ વાંચવામાં આવ્યું હતું.

"તે વિષે હમણાં ગભરાશો નહિ. તે કાંઇ કરી શકે એમ નથી ઠીક, ત્યારે હું રજા લઇશ. મારે આટલુંજ કામ હતું. પરમ દિવસે સાંજે સાત વાગે આપને મળીશ."

"બસ! ઠીક પધારજો."

કુમાર દિવાનખાનામાંથી નીકળી સીધો દાદર પર ચઢી ગયો. દાદરની સામેજ શાન્તાનો ઓરડો હતો. બારણું અધ-ખોલું હતું. કુમારે જોયું તો શાન્તા સુવાની તૈયારી કરી રહી હતી. શાન્તાની નજર બીજી તરફ હતી, એટલામાં કુમાર ઓરડામાં દાખલ થયો. બારણું ધીમેથી બંધ કર્યું ને પોતાની સહીસલામતી માટે કડી લગાવવા જતો હતો, એટલામાં શાન્તા ભયથી બોલી ઉઠી, "કોણ.......?" તે બહુ બીખી લાગી. તે વધુ બોલી ન શકી, શાન્તા ઓરડાની બારી તરફ દોડી. કુમારે પાછા ફરી ધીમેથી કહ્યું, "શાન્તા!"

આ પરિચિત સ્વર કાને આવતાં શાંતા પાછી ફરી. તરત તેણે કુમારની પાસે આવીને પુછ્યું, "રાત્રિને વખતે આવવાનું કારણ?" કુમાર વિચારમાં પડી ગયો, તેને લાગ્યું કે, શાંતા અજાણી થાય છે; હમણાંજ તે મને મળી ગઇ છે, તેની સફેદ સાડી પુરાવો છે. તે આ અકળિત વસ્તુ તરફ જોઇ રહ્યો.

આ વખતે શાંતાએ શરબતી મલમલની કોર વગરની સાડી પહેરી હતી, અંગે ચોળી પણ ન હતી. કુમારને આવતાં વેંતજ વ્હેમ તો આવ્યો, પરંતુ આ નગ્ન સૌન્દર્યે તેનો વ્હેમ થોડા સમયને માટે નાશ કર્યો. તેની બુદ્ધિ કહેતી

હતી કે, "અન્ય સ્ત્રીને આવી સ્થિતિમાં જોવી એ પાપ છે, લોકાચાર વિરૂધ્ધ છે." પરંતુ હૃદય કહેતું હતું કે, "એમાં શાનું પાપ ! પોતાના પ્રેમપાત્રને જોવામાં શું પાપ !" આ રણસંગ્રામમાં હૃદય જીત્યું. આ નગ્ન સૌન્દર્ય તેણે બારિકીથી જોવા માંડયું.

શરબતી મલમલની બારિક સાડીથી જાણે શાંતાના શરીર પર મસ્તક પરથી કેમ જોસબંધ પાણી પડતું હોય તેમજ લાગતું હતું. તે પાણી પડતાં તેની છાતી પર ફેલાઇ જતું, એટલે તેનાં ગોળ કુચદ્વય જાણે સુવર્ણના કળશો પર સફેદ કપડું વિંટાળ્યું હોય તેવા ભાસતા હતા; કુચની ઉપરનો કાળો ભાગ તેની ડીંટી સાથે સુવર્ણકળશને વધુ મોહકતા આપી રહ્યો હતું. તેની દૃષ્ટિ ત્યાંજ ખુંપી રહી. આ અત્યાચાર એની બુધ્ધિએ સહન ન કર્યો. તેને ડોળાને નીચા નમાવ્યા. પરંતુ નીચા નમતાં ડોળાએ પણ એક ત્રાંસી દૃષ્ટિ કુચ પરની રોમાવલી પર નાંખી લીધી, ત્યાંથી તે છાતી નીચેની રોમાવલી જોઇ રહ્યો. તેની બુધ્ધિ તેને વારંવાર નિર્લજ્જ કહી રહી હતી. પરંતુ હૃદય પોતાની પ્રિયતમાની પાસે શું બાધ છે એમજ કહી રહ્યું હતું. નીચે આવતા ધોધના જાડા થતા પ્રવાહથી તેની દૃષ્ટિ વધુ ન ચાલી શકી તેની બુધ્ધિ હરખાવા લાગી. તેની દૃષ્ટિ હજી નીચી નમી શાંતાના "ઉર્ધ્વ મૂલ મધઃ શાખા" શા કેળસ્થંભી પાદોને જોઇ રહી. કુમાર વધુ જોઇ ન શકયો. આટલો વખત શાંતા પણ કુમારને જોઇ રહી હતી. પોતે બારિક વસ્ત્ર પહેર્યું છે તે ભાન થતાં તે શરમાઇ ગઇ, ને તેમાં છુપાવવા પ્રયત્ન કરવા લાગી. પરંતુ રાત્રિ સમયનું ટુંકુ વસ્ત્ર તેને રક્ષણ આપે એમ ન હતું. તેથી આખરે તે બીજો રસ્તો ન સૂઝતાં પાસેની ખુરસી પર બેસી ગઇ. કુમાર ભાનમાં આવ્યો. પોતાના હૃદયની ઘેલછા માલમ પડી. તે આ શાંતાની થોડા વખત પર પોતાનો પ્રેમ શોધતી આવેલી શાંતા જોડે સરખામણી કરવા લાગ્યો. આ વધુ ભીરુ માલમ પડી. પોતે જાણતો હતો કે આ શાંતા પોતાને ચાહ

છે. પરંતુ પેલી જેટલી આનામાં હિંમત ન હતી. એટલી નિર્લજ્જતા ન હતી. તેના મોઢા પરના ભાવ કેટલીક વાર અકથ્ય રહેતા અને આના ભાવ સ્પષ્ટ હતા. શરીર એક હતું, રંગ એક હતો. મુખ પણ એજ સૂચના કરી રહ્યું હતું. શાંતા નીચી નજર પોતાના નખ તરફ રાખી, છુપી રીતે કુમાર તરફ જોઇ રહી હતી. તેની વાક્શક્તિ હરાઇ ગઇ હતી. કુમારને આ શાંતિ ભયંકર લાગી. પોતે શા માટે આવ્યો હતો તેનું ભાન થયું. પોતાના મોહને દૂર કરવા લાગ્યો. શાન્તાના સર્વાંગ પર એક તીક્ષ્ણ દૃષ્ટિ ફેંકી, તેના મુખચિન્હોનું અવલોકન કરતાં કુમારે પૂછ્યું, "શાન્તા! હું તને મળવા આવ્યો છું."

શાન્તા હજી ભોંયજ ખોતરી રહી હતી. પ્રિયતમ આગળ પ્રિયતમાનું પ્રથમ લક્ષણ શાંતામાં આવી વસ્યું. કુમારને પ્રથમ રાત્રિનો અનુભવ થતો લાગ્યો. કુમારનું હૃદય આના પર વાક્યપ્રહાર કરવા ના પાડતું. પરંતુ જરી ટકોરો મારવા વિચાર થયો.

"શાન્તા...." કુમારે મીઠો ટહુકો કર્યો. શાંતાએ ઉંચુ જોયું.

"શું—" કાંઇ ન જડતાં મુખમાંથી 'શું' સરી પડયું.

"આ તારી મહેમાનગિરિ! તેં મને હજી તો ઉભોજ રાખ્યો છે." કુમારે શાંતાને ઉઠાડવા પ્રયત્ન કર્યો.

શાન્તા ગુંચવાઇ. પ્રેમીને આવકાર ન આપી શકાયો આથી શાન્તા દુઃખી થઇ. પરંતુ લજ્જા આડે આવી.

"તમે બેસોને!" શાંતાને બીજો રસ્તો ન જડતાં ખુરસી પરથી ઉભી થઇ ને પલંગની બાજુમાં ઉભી રહી.

"મારે બેસવું નથી. રાત્રિના દશ વાગ્યા હશે. એટલે ખરૂં જોતાં રાત્રિએ આમ આવવું ને વાતો કરવી એ પારકા માણસોને સલાહકારક નહિ."

"પા-ર-કા માણસો....કોણ..." શાંતામાં નવવધૂની લજ્જા આવી.

' પારકાં ' ને ' ઘરનાં'ની સરખામણી થઇ.

કુમારને રાત્રિને વખતે આમ એકાંતમાં રહેવું એ અનુચિત લાગ્યું, એકદમ આઘાત ન કરતાં ધીમેથી વાત ઉપાડી, " શાંતા ! મારે જરા ઉતાવળ છે. અહીંથી મારે શરત્ચંદ્રને મળવા જવું છે."

" શરત્ચંદ્ર કોણ ?......."

" તને ખબર નથી." કુમારે યુકિત લડાવી.

" મને કયાંથી ખબર હોય !"

કુમારને આ નિર્દોષ વ્યકિત પર આઘાત કરવો યોગ્ય લાગ્યો નહિ. પેલી શાંતા અને આ શાંતા બંને ભિન્ન વ્યકિતઓ લાગી, છતાં જરી ટકોરો માર્યો, " અણુજાણુ થતાં સારૂં આવડે છે. તું હમણાં કયાં બહાર ગઇ હતી ?"

" કુમાર ! તમે બહુ વહેમી છો ! હું આજે બહાર ગઇજ નથી."

" કેમ ત્યારે હાથમાં સહેદ સાડી કેવી હતી ?"

' કુમાર ! કુમાર ! આ શું ? તમને મારા પર વિશ્વાસ કેમ નથી ?" શાંતા દીન થઇ ગઇ.

" વિશ્વાસ ? વિશ્વાસ ને શ્રધ્ધા બે છે. હમણાં અર્ધા કલાક પરજ છૂટાં પડયાં."

શાંતા ચમકી. " હું તમને મળીજ નથી."

" તુંજ હતી ને તેજ ધોળી સાડી પહેરેલી હતી."

" કુમાર ! ભૂલ છે. કોઇ મારા જેવી બીજી સ્ત્રી મળી હશે. ત્યારે શું તમે તેને......." શાંતાને સ્વભાવિક ઇર્ષ્યા આવી.

" તું મને છેતરવા પ્રયત્ન કરે છે " કુમાર કડકતા દર્શાવતાં બોલ્યો.

" હું તમને છેતરૂં...." શાંતા રડી પડી. " કેટલો વહેમ......."

" ના. વહેમ નથી."

"ત્યારે શું સાચું કહો છો! કુમાર! તમે આવું કહો છો તે મારાથી સહન નથી થતું."

"ચોર પહેલોજ શાહુકારી બતાવવા માંડે." કુમારે એક અચોટ બાણુ માર્યું.

"કુમાર! તમને મારા પર વહેમ છે. મારી પવિત્રતા ને અસ્તિત્વ બંને પર વહેમ છે. તમારે મોઢે હું ઇશ્વરની પ્રતિજ્ઞા લઇ કહું છું કે હું નિર્દોષ છું. કોઇને બદલે મને સમજો છો, મારે ન કહેવું જોઇએ તેવું કહું છું. મારૂં હૃદય ચીરાય છે. કુમાર..." શાંતા ધીમી પડી. "તમને મેં મારા પતિ માન્યા છે. તમને જોયા ત્યારથીજ. તે તમે જાણો છો, તમારા ભાવ હું જાણું છું. મારા જેવી અપવિત્ર સ્ત્રી તમારી પત્ની થવા લાયક નથી. મારા મામાનો પણ વિચાર છે. પરંતુ કુમાર! જ્યારે હું તમારી નજરે અપવિત્ર ને ઢોંગી ઠરી છું ત્યારે હું તમને કેમ સુખી કરીશ? ના! ના! કુમાર! હું તમને દુઃખી નહિ કરૂં. હું એકલી રહી તમને કોઇ અન્ય જોડે સુખી થતા જોઇ રાચીશ તમે—" શાંતાને સૂર છેક ઘઘરાતો ગયો. તેની આંખ કુમારને તાકી રહી. પલંગ પાસે ઉભી ને ઉભી તે સજ્જડ થઇ ગઇ. તેની પાછળના પલંગના છત્રની લાકડી આસપાસ ઉંચા થઇ બે હાથ વીંટળાઇ વળ્યા. તે બોલતી બંધ થઇ ગઇ. તેના સ્ત્રીહૃદયને કુમારની વર્તણુંકથી સખ્ત આઘાત થયો. શાંતા ત્યાંથી સરી જતી કુમારે જોઇ, તેણે ઉઠી શાંતાને ઝટ ઉંચકી લીધી. મહા મહેનતે હાથ છોડવી પલંગ પર સુવાડી. તેના વાળ ઠીક કરતાં કુમારે તેના મોઢા પાણી છાંટવા માંડયું.

શાંતા બેભાન થઇ ગઇ હતી. પાંચેક મિનિટ વહી ગઇ છતાં શાંતા જાગૃત ન થઇ. કુમાર સુતેલી શાંતાને એકી દૃષ્ટિએ જોઇ રહ્યો. તેના નિર્દોષ મુખ પર નિરાશાના ચિન્હો સ્પષ્ટ હતાં, તેનું વસ્ત્ર માથા પરથી ખસી ગયું હતું. છાતી પરનું વસ્ત્ર સ્તનપ્રદેશ પરથી સરી જતું હતું પરંતુ કુચ નિર્લજ્જતાનાં દર્શન કરાવવાને બદલે આ સ્ત્રીની લજ્જા

સાચવી રહ્યાં હતાં. ખૂંટીની માફક વસ્ત્ર ત્યાંથી આગળ સરતું અટકી ગયુ હતું શાંતાનું આખું મલમલનું વસ્ત્ર અવ્યવસ્થિત થઇ ગયું હતું.

"શાંતા—" કુમારે શાંતાના કાનમાં ધીમેથી કહ્યું. તેનું હૃદય હલમલી રહ્યું હતું. શાંતાને અન્યાય થતો હતો, ને પોતાના બોલવાથી તેને સખ્ત આઘાત થયો હતો એમ તેને લાગ્યું.

શાન્તાએ ધીમે ધીમે નેત્ર ખોલ્યાં. કુમારની નજર બીજી તરફ હતી. તેણે જોયું તો કુમાર છુપો આંસુ સારી રહ્યો હતો. શાંતાએ ધીરેથી કુમારના ગળાની આસપાસ હાથ નાંખ્યા ને બોલી, "તમે રડો છો !"

કુમાર ચમકયો. બંનેનુ તારા મૈત્રક રચાયું. તેના હૃદયમાં વિજળીનો ચમકારો થયો. પ્રેમલહરી છૂટી. શાંતાનું મોઢુ ઉંચકી ઔષ્ઠપર એક ચુંબન કર્યું ને કહ્યું, "ના ! મને માફ કરજે."

"તમને શું કરવાનું છે ! તમારો શું દોષ છે ! પ્રેમ–ભીની બાળા હજી કંઠને વળગી રહેતાં બોલી.

"પ્રિય ! ના ! ના ! મેં તને સખ્ત આઘાત કર્યો છે મને માફ કર." શાંતાના પગ પકડવા જતાં કુમારે કહ્યું.

"આ શું કરો છો ? તમે શું કર્યું ? સ્નેહીનો વાંક કેવો ! શાંતએ પલંગ પર બેઠાં થતાં ગળેથી હાથ છોડી કુમારને ખભે હાથ મુકતાં બોલી.

કુમારે ફરીથી એક ચુંબન લીધું. તે પલંગ પરથી ઉઠયો.

"શાંતા હવે હું જઇશ !"

"આટલી મોડી રાત્રે ! તમે અહીં સુઇ રહો, હું પાસેના ઓરડામાં જઇશ."

"ના ! ના ! મને રજા આપ."

"હા, જાવ; પરંતુ મારે તમને કાંઇ કહેવાનું છે."

"શું.?"

"હું આ ઘર છોડી જવા માંગુ છુ."

કુમાર ચમકયો. "શા માટે?"

"મારી મામીને મારા પર શક જાય છે."

"તારા મામાને તો તારા પર કાંઇ વહેમ નથી! તો મામી શું કરનાર છે!"

"કરનાર કાંઇ નહિ, પરંતુ ઘરમાં મ્હેણાં ખાઇ રહેવું મને અયોગ્ય લાગે છે. મારા સ્વભાવને રૂચતું નથી."

"તો........"

"તો શું ઘર છોડી જવું."

"કયાં જશો?"

"જ્યાં પ્રારબ્ધ લઇ જશે ત્યાં!"

"મારે ત્યાં આવશો?"

હું તમારીજ છું પછી તમારે ત્યાં આવવામાં શું વાંધો છે? પરંતુ હું મારે માટે તમને બદનામ કરવા માગતી નથી."

"હું તારે માટે સર્વ સહન કરી લેવા તૈયાર છું શાંતા! તું મારૂં કહ્યું માનશે?"

"તમારી આજ્ઞા શિરોમાન્ય છે."

"તો હું કહું ત્યાં લગી અહીંજ રહેજે. મારી રજા સિવાય કોઇ ઠેકાણે ન જતી." કુમારે ખુરસી પર બેસતાં કહ્યું.

"તમે મને......"

"શાંતા! તે છતાં તારે જવું હોય તો રજા છે." શાંતાનું મુખાવલોકન કરતાં કુમારે કહ્યું.

"તો મારે નથી જવું. પરંતુ કાંઇ કારણ?" કુમારની આજ્ઞા માનવી એ પોતાનો ધર્મ લાગ્યો. તેને દુઃખી કરવાનું મન થયું નહિ.

"કારણ કાંઇ નહિ. મને એજ યોગ્ય લાગે છે. હું આઠ દિવસમાં ઉષાને જીવતી લાવીશ. પછી કાંઇ છે?"

"પછી કાંઇ નહિ. પછી હું ને તમે......" શાંતાએ નીચું જોઇ હસવા માંડયું.

"શાંતા! તારી મામીને તારા પર વહેમ કેવી રીતે આવ્યો ?

"મારા ઘરમાં વાત તો કરેને ? તેમાંથી મામીએ અનુમાન કર્યું. મારા પર વહેમનીજ દૃષ્ટિ રાખે છે. તે બાબત મારા મામાએ ઘણી વાર કહે છે, પરંતુ એનો વહેમ જતો નથી."

"ભલે રાખે. હું પણ રાખું છું ને!" કુમારે હસતાં હસતાં કહ્યું.

"તમે? તમે ફાવે એ કરો. તમે પગનું ખાસડું કાઢીને મારશો એયે હસતી હસતી ખાઇ લઇશ. પરંતુ......" શાંતાએ પોતાના પ્રેમ ને સ્વભાવનું પૃથક્કરણ કર્યું.

"શાંતા! હવે એ બાબત વધુ ઉહાપોહ કરવો નહિ. ઉપાના આવતાં લગી તારે શાંતિથી ઘરમાં રહેવું."

"જેવી તમારી ઇચ્છા."

"ત્યારે હું જાઉં છું. શાંતા!"

"હા! જાવ. પણ પાછા કયારે મળશો ?"

"તે કાંઇ કહેવાય નહિ."

"હા! ન કહેવાય. તમને શું ! અહીં તો..."

"જોઇશું. અહીં તો...શું?" કુમારે એક સ્નેહ દૃષ્ટિ છોડી, શાંતાએ સ્હામો જવાબ આપ્યો.

કુમારે શાંતાના બે હાથ પકડી થોડી આગળ ખેંચી પલંગ તરફ ધકેલી બારણું ખોલી ચાલ્યો ગયો.

પ્રકરણ ૧૩ મું.

"કૃષ્ણરાવ બાબુ! કૃષ્ણરાવ બાબુજી!" રાવનો એક પાડોશી દોડતો દોડતો રાવના મકાનના ઓટલા પર આવી બોલ્યો.

"શું થયું?" રાવે બારણું ખોલતાં પૂછયું

"અરે જુવો તો ખરા!" ગભરાએલા પાડોશીએ કહ્યું.

"શું?"

".તમારા બીજા માળ પરના ઝરૂખામાં છે."

"શું? ભલા આદમી! જરી કહો તો ખરા આમ ગભરાઇ શું ગયા છો!"

"અરે! ત્યાં આગળ પુતળું છે!"

રાવ ચમકયો. "ચાલો જોઉં!"

"નારે ના! તમે એકલા જોઇ આવો." પેલાએ ગભરાએલા રાવના ઘરની બહાર જવા માંડયું. એટલામાં તારવાળો આવ્યો.

"કૃષ્ણરાવ."

રાવે તાર લઇને વાંચ્યો. (વિદ્યાસાગર કલકત્તાથી આવનાર હતો.)

"વિદ્યાસાગર છૂટયો. એનાથી કાંઇ પ્રકાશ પડશે ખરો." એટલામાં કાન્તિકુમાર આવ્યો.

"કુમાર! પ્રતિમા ઉપર છે."

"આશ્ચર્યની વાત! ચાલો જોઇએ."

રાવ ને કુમાર બીજે માળે આવ્યા. પ્રતિમા ઝરૂખામાં ન હતી. પરંતુ માળીઆમાંના એક ખુણામાં હતી.

"પેલો વિહારી બાબુ કહેતો હતો કે ઝરૂખામાં છે ને આતો માળીઆમાં છે. તો જાતેજ બદમાશ હોવો જોઇએ."

કુમારે રાવને ઝરૂખામાં લઇ જઇ, વ્યંકોજી બાબત પોતે જે જાણતો હતો તે કહ્યું.

"બ્યંકોજી!" રાવે ઓરડામાં પેસતાં બૂમ મારી. મૂર્તિ સ્થિર હતી.

"આ ચોકખુ પુતળું છે. એમાં શકજ નહિ." રાવે પ્રતિમાની નજદીક આવતાં કહ્યું.

કુમારે પ્રતિમાના માથામાં પીન ખોસી. પીન બહાર કાઢી ગુલાબના ફૂલમાં ખોસી. ફૂલ કરમાઇ ગયું.

"તીવ્ર ઝેર છે." કુમારે ફૂલ દૂર નાંખી દેતા કહ્યું.

રાવે માથામાં ધીમેથી બે લાકડી મારી. માથું પોલું વાગ્યું.

"શરત્ચંદ્રની કૃતિ છે. બદમાશ આપણને છેતરવા પ્રયત્ન કરે છે. અહીં આવી પુતળું કોઇ ગોઠવી ગયું લાગે છે."

"આ પુતળું આપણે સંતાડી રાખીએ. એનો ચુરો કરવામાં આપણો નાશ થઇ જશે. એમાં ઝેર ભર્યું લાગે છે. પુતળું ભાંગતા અંદરથી ઝેરી અત્તર છુટશે. ગાડીમાં પુતળું લાવતાં રસ્તે પડી ગયું લાગે છે." કુમારે પુતળા પર એક બાજુએ કાદવ ચ્હોંટેલો જોઇ કહ્યું.

"ટ્રેઝર રોડનો પાછલો રસ્તો ખરાબ છે. ત્યાં આગળજ આ પુતળું પડેલું, તો ચાલ! હમણાં શરત્ચંદ્ર ત્યાંજ હશે. વધુમાં આ પુતળાની બાજુએ કાતરા પડેલા છે, એટલે બારીમાંથી કે ન્હાના બારણામાંથી કાઢયું હશે. દોરડાનો ઉપયોગ કર્યો નથી, ઉંચકીને કાઢેલું છે" પુતળાની ચારે બાજુ તપાસતાં રાવે કહ્યું. રાવની તર્કશક્તિથી કુમાર અજાયબ થયો.

રાવ ને કુમારે ફેરી ફરનારનો વેશ લીધો. બંનેએ માથે ચિનાઇ વાસણોના ટોપલા લીધા.

બંનેએ "ચિનાઇ વાસ...ણ" કહેતાં ચાલવા માંડયું. ટ્રેઝર રોડ પર આવ્યા. ત્યાંથી શરત્ચંદ્રના મકાનને પાછલે બારણે આવ્યા. રસ્તા પર સમારકામ ચાલતું હતું, ને પુષ્કળ પાણી છાંટેલું હતું એટલે થોડો કાદવ થયો હતો. કુમારની ધારણા ખરી

હતી. શરત્ચંદ્રના ગૃહમાંથી એક માંજરી આંખવાળો માણસ નીકળ્યો. રાવે તરત તેને ઓળખ્યો. તે ચંદ્રરાવ હતો. તેણે વાળ ટુંકા કર્યા હતા, કપડાં પહેરવાની ઢબ બદલી હતી, અને ગળાની આસપાસ એક પીછોડી વિંટાળી હતી. બંનેએ આગળ ચાલવા માંડયું. ચંદ્રરાવે બૂમ પાડી, " એઇ ! અહીં આવ ! "

" કેમ સાહેબ, ચીનાઇ વાસણો જોઇએ છે ? "

" હા ! " ચંદ્રરાવ અંદર જતો હતો, પરંતુ કાંઇ વિચાર સુઝતા પાછો ફર્યો. " એને બદલે જુનાં ન્યુસપેપર લેશે ? જોઇએ એટલાં આપીશ."

" હા ! લઇશ પરંતુ હું કહું એટલાં આપવાં પડશે." રાવે ચંદ્રરાવને બરાબર જોતાં કહ્યું.

" કાગળ જરા ઘરમાં જઇને જો તો !"

રાવ આનો અર્થ સમજ્યો. કુમારને પાછળ રહેવા નિશાની કરી. પાછળ આવતાં ચંદ્રરાવે બારણાં બંધ કર્યાં. અને આગળ ચાલતાં રાવ પર ચંદ્રરાવ બિલાડીની માફક કુદી પડયો. આ અચાનક હુમલા માટે રાવ તૈયાર ન હતો. રાવ ચત્તોપાટ પડયો. ચંદ્રરાવ તેના પર ચઢી બેઠો ને એનું માથું પછાડવા પ્રયત્ન કરતો હતો, એટલામાં દાદરમાં કોઇના ઉતરવાનો અવાજ થયો. શરત્ચંદ્રને હરિશંકર આવ્યા. ચંદ્રરાવનું ધ્યાન બીજી તરફ ખેંચાયું કે રાવે તરતજ એક પગ ઉંચકી ચંદ્રરાવને દૂર ફેંકયો. ઉપરથી તરતજ શરત્ચંદ્રે એક ફૂલ રાવ પર ફેંકયું. રાવ ચીસ પાડી ત્યાંજ શાંતિથી પડી રહ્યો.

" કેમ બેવકુફ ! શું કરવા બેઠો છે ? " શરત્ચંદ્રે ચંદ્રરાવને કહ્યું. " લોકોને ભેગા કરવા છે કે શું ? આ ફેરીવાળાને કેમ હેરાન કરે છે ? "

હરિશંકર ને શરત્ચંદ્ર રાવ તરફ જોઇ રહ્યા. શરત્ચંદ્ર એકદમ બોલી ઉઠયો, " શું...?"

" હા ! " ચંદ્રરાવે મર્મમાંજ કહ્યું.

" કોણ રાવ ડીટેકટીવ ! " હરિશંકર આશ્ચર્યમાં બોલી ઉઠયો.

" ખીસ્રેથી ! " શરત્ચંદ્રે કહ્યું. " ચંદ્રરાવ તેં કેવી રીતે જાણ્યું ! "

એ કુતરો ચિનાઇ વાસણો વેચવા આવ્યો. હું એને કાઢી મૂકવાનો હતો પરંતુ મને એના કપડામાંથી પેલા પુતળામાં ભરેલા અત્તરની વાસ આવી, એટલે કાગળોનું બ્હાનું કાઢી એને ઘરમાં પૂર્યો.

" શાબાશ ! " શરત્ચંદ્રે કહ્યું, ને નીચે ઉતરી પોતાના રૂમાલનો એક છેડો ભીનો કરી રાવને નાકે ઘસ્યો. રાવે તરતજ આંખ ઉઘાડી ને બેઠો થયો. સામે શરત્ચંદ્રને જોઇ " બદમાશ ! " કહી પાછો જમીન પર સૂઇ ગયો. ફૂલની અસર હજી ગઇ ન હતી.

" ચંદ્રરાવ ! આને જીવતો રાખવો એટલે મરણ માગી લેવા જેવું છે."

" પરંતુ આ વખતે એને મારવો એ જેલયાત્રા કરવા જેવું છે. એની વાત છુપી નહિ રહે ને આપણું આવી બનશે. એ સમયને વાર છે."

" એક ઉપાય છે " શરત્ચંદ્રને કાંઇક યાદ આવતાં તેને કહ્યું.

" શું !"

" મારી કને એવી દવા છે, કે જેથી રાવ પત્થર થઇ જશે. અહીંથી ગયા પછી અમુક વખત રહીને અસર થશે. એના ગળામાં દવા નાંખી આપણે આ મકાન ખાલી કરી જઇશું. એ લોકો અહીં પેધા પડયા છે."

" પરંતુ કુમાર છે ને !

" એ હાલ કાંઇ કરી શકે એમ નથી. રાવના મરણથી એને આઘાત થશે."

"પોલીસ છોડશે તો ! "

પોલીસ પર એને વિશ્વાસ નથી. એ લોકોને લાંચીઆ સમજે છે. એને પોતા પર ને કુમાર પર એ બે પરજ શ્રદ્ધા છે. ને તેના પરજ ઝઝુમે છે. વધુમાં કુમાર રાવની રાહ

જોતો હશે. આપણે ઘરમાંથી નીકળશું એટલે એ ઘરમાં દાખલ થશે. ને રાવને ખસેડી લઇ જશે. તે પહેલાં આપણે હદ બ્હાર નીકળી જઇશું."

ત્રણે જણ પોતાના જવાની તૈયારી કરવા લાગ્યા. વિષની વિધવિધ દવાઓ લઇ ખાસ સામાન લઇ ત્રણે જણા રાવ પાસે આવ્યા ને સુતેલા રાવના મોંઢામાં શરત્ચંદ્રે એક દવાની પીચકારી મારી.

આમ તેમ નજર નાંખ્યા પછી ત્રણે જણા ઘર બ્હાર નીકળી પડયા.

બ્હાર છુપાએલા કુમારે આ ત્રણે જણને જોયા. એને કાંઇ ભીતિ લાગી.

તે લોકો નજરની બ્હાર ગયા કે કુમાર ઘરમાં દાખલ થયો.

ઘરમાં પૂર્ણ શાંતિ પ્રસરી રહી હતી.

વચ્ચે ચોકમાં રાવ પડયો હતો. કુમાર આવ્યો તે વખતે તેણે નેત્ર ખોલ્યાં હતાં ને કોઇને આવતો જોઇ રાવ જોરથી બેઠો થવા ગયો પણ પાછો પડયો. હાથમાં પીસ્તોલ લીધી.

"બદમાશ..."

"રાવ સાહેબ ! એ તો હું, કાંતિકુમાર !"

"કેમ ! બદમાશો કયાં ગયાં ?"

"ભાગી ગયા. આપ આ સ્થિતિમાં કેવી રીતે આવ્યા ?"

કુમારે રાવને ઉભો કર્યો. તેણે કુમારને બધી વાત કહી.

"એમની ક'ને આ ઝેરનું જોર જબરૂં છે." કુમારે કહ્યું.

"આથી મારા અભિમાનને ધોકો લાગ્યો. શરત્ચંદ્રે મને મારવા જોગ ગણ્યો નહિ." રાવ ધીમેથી બબડયો. "હું આ ઘરની પુરેપુરી તપાસ લઉં છું. તું અહીંજ ઉભો રહેજે."

બીજું કાંઇ પ્રકરણ કાઢયા સિવાય રાવ ઉપર ગયો ને શરત્ચંદ્રને જોયો હતો તે દીવાનખાનામાં આવ્યો. બદમાશો સર્વ લઇને ભાગી ગયા હતા દીવાનખાનાની વચ્ચે એક જુનું

વર્તમાન પત્ર પડયું હતું. એ તેણે લીધું. સૂક્ષ્મદર્શક યંત્રથી જોતાં માલમ પડયું કે તે લખવા માટે પુઠાં તરિકે વાપર્યું હતું.

"કાંઇ પત્તો લાગ્યો ખરો કોઇએ કાગળ આના પર મૂકી પેન્સીલથી લખ્યું છે. અક્ષરો ઘણાખરા ચોકખા છે."

કાગળને બરાબર રાખી રાવે અક્ષર વાંચવા માંડયા.

"પ્રિય નલિનીકાન્ત! તે શિકારી કુતરા કૃષ્ણુ...આપણો પીછો પકડયો......અમે બીજું મકાન......શોધ્યું છે અને આ ....કરી નાંખીએ.......વેશ......ને પાછું કામ......કરીશું. સાતે મળશું નવું......લાઇટ હાઉસ પેન રોડ કલકત્તા....... સ્નેહી.

કાગળ આડો તેડો કરી આટલું એ વાંચી શકયો. ન્યુસપેપર બરાબર રાખેલું ન હોવાથી કોઇક શબ્દોની છાપ બરાબર પડી ન હતી, અને કોઇક ઠેકાણે ઝાંખા હતા. બંધ બેસતા શબ્દો મુકીને રાવે નીચે પ્રમાણે પુરૂં કર્યું:

"પ્રિય નલિનીકાન્ત! તે શિકારી કુતરા કૃષ્ણરાવે આપણો પીછો પકડયો છે. તે કારણથી અમે બીજું મકાન કામ ચલાઉ શોધ્યું છે, અને આ ઘર ખાલી કરી નાખીએ છઇએ. અમે બીજો વેશ ધરીને પાછું કામ શરૂ કરીશું સાંજે મળશું. નવું શરનામું:-લાઇટ હાઉસ, રીપન રોડ કલકત્તા.

લી. તમારો સ્નેહી શરત્ચંદ્ર.

"જો મારો પુરે કરેલો અર્થ ખરો હશે તો આ કાવત્રાનો અંત આવશે." રાવે વિચાર કર્યો ને ઝપાટાબંધ નીચે ઉતર્યો. પોતાના પેટમાં કાંઇ દુઃખતું લાગ્યું પણ રાવે તે તરફ કાંઇ લક્ષ ન આપ્યું.

"કુમાર! બદમાશોનું આવી બન્યું." પોતે કાગળ પર લખી લીધેલું બતાવતાં રાવે કહ્યું. "બદમાશોનો અંત આવ્યો સમજવો. શરત્ચંદ્ર ને નલિનીકાન્ત દુશ્મન મટી મિત્ર થયા છે. માનવ મૂર્તિ જુદી પડી છે."

"પરંતુ ઉષા બાબત હજી કાંઇ નિકાલ ન આવ્યો.

એની માસીને ત્યાં તપાસ કરાવી પરંતુ એ ત્યાં ન હતી બે રૂપધારી શાન્તા ભિન્ન વ્યક્તિઓ છે એ વિષે મારો નિશ્ચય છે."

આની જોડે એનો પણ પત્તો મળવો જોઇએ બે રૂપધારી શાન્તા એ ભિન્ન વ્યક્તિઓ છે. એ વ્યકિતત્વ નિશ્ચય છે. જનસમાજ એ નહિ માને. રાવે શાંતતાથી કહ્યું.

"જનસમાજને મનાવવા હું પ્રયત્ન કરીશ." કુમારે દ્દઢતાથી કહ્યું."

"બરાબર છે. બે આંગળીએ બંનેને ધરીને જગતને મનાવજે!" રાવે હાસ્ય કરતાં કહ્યું. કુમાર શરમીંદો પડી ગયો, તેનું હૃદય તોફાન કરી રહ્યું.

"કુમાર! હવે તું જઇને રાયબહાદુરને મળ. તેને લઇને ગુપ્ત આવાસમાં જજે. પરંતુ ધ્યાન રાખજે કે રાય બહાદુરની નજરે તે નવયૌવના ન ચડે, નહિ તો ગભરાયેલા રાય બહાદુર કાંઇનું કાંઇ કરી બેસશે. પોતાની સ્ત્રીનું સત્ય માની એ શાંતાનું ખૂન કરશે. એમ નહિ થાય તો આઘાતથી રાય બહાદુરનું મૃત્યુ થશે. માટે તે નવયૌવના રાયબહાદુરની નજરે ન ચઢે એ ખાસ ધ્યાન રાખજે." રાવે કુમારને સૂચના કરી.

"ઠીક!" કુમારને આજે રાયબહાદુરને તેડીને જવાનું હતું.

"હું રીપન રોડ જવા રાત્રે લગભગ બાર વાગે નીકળીશ. સવારે બે પોલીસ અમલદારો લઇને ત્યાં હાજર થજે. સાવચેતી રાખજે. જીવ સટોસટનું કામ છે."

"કાંઇ નીશાની?"

"હું ઓરડામાં હોઇશ. તેનાં બારણા પર લીલા ચાકનું નિશાન હશે. બાર વાગે આવજે."

બંને મકાનની બહાર નીકળ્યા. રાવ ને કુમાર છુટા પડયા.

છુટા પડતાં રાવે કહ્યું, "પાણી ભરેલાં બે ભિન્ન ઘનોથી પેદા થએલી બે વીજળીઓ એકજ ઘનમાં સમાવજે."

કુમાર હસ્યો ને ચાલ્યો ગયો. રાવ પોતાના મકાન પર ગયો.

પ્રકરણ ૧૪ મું.

કાંતિકુમાર ડીટેકટીવ ૬ા વાગે રાયબહાદુરના બંગલા તરફ ગયો. તે વખતે રાયબહાદુર ઘરમાં ન હતા. સાત વાગે આવવાનું કહી ગયા હતા, આ સમય સાધી કુમાર તે શાંતાને મળવા ઉપર ગયો. દાદર ચડતાં માલમ પડ્યું કે શાંતાની મામી શાંતા જોડે વઢી રહી છે. કુમાર શાંતાની મેડીના બારણાં પાછળ ઉભો રહ્યો.

"કર્કશા! હજુ તું માનતી નથી? બોલ, ઉષા કયાં ગઇ?" અંદરથી શાંતાની મામી ગુલાબનો ચીંઝીતો ને ગાજતો અવાજ આવ્યો.

"મને શી ખબર મામી! મને નાહકના શા સારૂ પીડો છો? તમે કહો તો હું આ મકાન છોડી ચાલી જાઉં." શાંતાએ કરગરતાં કહ્યું.

"મકાન છોડી જવું છે! હવે તું શા માટે જાય? આ ઘર ને દોલત હવે તો તારીજ છે ને!" ગુલાબે મેણું માર્યું.

"મામી! આટલા સહવાસ પછી પણ આવું..." શાંતા રડી પડી.

"ચલાવ તારાં ચરિત્ર! તારા મામા તો તનેજ હજી ઝંખી રહ્યા છે. કારણ...." મામીએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું.

"મા...મી...." શાંતાએ મામીને પગે પડતાં-રડતાં કકળતાં કહ્યું.

"અરે જારે મામીવાળી! કોને ખબર હતી કે રાખોડી નીચે બળતો અંગારો છે! સાપને દુધ પાઇ ઉછેર્યો તે આખરે દુધ પાનારનેજ ડંશે છે." મામીએ વાક્પ્રહાર ઝપાટાબંધ કરવા માંડયાં.

"મા...મી! હું નિર્દોષ છું. હું તમને સાબીત કરી આપું." શાંતાએ ઉંચે રહેલા દ્રાક્ષના ઝુમખાનો આશ્રય લીધો.

"કર્કશાને શાબીત કરતાં શી વાર! તારા મામા ભોળવાય, હું નહિ. સમજીને!" મામીએ પોતાની બાહોશી દર્શાવી.

રાયબહાદુર વિદ્યાસાગરની સ્ત્રી ગુલાબ શરીરે સુંદર પરંતુ સ્વભાવે બહુ વ્હેમી ને અક્કલહીન હતી. વાત વાતમાં નોકરો જોડે લઢી પડતી. શાન્તા પર તેને કોઈ જાતની ઇર્ષ્યા ન હતી; પરંતુ 'શાન્તાએ ઉષાના ખૂનમાં મદદ કરી છે' એવું સાંભળીને એ શાન્તા પર વ્હેમાઇ ગઇ હતી. બુદ્ધિની ખામી હોવાથી આ વાયકા તેણે ખરી માની. વિદ્યાસાગરના બહુ સમજાવ્યા છતાં ગુલાબનો વ્હેમ જતો નહિ. પુત્રીના ખૂને એને ગાંડી બનાવી હતી અને પોતે સાંભળેલું ખરૂં લાગ્યું.

વિદ્યાસાગર શાન્તાને મામીનું કહ્યું મનમાં ન લાવવા વારંવાર કહેતા. પરંતુ કોમળ હૃદયની શાંતાથી મામીનાં વેણો સહન થતાં નહિ. તેણે ઘર છોડી જવાનો નિશ્ચય કર્યો હતો, પરંતુ તેમાં કુમાર ને વિદ્યાસાગર અંતરાય રૂપ હતા. આજના પ્રસંગે હદ કરી.

"મામી! તમે મોટા આગળ અમારા શા હિસાબ વારૂ? તમને ભોળવવાનું મારૂં શું ગજું!" શાન્તાએ દયાર્દ્ર સ્વરે કહ્યું.

"મેણાં મારે છે, લુચ્ચી!"

શાન્તાએ મામીના પગ પકડ્યા ને કરગરતાં કહ્યું, "મામી! મામી! હું નિર્દોષ છું. ઉષા શું મારી બેન ન હતી?"

મામીએ એક લાત મારી, શાન્તાનું માથું પલંગ સાથે અથડાયું. કુમાર આ અન્યાય સહન ન કરી શક્યો, તે એકદમ અંદર આવ્યો ને ગુલાબને આજ્ઞા કરતાં કહ્યું, "શેઠાણી! આ શું? નિર્દોષને શા માટે પીડો છો? જાવ! ચાલ્યાં જાવ."

"શું!" શેઠાણી દબાયા તો ખરાં, પરંતુ પોતાનો મોભો જાળવતાં કહ્યું.

"શું ! જાવ, ચાલ્યાં જાવ !" કુમારે કર્કશ આજ્ઞા કરી. શાંતાને માથામાં વાગ્યું હતું. કુમારને તેથી ગુસ્સો ચઢયો. તેણે શેઠાણીને બળથી કાઢવાનો પ્રયત્ન કર્યો.

સ્ત્રીજાત ! આખરે સ્ત્રીજાત ! પાછી બુધ્ધિહીનતા. એટલે ડિટેકટીવ સામે જવાબ વધુ ન અપાયો. તેણે બારણાં તરફ મોઢું ફેરવ્યું, પણ જતાં જતાં કહ્યું, "તમે નીચે બેસો."

'દેવતાને દારૂ જોડે રહે તો ભડકો થઇ જાય' એવો અર્થ ગુલાબના વાકયમાં હતો.

"હા ! હું થોડીવાર રહી નીચેજ આવું છું. તમે નિરાંતે નીચે જાવ." કુમારે બરાબર જવાબ દીધો. ગુલાબ નીચે ગઇ.

કુમારે આવી શાંતાને બેઠી કરી, માથા પર પોતું મૂકયું. કુમારને જોઇ શાંતા વધુ રડી પડી ને બોલી, "આ જોયું ! આ બળતી ઝાળમાં......."

"શાંતા ! થોડી ધીરજ ધર. ફકત બે દિવસ. એટલે...." એટલામાં દાદર પર કોઇનાં પગલાંનો અવાજ થયો. કુમાર શાંતા પાસેથી ઉભો થઇ ગયો. રાયબહાદુર ઓરડામાં દાખલ થયા.

"કેમ કુમાર સાહેબ ! શું થયું ?"

કુમારે બનેલી હકિકત જણાવી.

"મુર્ખ છે. એની મામીમાં અક્કલ કાંઇ નથી. એકની પાછળ બીજીને મોકલવી ધારી છે. બેટા...." રાયબહાદુર શાંતા પાસે બેસી ગયા ને માથું ખોળામાં લીધું. "મનમાં ન લાવતી. એને એવી ટેવજ પડી ગઇ છે."

"મા....મા....મા...મા...." શાંતા ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી.

રાયબહાદુરની આંખમાં પણ પાણી આવ્યાં. શાંતાના આંસુ લુછતાં કહ્યું. "બેટા ! છાની રહે......"

એટલામાં ઘડીઆળમાં સાતના ટકોરા થયા. રાયબહાદુરે કુમાર તરફ જોયું. "હું શાંતાને આમ છોડીને નહિ આવું.

એક માણુસ લઇને તમે જાવ." તેમણે પુત્રીવાત્સલ્ય દર્શાવતાં કહ્યું.

"ના! એમ નહિ. મામા! તમે જાવ. નહિ તો હું જોડે આવીશ." શાંતા ખોળામાંથી બેઠી થઇ ગઇ.

"શું કરવા! માણુસ મોકલીએ છીએ ને!"

"નોકર પર આવી બાબતમાં કેમ વિશ્વાસ રખાય!" શાંતાએ સત્ય દલીલ મૂકી, અને કહ્યું, "હું એમની....જોડે જઇશ." આ 'એમના' શબ્દનો પ્રયોગ શાંતાને વિચિત્ર લાગ્યો-નવો લાગ્યો, એ શરમાઇ ગઇ.

"કોઇનું કામ નથી, હું એકલો જઇશ." કુમારે નિવેડો આણતાં કહ્યું.

"ના! ના!" શાન્તાએ મક્કમતાથી જવાબ વાળ્યો. આખરે ભાણેજના આગ્રહથી રાયબહાદુર જવાને તૈયાર થયા. શાન્તાના ઓરડામાંથી બંને ગયા. ઝટ ઉઠી શાન્તાએ હાથમાં કાગળ ને કલમ લઇ બે ચિઠ્ઠીઓ લખી નાંખી ને ટેબલ પર મૂકી પથારીમાં વિચાર કરતી સૂતી.

"મામી મને ખૂની માને છે. આજે એ વ્હેમ છે. ઉષાનો પત્તો ન લાગતાં હું ખૂની મનાઇશ. કાયદાની ચુંગાલમાંથી કોઇ મને બચાવશે, પરંતુ લોકવાયકાથી મને કોઇ નહિ બચાવે. લોક મને ખૂનીજ માનશે. "જેણે પાળીપોષી મોટી કરી, દીકરી માફક લાડકોડ લડાવ્યા, તેનીજ દીકરીને-પોતાની બહેનને-પૈસાને ખાતર ગરદન મરાવી." આમ લોકો મને આંગળી ચિંધીને કહેશે. "રાંડ કમજાત છે, ખૂની છે." આમ કહી મારૂં રામાયણ કલકત્તામાં ઘરોઘર આરંભાશે. મને ખૂની નહિ માનનાર ફક્ત ત્રણજ જણ છે. તેનો ૧૨ લાખની વસ્તી આગળ શો હિસાબ! લોકનિંદા જનસમાજમાં વધુ પોષાય છે. સત્ય વસ્તુ સમજવા માટે બુદ્ધિની જરૂર છે. સમાજમાં બુદ્ધિની ન્યૂનતા છે એમ નહિ, પરંતુ લોકનિંદા આગળ બુદ્ધિનું બળ ભાગ્યેજ ચાલે છે. 'ખૂની શાન્તા' આ લોકના હૃદયમાં કાળા અક્ષરે કોતરાઇ રહેશે. મારે આ બધું

શા માટે થવા દેવું જોઇએ! ઉષા જડે તો મારૂં સદ્દભાગ્ય! પરંતુ પ્રારબ્ધના બળે ખૂન સાચેજ થઇ ગયું હોય તો! તેનું મૃત શરીર જનસમાજમાં આવે તો? તો શું? શાન્તાએ આપઘાત કરવેજ જોઇએ. મારી પાછળ કોણુ છે? કોઇ નહિ, ફકત મામી ને કુમાર. કુમાર! કુમાર! આટલા ટુંકા સહવાસમાં પણુ તમે મારા પર જાદુઇ અસર કરી છે. આપણે ભવિષ્યમાં પતિ પત્ની થઇશું. પરંતુ એ સદ્દભાગ્ય મારા નસિબમાં કયાં? હું જઇશ એટલે તમને શું બીજી નહિ મળે? જોઇએ એટલી. આમ વિચારવમળમાં તે ગુંચવાવા લાગી. ઉઠી ટેબલ પરનો એક પત્ર ઉકેલ્યો.

"વ્હાલા કુમાર!

આ પત્ર જોઇ તમને અચંબો લાગશે. તમારા હૃદયમાં સખ્ત આઘાત થશે, પરંતુ હું લાચાર હતી. સંજોગોએ મને તેમ કરવા પ્રેરી, ને મેં તે કામ કર્યું. મારી શોધ બીજે કયાંય કરવા ન જશો, હું તમને પાસેના તળાવમાંજ મળીશ. મને ત્યાં શોધજો. તળાવના ગર્ભમાં હું કયાંક પણુ હોઇશ. હું જતાં તમે નિરાશ થઇ જશો, તમારી આશાઓ ભગ્ન થઇ જશે તે હું સારી રીતે જાણુતી હતી, પરંતુ તમેજ કહોને કે તમે કોઇ ખૂની સ્ત્રીને પત્ની તરિકે કબૂલ કરશો કે? નહિજ. જગત્ મને ખૂની માને છે ને માનશે એટલુંજ બસ છે. ઉષા મળે કે ન મળે તે જાણુવાની ધીરજ મારામાં ન રહી એવું નહિ, પરંતુ મારાથી–મારા કોમળ મનથી–કોઇક કોઇક લોકવાયકા સંભળાતી નથી. 'ઉષા જડે તો!' એવું હું કેવી રીતે ધારૂં? કારણુ કે ઉષાનો કાંઇ પત્તોજ નથી. ઉષા નહિજ જડે એવી મને ખાત્રી હતી.

વ્હાલા! શોક કરશો મા. તમને મેં પતિ તરિકે માન્યા હતા ને માનીશ. આ ભવે નહિ તો આવતા ભવે: તમે દુઃખી મા થશો. મારાથી વધુ ગુણીઅલ કોઇ મળી આવશે. જો કદાચ ઉષા જીવતી મળી આવે તો તેને મારા

સ્નેહપૂર્વક પ્રણામ કહેજો, ને કહેજો કે તમારા પર કાંઇ દોષ લાવ્યા સિવાય આબરૂ જાળવીને શાંતા આનંદથી મરી છે.

વ્હાલા! મને ભૂલી જજો. હૈયું ન ભુલે તો તેને ભૂલવા પ્રયત્ન કરજો. વ્હાલા! હું જાણતી હતી કે તમારા કોમળ હૈયામાં કટારી વાગશે, પરંતુ વિધાતાએ તેમ કરવાની ફરજ પાડી. આપણે આવતે જન્મે ફરી મળશું.

લી૦ ભવોભવની તમારી દાસી
'શાન્તા'

પત્ર વાંચી શાંતા ખૂબ રડી, પાછો પત્ર બીડી દીધો. ઉપર 'કાન્તિકુમાર ડિટેકટીવ' લખ્યું ને પાકીટ બંધ કર્યું. પછી પથારીમાં સુતી વિચાર કરવા લાગી. ઘડીઆળમાં દશના ટકોરા થયા, તે સુઇ રહી, કારણ તેને ભય હતો કે લોકો હજી જાગતા હતા. પથારીમાં ગોથાં મારવા માંડયાં. ઘડીમાં રડતી તો ઘડીમાં પોતાની જાતને ધિક્કાર આપતી, તો ઘડીકમાં કુમાર ને મામાના વિચારમાં નિમગ્ન થઇ જતી.

સાડા અગિયારના ટકોરા થયા. શાંતા ઉઠી, અંગપરનાં ઘરેણાં કાઢી નાંખ્યાં. એક સાદો પણ જાડો સાળુ પહેર્યો ને દાદરો ઉતરી ઘર બહાર નિકળી પડી. મકાનની પશ્ચિમે પાએક માઇલ દૂર વિશાળ તળાવ હતું. તળાવને ચારે બાજુ ફરતી ઉંચી પાળ હતી ને આગલા પ્રવેશદ્વારની ઉપર ઉંચી બેઠક હતી. તેના પર શાંતા ચઢી. કૃષ્ણ પક્ષ હોવાથી આકાશમાં ફકત તારલાઓજ ચમકતા હતા ને આમ તેમ રડી ખડી વાદળીઓ આવજાવ કરી રહી હતી.

બેઠક નીચે પુષ્કળ પાણી હતાં. દરવાજાની બે બાજુએ ઘાટ સારા બાંધી લીધેલા હતા, પરંતુ બેઠક નીચે એક નાનો શો ચોતરોજ હતો, કે ઉપરથી ભુસ્કો મારનારને અઘરૂં ન લાગે. બધા આ બાંધનારની ખોડ કહેતા હતા, પણ શાંતા બાંધનારને ધન્યવાદ આપવા લાગી. એક વાર પાણી તરફ જોયું, કંપારી છૂટી. હિમ્મત આણી લુગડાંનો કચ્છ માર્યો,

ચોટલો સખ્ત બાંધ્યો. થોડી વાર ઉભી રહી, વસંતસેનાના ચારુદત્તના બેએક શ્લોક સાંભર્યા.

अपापानां कुले जातो मयि पापं न विद्यते ।
यदि संभाव्यते पापमपापेन च किं मया ॥

* * * *

न भीतो मरणादस्मि केवलं दुषितं यशः ।
विशुद्धस्य हि मे मृत्यु पुत्रजन्म समः किल ॥

ગંગાનું સ્મરણ કરી ફરી એક વાર પાણી તરફ દૃષ્ટિ કરી. ડાબી આંખે પલકારો માર્યો.

"હવે મને શું લાભ થવાનો છે?" શાંતા મનમાં બડબડી. હા, ખરો. લોકલજ્જાથી છુટવાનો."

એક ડગલું પાછું ભર્યું. "વ્હાલા કુમાર! મામાશ્રી! હું એ અનંત ધામમાં જાઉં છું." કહી એક પગ આગળ ધર્યો. 'જય જગત્ જનુની!' કહી તે ભુસ્કો મારવા ધસી. પાછળથી કોઇનો અવાજ આવ્યો, "સણુર! કોણ છે?"

શાંતાનો પગ આગળ વધતો હતો. એક પગ બહાર પણ વધ્યો હતો, ફલંગ જોરમાં હતી. શાંતા પાણીમાં પડી, તેના ઉપર પાણી ફરી વળ્યાં. તરતજ બેઠક પર બે વ્યકિતઓ આવી.

પ્રકરણ ૧૫ મું.

પોતાના મકાન પરથી રાવ લગભગ રાત્રે ૧૧ વાગે નીકળ્યો. નિશાચરો (ચોરો) ને ડીટેકટીવો બંને રાત્રિએ રસ્તો ભૂલે નહિ. તે પ્રમાણે રાવ બરાબર રીપન રોડના લાઇટ હાઉસ આગળ આવ્યો. મકાન પર નામ ચીત્રેલું હતું. રાવે બારણા પર લીલા ચાકની ચોકડી કરી ને અંદર પેઠો. બેટરી લગાવી જમીન તપાસી તો માલમ પડયું કે ત્રણ માણસોના પગલાં બારણા તરફ પાછાં વળતાં હતાં ને એક માણસના પગલાં મકાનની અંદર જતાં હતાં પગલાં તદ્દન તાજાંજ લાગતાં હતાં. તે પરથી રાવે અનુમાન કર્યું કે શરત્ચંદ્ર ને તેના નોકરો આ મકાન છોડી બીજે કોઇ ઠેકાણે સુવા ગયા છે. ને તેમની વિરૂધ્ધ પક્ષનો કોઇ માણસ ઘરમાં પેઠો છે. બેટરી બંધ કરી રાવ દાદર ચઢયો. દાદરને છેડે આવ્યો એટલે એક ઝીણો અવાજ એણે સાંભળ્યો. રીવોલ્વર કાઢી સાવધાનીથી આગળ પગલાં ભરવા માંડયાં. દાદર આગળનો વાંક વટાવ્યો કે એણે પ્રકાશ જોયો. અવાજ વધુ સ્પષ્ટતાથી સંભળાવા લાગ્યો. રાવે ઘુંટણીએ પડી ચાલવા માંડયું ને જ્યાંથી અવાજ આવતો હતો તે ઓરડા આગળ આવ્યો. બારણાની ફાટમાંથી જોયું તો તે સુસજ્જીત ને શણગારેલા ઓરડાના મધ્ય ભાગમાં ખુરસી પર ભુરા મુખવાળી આકૃતિ બેઠી હતી. તરતજ રાવે તે ભુરા ને ભયંકર ચ્હેરાને ઓળખ્યો. ચંદ્રમહેલનું પુતળું—

રાવ ત્યાંથીજ જોવા લાગ્યો. મૂર્તિ ઉઠી. ગજવામાંથી હાઇડ્રોજન લાઇટ કાઢી સામા ખુણા પરની ત્રિજોરી પર ધરી, તેટલો ભાગ પાંચ મિનીટમાં ઓગાળી નાંખ્યો. ત્રિજોરી ખોલી તેમાંથી એક નાની પેટી કાઢી. પેટી હાથમાં લઇ ખોલી. અંદર પંદર વીસ નાની નાની શીશીઓ હતી. પેટી બંધ

કરી ને આસપાસ કકડો વીંટાળ્યો ને બારણાં ખોલ્યાં. રાવે તરતજ સામે પીસ્તોલ ધરી કહ્યું, "બદમાશ! હવે તું ક્યાં લગી રમશે? પેટી લાવ મારા હાથમાં."

મૂર્તિ પાંચ ડગલાં પાછળ હઠી ને રાવ સામું ટગર ટગર જોઇ રહી. પત્થર સમી તે મૂર્તિ સ્થિર ઉભી રહી. ને થોડી વારે બોલી, "મુર્ખ માનવી! શું તારામાં દુર્દમન દાનવની સામે થવાની હિમ્મત છે? દૂર થા, નહિ તો તારૂં મૃત્યુ થશે મૃત્યુ!" જાણે મૃત્યુને હાંક મારતી હોય તેમ તે મૂર્તિ ગંભીર અવાજે બોલી. તેના સ્વરથી ઓરડો ગાજી રહ્યો.

"મૂર્ખ તું કે હું? હું તને ઓળખું છું. તારૂં નામ વ્યંકોજી. તારૂં આવી બન્યું છે." રાવે ડીટેકટીવના રોફમાં જવાબ આપ્યો. રાવને પોતાના આખા શરીરમાં કાંઇ થતું લાગ્યું, શરીર થીજી જતું લાગ્યું. આ શરચંદ્રની દવાની અસર હતી. રાવે કાંઇ દરકાર કરી નહિ.

"મૃત્યુ! મૃત્યુ!" ફરીથી વજ્ર જેવા સ્વરમાં તે મૂર્તિ બોલી. રાવના ભાષણની વ્યકિત પર કંઇક ભયની અસર થઈ હતી, પરંતુ તેણે તે છુપાવી.

"બદમાશ! મને ડરાવે છે? લાવ, પેટી આપે છે કે નહિ!" પીસ્તોલના ઘોડા પર હાથ મુકતાં રાવે કહ્યું.

પીસ્તોલથી મૂર્તિ ધ્રૂજતી લાગી. તરતજ પોતાના મોટા ગજવામાંથી પેટી કાઢી રાવની સામે ધરી, રાવે તે લઇ લીધી. તેના હાથ પરથી રાવ જોઇ શકયો કે હાથ તો પ્લાસ્ટરનાં મોજાં પેટી કાઢતાં સહેજ ખસી ગયાં હતાં ને પ્લાસ્ટરના કોટને મોજાં વચ્ચે તેનો ઘઉંવર્ણો હાથ દેખાતો હતો. તે બદમાશ વ્યકિતએ શરીર પર પ્લાસ્ટરનો ઓવરકોટ પહેર્યો હતો. આ જોઇ તરતજ રાવ બોલ્યો, "મૂર્તિ સાહેબ! તમે તમારો પ્લાસ્ટરનો ઓવરકોટ કાઢી નાંખો. નહિ તો આ સ્થિતિમાં તમને પોલીસ થાણે લઇ જવા પડશે."

આ સાંભળી મુર્તિ ચમકી. તે ખસી સાગી ભીંતને ચઢેલી

ઉભી રહી. પોતાની ગરદન પર હાથ નાંખ્યો, ને એક સુર્યમુખી ફૂલ ખેંચી કાઢયું, ને હાથમાં ઉંચું રાખ્યું.

રાવને હવે પોતાના શરીરમાં (શરત્ચંદ્રની દવાને જોરે) પુષ્કળ દુઃખ થતું લાગ્યું. પગ ઉપરનો સઘળો ભાગ થીજી જતો લાગ્યો. પરંતુ રાવે મુર્તિનો અંત આણવાનો નિશ્ચય કર્યો.

"એને ફેંકી દે!" રાવે હુકમ કરતાં કહ્યું. "મને રમાડે છે કેમ!"

મૂર્તિએ રાવ તરફ ફૂલ ફેંકયું. મહામહેનતે નીચા વળી રાવે ફૂલ હાથમાં લીધું ને કહ્યું, "હું જાણું છું કે આ ઝેરી ફૂલ છે. તારો વેશ ઉતાર નહિ તો આ ફૂલ તારા તરફ નાંખીશ.'

મૂર્તિ જાણે ભીંતમાં પેસવા પ્રયત્ન કરતી હોય તેમ લાગ્યું.

રાવને હવે સખ્ત દુઃખ થવા માંડયું હતું. હવે તેને ખબર પડી કે શરત્ચંદ્રે પોતાને કાંઇ દવા પીવાડી હતી. રાવને પોતાનુ મૃત્યુ નજીક લાગ્યુ. એ નાસીપાસ થયો. પરંતુ પેટી મૂર્તિના હાથમાં નહિ જવા દેવા નિશ્ચય કર્યો, મૂર્તિને એકદમ ખત્મ કરવા વિચાર કર્યો. રીવોલ્વરવાળો હાથ મૂર્તિ તરફ બરાબર તાકવા ઉંચો કરવા ગયો. પાછો હાથ પત્થર જેવો થઇ ગયો લાગ્યો. રાવ નાસીપાસ થઇ ગયો. બે મિનિટ વિચારમાં ઉભો રહ્યો. પછી પ્રયત્ન કર્યો પણ બોલાયું નહિ. હાથમાંથી પીસ્તોલ પડી ગઇ. હોઠ પણ ખુલ્યા નહિ. મૂર્તિ આ ભેદ કળી ગઇ હોય એમ લાગ્યું. તેણે ગંભીરતાથી કહ્યું. "મૃત્યુ!" રાવની નજીક આવી રાવના બીજા હાથમાંથી પેટી લઇ લીધી ને પછી ગજવામાં મુકી. મૂર્તિ બારણા વાટે પસાર થઇ ગઇ. રાવ આ જોઇ રહ્યો. કાંઇ કરી શકયો નહિ.

શરીરમાં શકિત લાગતી હતી પણ કાંઇ કરી શકાતું ન હતું. હાથ પગ હલાવવાની પણ શકિત ન હતી.

પાસેના ઓરડામાં તેને મૂર્તિ કપડાં બદલતી સાંભળી.

રાવની આંખોમાંથી આંસુ સરી પડયાં. આ ભયંકર મૃત્યુ તેને પુષ્કળ સાલ્યું. ઉંદર ને વાંદાઓ પણ તેના શરીર પર ચઢતાં રાવ આ સઘળું ખમીને જોઇજ રહ્યો.

પત્થરની મૂર્તિ માફક રાવ ત્યાં ઉભોજ રહ્યો.

એટલામાં દાદર પર પાંચ છ માણસોનો ચઢવાનો અવાજ સંભળાયો. હવે રાવની કર્ણશકિત ને નેત્રશકિત પણ ગઇ. ફકત જીવજ રહ્યો. તેને ભયંકર વેદના થતી. જાણે એક મુંગું ને અંધ પ્રાણી!!

પ્રકરણ ૧૬ મું.

કાન્તિકુમાર ને રાયબહાદુર તે ખંડીએર આગળ આવી ચઢયા. કુમાર શાન્તાને જોવા તે ગુપ્ત ખંડીએરના દ્વાર આગળ આવ્યો. શાન્તા ત્યાં ન હતી. બારણાને સાંકળ લગાવી ન હતી. તે ખાલીજ બંધ હતાં. અંદર આઠ જણા બેસી માંહોમાંહે કાંઇ ગંભીર ગોષ્ટિ કરી રહ્યા હતા. એક શેતરંજી પર બે સભ્ય ગૃહસ્થો બેઠેલા જણાયા. કુમારે બંનેને ઓળખ્યા. શરત્ચંદ્ર ને નલિનીકાન્ત. રાવનું કથન સત્ય ઠર્યું. તેને લાગ્યું કે વ્યંકોજી છુટો પડી ગયો છે. આ બે મળી ગયા છે. તેણે કાન માંડી સાંભળવા માંડયું. શરત્ચંદ્રને નલિનીકાન્તની સામે બેઠેલા છ જણામાંથી ચંદ્રરાવ બોલી ઉઠયો, "હવે બધું ચોક્કસ થઇ ગયું. જુવો શેઠ નલિનીકાન્ત બાબુ ઉષા જોડે લગ્ન કરે ને શેઠ શરત્ચંદ્ર બાબુ રેણુકા જોડે લગ્ન કરે. ઉષા પોતાની મીલકતનો અડધો ભાગ રેણુકાને લખી આપે. બીજું રાયબહાદુરની ભાણેજ શાંતાને શોધી ઠાર કરવી ને તેને બદલે રેણુકા ઘુસાડવી. રૂપ ને બાંધો એકજ છે. કાંઇ માલમ નહિ પડે. સુરેશને પકડી આણુવો. અને માનવમૂર્તિ રૂપ બહુ વેશધારી બદમાશ વ્યંકોજીને પોલીસમાં પકડાવી દેવો."

સઘળાએ એક ચિત્તે આ સાંભળ્યું. ત્યાં હર્ષના પોકાર થયા. કુમાર ધુંવાપુંવા થઇ ગયો પરંતુ શું કામ પહેલું કરવા બદમાશો નીકળે છે તે એને જાણવું હતું.

"ચાલો ગૃહસ્થો ઉઠો. હવે રાયબહાદુરના મકાન તરફ" શરત્ચંદ્ર બોલી ઉઠયો.

"શું શાંતાના ખૂન માટે?" કુમાર ચમકયો. ત્યાંથી ઝટ દોડયો. રાયબહાદુરને ખંડીએરની એક બાજુ સંતાડી થોડી વારમાં આવવાનું કહી કુમાર રસ્તા પર નીકળી પડયો.

પાંચ મિનીટ પછી કુમાર દશ પોલીસને લઇને આવ્યો. રાયબહાદુરને જોડે લીધા. તે દ્વાર આગળ આવ્યો, સર્વેએ હાથમાં પીસ્તોલ લીધી. કુમારે અંદર જોયું તો સર્વે ઉઠવાની તૈયારીમાં હતા.

કુમારે ધક્કો મારી બારણું ખોલી નાંખ્યું ને ગર્જીને બૂમ પાડી. "હાથ ઉંચા કરો..."

સઘળાએ હાથ ઉંચા કર્યા

"જમાદાર!" કુમાર રોફમાંજ બોલ્યો, "સઘળાને બેડી નાંખો."

સરકાર તરફથી વરંટ ક્યારનુંએ આ બદમાશોને પકડવા બહાર પડ્યું હતું એટલે કુમારના આ હુકમને માન આપી સઘળાંને હાથ કડી નાંખી. ત્યાર બાદ કુમારે કહ્યું:

"જમાદાર! બે જણ અહીં રાખો ને બાકી સઘળાને મોકલી દો."

બે પોલીસને કુમાર પાસે રહેવા દઇ, જમાદાર બંધીવાનોને લઇ ચાલતો થયો.

રાયબહાદુર કુમારની હોંશિયારી જોઇ અજબ થયા. તે કુમાર તરફજ જોઇ રહ્યા હતા. રાયબહાદુર તરફ ફરી કુમારે કહ્યું, "રાય સાહેબ! બધા પકડાયા હવે ફક્ત એક મોટામાં મોટો બદમાશ બાકી રહ્યો."

"કોણ?"

"માનવમૂર્તિ તરીકે ઓળખાય છે તે."

રાયબહાદુર વિચારમાં પડ્યા.

"શેઠજી! ગભરાશો નહિ. તમારી પુત્રી અહીંજ છે. શાંતા પણ અહીંજ છે." રાયબહાદુર શાંતાને ઓળખી શકે છે કે કેમ તે જાણવા કુમારે કહ્યું. આ નવયૌવનાનું નામ રેણુકા તેણે સાંભળ્યું હતું.

બારણા આગળ આવી બારસાક ખસેડી કુમારે ચાંપ દાબી ઝટ ભીંતમાનું દ્વાર ખુલ્યું ને સઘળાંને લઇ અંદર ગયો. આગળ આવતું ભોંયરાંનું ઢાંકણ ખોલી સર્વ અંદર

ઉતર્યાં. અંદર પુષ્કળ વાસ મારી રહી હતી. કુમારે સઘળાને હિંમત રાખવાનું કહ્યું

બારી પરના હાડપીંજરો દૂર ફેંકી બારી કુમારે ખોલી. આ વખતે અંદરથી દુર્ગંધ મારતી ન હતી. સાફ કરેલુંજ હતું. કુમારને ખાત્રી થઇ કે ઉષાને અહીંજ રાખેલી હોવી જોઇએ. ચારે જણા અંદર કૂદી પડયા. થોડીવાર કુમાર ત્યાં ઉભો રહ્યો. બધાં પાટીઆં જડેલાં હતાં અને બે બાજુ ભીંતો હતી. કુમારે બાજુની ભીંત તપાસી તેને એક પત્થર વચ્ચે બેસાડેલો લાગ્યો. તે પત્થર તરતજ ઉંચકયો ને બાજુએ મૂકયો. તેની નીચે એક કડું હતું. કડું ખેંચતાં ભીંત વચ્ચે આવી ગઇ. લોઢાનો જાડો સળીઓ વચ્ચે રાખીને નીચે ઉપર મજબુત લોખંડના પાટા નાંખી ભીંત ચણેલી હતી. અંદર જોયું તો એક ખાટલા પર એક પંદર સોળ વર્ષની યુવતિ જાગતી સુતી હતી ને શાંતા–રેણુકા રીવોલ્વર લઇ બાજુમાં ઉભી રહી હતી. કોઇને આવતું જોઇ રીવોલ્વર તાકી શાંતા બોલી ઉઠી, “ ખબરદાર ! આગળ વધ્યા તો !” પણ તરતજ કુમારને જોઇ માથું નીચું નમાવ્યું. તેના મોઢા પર એક સ્મિત હાસ્ય ફરકયું.

રાયબહાદુર અચંબો પામ્યો. તે એકદમ બોલી ઉઠયો, “ કોણ બેટા શાંતા ને ઉષા ! હર્ષ ભર્યા રાયસાહેબ દોડયા. ઉષા બેઠી થઇ. આ શાંતા–રેણુકા–ને ઉષા બંને એકે સાથે રાયસાહેબને ભેટી પડયાં. કુમાર આશ્ચર્ય પામ્યો. રાયસાહેબ શાંતાને ઓળખી ન શકયા.

“ બાળા ! તારૂં નામ ! ” કુમારે અસ્ફુટ સ્મિત રાખી પૂછયું.

“ મારૂં નામ રેણુકા. માફ કરજો મેં તમને નામ ખોટું કહ્યું હતું તે બદલ. તેનું સબળ કારણ દર્શાવીશ.” કુમારનું આટલેથીજ સમાધાન થયું.

“ શું !—” રાયસાહેબ આશ્ચર્યથી બોલી ઉઠયાં.

“ ત્યારે તું શાન્તા નહિ ? મારી ભાણેજ—”

"ના જી! હું શાન્તા નહિ. પરંતુ તમારી ભ ણેજ ખરી."

"કેવી રીતે!" કુમારને પોતાની ધારણા ખરી પડેલી લાગી.

"જુવો!" રેણુકાએ હર્ષથી કહ્યું. "મારી માને જોળ આવી. બંને પુત્રીઓ, મારા પિતાને મારા આ મામા જોડે બનાવ ન હતો, એટલે મામાને શી ખબર! અમારા જન્મ પછી બે વર્ષે પિતાજી મરણ પામ્યા. મારી મા ને અમે બે બેનો માસીને ત્યાં આવી રહ્યાં. મારી માસી પૈસાની બહુ લોભી હતી. તેણે મને હું ચાર વર્ષની હતી ત્યારે આ લોકોને વેચી દીધી. તે પહેલાં મારી મા મરી ગઇ હતી. એટલે હું આ વ્યાધોના ટોળામાં આવી. ને આજ લગી અહીંજ છું. આજે છુટકારો થયો. તમારો જન્મભર આભાર નહિ ભુલું." કુમારને નમન કરતી હોય તેમ માથું નીચું નમાવી કહ્યું.

"તને કોણે વેચાતી લીધી?" કુમારે જીજ્ઞાસાથી પૂછ્યું.
"નલિનીકાન્તે. હું દશ વર્ષની થઇ ત્યાં લગી તેને ત્યાં રહી. પછી નલિનીકાન્ત રાધાદેવીના નાદે ચઢતાં મને અહીં લાવી રાખી. ત્યારથીજ હું અહીં છું."

"ઠીક! ત્યારે વ્યંકોજી કોણ?"

બદમાશોનો સરદાર. વિષવૈદ્યક પારંગત. નલિની ને શરત્ચંદ્ર બંને થોડું થોડું એની કનેજ શીખ્યા. પછી તકરાર થઇ તેમાં શરત્ચંદ્ર છુટો પડયો. નલિની ને વ્યંકોજીના કાવત્રાં તો તમે જાણો છો. બે દિવસ પર ઉષાને પરણવા માટે વ્યંકોજી ને નલિનીને તકરાર થઇ તેમાં પક્ષ પડયા. નલિનીએ પૈસાને જોરે માણસોને પોતાના કરી લીધાં ને વ્યંકોજી છુટો પડયો ને અહીંથી વેર લેવાનું પણ લઇ ચાલ્યો ગયો. એ જરૂર વેર લેશે."

"કયાંથી? વ્યંકોજી સિવાય સઘળાને મેં પકડયાં છે."

"શાબાશ—" રેણુકાના મુખમાંથી સરી પડયું. તરત તે હસી પડી "પણુ વ્યંકોજી—"

"કૃષ્ણુરાવ તેનીજ તપાસમાં છે." કુમારે ટુંકામાં કહ્યું. તેને ખાત્રીજ હતી કે વ્યંકોજી શરત્ચંદ્રની પાછળજ પડયો હશે.

"પણુ તું ઉષા પાસે કયાંથી? કુમારે પૂછયું.

"બે વચ્ચે તકરાર થઇ એટલે નલિનીકાન્તે મને ઉષાની ચોકી કરવા રાખી ને હાથમાં રીવોલ્વર આપીને કહ્યું કે જો વ્યંકોજી અહીં આવે તો ઠારજ કરજે. તે પહેલાં ઉષા એકલીજ હતી. ને એ મારી બહેન, એટલે હું પછી કોઇના હાથ પર કેમ ચઢવા દઉં? ત્યાર પછી હું અહીંથી ખસીજ નથી. બારણાંની સાંકળ ખોલવાજ ફક્ત આજે સાંઝે ઉપર ચઢી હતી." કુમાર તરફ એક દ્દષ્ટિ નાંખતાં રેણુકાએ કહ્યું.

"મેં પણુ એમજ ધાર્યું હતું. પરંતુ તારા કુળની તને કયાંથી ખબર પડી!"

"કુળ! ઉષાના ખૂનને આગલે દહાડે નલિનીકાન્ત ને વ્યંકોજી વાત કરતા હતા તેમાંથી સઘળું જાણી લીધું. એમનો વિચાર તો કદાચ તમે જાણુતાજ હશો!"

"હા" કુમારે કહ્યું. ને ટુંકામાં રાયસાહેબને કહ્યો. રાયસાહેબ ને ઉષા આશ્ચર્ય પામ્યાં.

"હવે આપણે ચાલો."

"બેટા ઉષા! કેમ છે?" રાયસાહેબે ઉષાને પૂછયું.

"બાપા! ઠીક છે! બદમાશોએ મને ખાસ હેરાન નથી કરી. હું એકલીજ હતી એટલે શોષાઇ ગઇ હતું. એક તરફ પિતા પુત્રી ને બીજી તરફ રેણુકા અને કુમાર વાતો કરતાં બે પોલીસો સાથે નીકળી પડયાં. બધા ઓરડાને કુમારે તાળાં માર્યાં, ને બહાર પણુ તાળું મારી બંને પોલીસને ત્યાં રાખી, કુમાર વિગેરે નીકળી પડયાં.

કુમાર બધાંને પોતાને ત્યાં તેડી ગયો. રાત્રિ વખતે બે બાળાઓને કુમારે પોતાને ત્યાંજ રાખવાનું કહ્યું. સાડાઅગી

ચારના ટકોરા થયા કે કુમાર વાતો કરતો ઉઠયો, ને કહ્યું, " રાયસાહેબ ! હું હવે કૃષ્ણરાવની શોધમાં જાઉં છું."

રાયબહાદુર પણ જવા તૈયાર થયા. બંગલા તરફ થઇને કુમારનો જવા વિચાર થયો. બંગલાનું ચક્કર ફરી તળાવને રસ્તે બંને રીપન રોડ પર જતા હતા એટલામાં કોઇના બોલવાનો અવાજ સંભળાયો, ને કોઇ આપઘાત કરવાની તૈયારીમાં હતું એમ લાગ્યું. ઝપાટાબંધ તેઓ ઉપલી બેઠક પર આવ્યા. " દુઃખના માર્યા કોઇએ પાણીમાં માર્ગ માગ્યો." રાયસાહેબે કહ્યું. ઝટ કુમારે કપડાં કાઢી કછોટો માર્યો. નીચે પડેલી શાન્તાએ બીજી ડુબકી મારી. " ગભરાશો નહિ," કહી કુમારે ઝપલાવ્યું ને ત્રીજી વાર ઉપર આવેલી શાન્તાને ઉંચકી પાસેના ચોતરા ઉપર લાવ્યો, અને તારાના ઝાંખા પ્રકાશમાં તેનું મુખ જોવા ગયો–જોયું ને તરતજ ભયમાં બોલી ઉઠયો: " શાન્તા ! " હાંફળા ફાંફળા રાયસાહેબ નીચે આવ્યા. શાન્તાએ પીધેલું પાણી ઓકાવી કાઢયું. ધીમે ધીમે શાન્તા સાવધ થઇ. કુમાર ને મામાને જોઇ શાન્તા ફીક્કી પડી ગઇ.

" બ્હેન ! ગભરાતી નહિ." રાયસાહેબે આશ્વાસન આપ્યું. કુમાર ને રાયબહાદુર કારણ સમજ્યા, શાંતાને રાયબહાદુરે પોતાનો ઉપરણો આપ્યો. કપડું બદલી શાંતા આવી ને રડી પડી: " મારાથી ન સહન થયું મા....મા ! " " ઇશ્વરે સ્હામું જોયું." રાયબહાદુરે ગગન તરફ જોતાં કહ્યું. " ચાલો, બેટા, હવે તને કોઇ કહેશે નહિ. ઉઘા જડી." હર્ષમાં રાયબહાદુર બોલ્યા !

" રાયસાહેબ ! તમે શાન્તાને લઇ મારા મકાન પર જાવ. હું કૃષ્ણરાવની ખબર કાઢી આવું છું."

રાયસાહેબે આ માન્ય રાખ્યું.

" હું જલદી આવીશ હોં." શાન્તા તરફ એક દૃષ્ટિ નાંખતાં કુમારે કહ્યું.

પ્રકરણ ૧૭ મું.

કુમાર ત્યાંથી નીકળી લાઇટ હાઉસ આગળ ચાર પોલીસ લઇને આવ્યો. મકાન પર ચોકડી જોઇ. અંદરની જમીન અવાવરૂ હતી, એટલે રાવનાં પગલાં જોઇ શકયો. કુમાર ઉપર ગયો. તે ઓરડાનાં બારણાં ખુલ્લાં હતાં. ઓરડાની વચ્ચોવચ્ચ રાવને જોઇ કુમાર આશ્ચર્ય પામ્યો. છેક પાસે ગયો. રાવને હલાવ્યો પણ રાવ બોલ્યો નહિ. રાવનું શરીર થીજી ગયું હતું. હજી જીવ હતો. કેટલી પીડા! પીડાનો ખ્યાલ કરતાં કુમારને કંપારી ચઢી. અમલદારને સમજાવ્યું ને કહ્યું કે, " આ વિષ-વૈદ્યનું કામ છે. જીવ જતાં પણ રાવસાહેબ બચવાજ જોઇએ.' કુમારે બેબાકળા થતાં કહ્યુ, એટલામાં કુમારને પાસેના ઓરડામાં કાંઇ અવાજ સંભળાયો. ધીમેથી કુમાર ત્યાં ગયો. માનવમૂર્તિ–વ્યંકોજી–પોતાનો પ્લાસ્ટરનો કોટ કાઢી એક કબાટમાં મુકતો હતો. કુમાર પાછો ફર્યો. તે બાજી સમજી ગયો. વ્યંકોજીએ બારણાં અર્ધખુલ્લાં રાખ્યાં હતાં. દાદર પર અવાજ સાંભળી તેણે બારણાં બંધ કર્યાં ન હતાં કારણ કે તે પાકી બુટ્ટી જાણતી હતી કે રાવને જોઇ જે હશે તે ત્યાંજ ગુંથાશે. ને અહીં કોઇ આવશે :નહિ. કુમાર બે પોલીસને લઇ એકદમ વ્યંકોજીના ઓરડામાં દાખલ થયો. વ્યંકોજીને હાથકડી નખાવી, ને કહ્યું " આ માનવમૂર્તિ!" એમ કહી ગુસ્સામાં વ્યંકોજીને એક લાત મારી ને કહ્યું, " લાવ! રાવ સાહેબની વિષ ઉતારવાની દવા લાવ!" સામી રીવોલ્વર ધરી. વ્યંકોજીએ પોતાના ગજવામાંની પેટી કાઢવા કહ્યું. કુમારે પેટી કાઢી ને પૂછ્યું, " કઇ શીશી?"

" નં. ૧૪." વ્યંકોજીએ કહ્યું.

" બદમાશ! બરાબર બોલજે, નહિ તો તારો રીબાવી રીબાવી પ્રાણ લઇશ. યાદ રાખજે."

"મારે જુઠુંજ બોલવું હોત તો પહેલાંથીજ કહેત, પરંતુ નાહક એક મનુષ્યનો મારે પ્રાણ લેવો નથી. બરાબર છે, બેફિકર રહેજો." પુરા બદમાશોમાં કોઇક વાર માલમ પડી આવતી અકથ્ય સત્યતાનું દર્શન કરાવતાં વ્યંકોજીએ કહ્યું.

કુમારને વિશ્વાસ આવ્યો, પેટી પોલીસના હાથમાં સોંપી તે રાવ પાસે આવ્યો. જોરથી મહામહેનતે હોઠ ઉઘાડી ચમચી વાટે કુમારે દશ બાર ટીપાં નાંખ્યાં. લગભગ અડધા કલાકે રાવ શુધ્ધિમાં આવ્યો. કુમાર તરફ તેણે એક અતિશય સ્નેહ ને મમતાભરી દૃષ્ટિ નાંખી. રાવ થોડાબોલો હતો. તેની આ દૃષ્ટિ બહુજ ઉપકારસુચક હતી. રાવે પોતાની હકીકત જણાવી, પોતે શું કર્યું તે કુમારે જણાવી દીધું.

'શાબાશ! મારો ચેલો મારાથી દોઢો નીકળ્યો! બસ, કેસ ખતમ થઇ ગયો. જા, હવે એ આંગળીએ બેને રાખી મઝા કર!" રાવે હસતાં હસતાં આશીર્વાદ દીધો.

બે પોલીસ જોડે વ્યંકોજીને રવાના કર્યો, કુમાર અને રાવ વાતો કરતા કુમારના મકાન પર ગયા.

આ લેખિની આ અદ્ભુત મેળાપના હર્ષનું આલેખન કરવા અસમર્થ છે.

કુમાર, રાવ, શાંતા, રેણુકા, ઉષા, રાયબહાદુર એ સઘળાનો શું હર્ષ! શું આનંદ!

પ્રકરણ ૧૮ મું.

બીજે દિવસે સવારે રાયબહાદુર પોતાના મકાન પર ગયા. શું ગુલાબનો હરખ! લોકોનું શું આશ્ચર્ય! સરકારી અમલદારોની શી ગીરદી! કેટલી પુછપરછ! તેમાંજ સારો દિવસ નીકળી ગયો. ગુલાબે શાંતાની માફી માગી, શાંતા ફક્ત એટલુંજ બોલી કે, "જેવું મારૂં નસીબ! એમાં કોઇનો શું વાક!"

દિવસો આનંદમાં જવા લાગ્યા. બંને બે'નો શાંતા ને રેણુકા સ્નેહથી દિવસો નિર્ગમન કરવા લાગી. પરંતુ એ સ્વચ્છ સ્નેહ વચ્ચે કાંઇક વહેમ ને અદેખાઇની દૃષ્ટિ હતી-બંનેમાં હતી. બનેંનાં હૃદય તે કારણ સારી રીતે જાણતાં. કોઇ તેનો સ્ફોટ કરતું નહિ.

એક દિસસે સંધ્યા સમયે શાન્તા બાગમાં આંટા મારી રહી હતી. કુમાર ગૃહસ્થના પોશાકમાં ચાર ચંદ્રકો લટકાવી આવ્યો. સરકાર અને લોકો તરફથી આ બાહોશીભર્યા કામ બદલ રાવ અને કુમાર બંનેને ચંદ્રકો મળ્યા હતા. કુમારને પાસે આવેલો જોઇ શાંતા નીચું જોઇ રહી, નવોઢાની પહેલી રાત્રિ શાંતાને લાગી. ધીમે રહી કુમાર શાંતાની નજદીક આવ્યો, અંગુઠે અંગુઠા અડકયા. શાંતા સ્થિરજ ઉભી હતી, ત્યાંની ત્યાંજ હતી. પાસે આવી કુમારે શાંતાની હડપચીએ હાથ મુકી માથું ઉંચું કર્યું "શાંતા!"

"શું પજવો છો!"

"પજવું છું! કહે! મેં તને કયાં પજવી!" શાંતાનો હાથ પકડયો.

"બળ્યું, આવું શું કહ્યા કરતા હશે!" સ્ત્રી સ્વાભાવિક સ્વભાવે શાંતાએ કહ્યું.

"ત્યારે કેવું કહું !" કુમારે ઓ જેવો છણકો કર્યો. શાંતા હસી પડી.

"શાંતા ! હવે આપણાં લગ્ન કયારે !" અધીરા કુમારે પુછયું.

"મામા તેજ વિચારમાં છે." શાંતાએ શરમાતાં કહ્યું.

"પરંતુ મારે એક વાંધો છે."

શાન્તાએ કુમાર તરફ જોયું, તેના મુખ તરફ ટીકી રહી.

"ખરૂં કહું છું. મારૂં વચન...."

"શું ?" અધીરાઇથી શાંતાએ પૂછયું.

એટલામાં બાગને છેડેથી રેણુકા શાંતાને બૂમ પાડતી દોડી આવતી હતી, બંનેને જોઇ રેણુકા થંભી ગઇ. તેના નેત્રમાંથી ઇર્ષ્યાનો અગ્નિ .ઝરી રહ્યો. તેના નેત્રમાં પાણી આવ્યાં. એક-બે મિનીટ આમ જોઇ રહી, પછી પાછું ફરવા માંડયું. કુમારે આ જોયું, તે સમજ્યો. શાંતા તરફ પણ એક દૃષ્ટિ નાંખી. તેનાં નેત્ર પણ તેજ સૂચવી રહ્યાં હતાં. કુમારે બૂમ મારી "રેણુકા ! રેણુકા !"

આ સ્નેહભીના શબ્દે રેણુકાને થોભાવી. પાછું ફરી જોતાં શાંતા કુમારની જોડેજ હજી હતી. તેણે પાછું વળવા પ્રયત્ન કર્યો. તેના નેત્રો વધુ ઇર્ષામાં ભભુકયાં. "આમ આવ !" કુમારે ધીમેથી કહ્યું.

"થોડી વાર રહીને આવું છું." રેણુકાએ દૂરથીજ કહ્યું. તેનું અંતઃકરણ બળી જતું હતું.

"હમણાં નહિ આવે !" કુમારે આર્જવ-ને આજ્ઞા બેનું મિશ્રણ કરતાં કહ્યું.

આ માનવું કે ન માનવું તે રેણુકાને સવાલ થઇ પડયો. "મારૂં શું કામ છે ?" તેનાં નેત્રમાંથી આશ્રુબિંદુ સરી પડયાં. આમ શાંતા તરફ જોયું તો તે ગુસ્સામાં ઠમકીને ઉભી હતી. તે પણ ઇર્ષાથી બળતી હતી. કુમારને મહાભારતનો અર્જુન સુભદ્રા ને દ્રૌપદીનો સમય યાદ આવ્યો. બેને મનાવવી હતી. સમાધાન કરવું હતું.

"બે બ્હેનો વચ્ચે-એકજ માની દીકરીઓ વચ્ચે આ અદેખાઇ!"

એમાંથી કોઇ ખસ્યું નહિ. "રેણુકા પાસે આવ." રેણુકા પાસે આવી. "શું આ અદેખાઇ!" કુમારે પુનરાવર્ત્તન કરતાં કહ્યું.

કોઇ હાલ્યું કે ચાલ્યું નહિ.

"શાંતા!" કુમાર શાંતાને ખભે હાથ મુકતાં બોલ્યો, "આ શું!"

કુમારને શાંતા પર હાથ મુકતાં જોઇ રેણુકા વધુ બળવા લાગી, તેણે આડું જોયું.

"આ શું? શાંતા-રેણુકા! ચાલો, આમ આવો જોઉં." કુમાર લતામંડપના બાંકડા પર બેઠો એમાંથી કોઇ પાસે આવ્યું. નહિ.

"રેણુકા!" કુમાર સમજાતા સ્વરે બોલ્યો: "શાંતા!" બંને ધીમે પગલે, એક બીજાનું મોઢું ન દેખાય એવી રીતે પાછે પગલે કુમારની નજદીક આવી.

"એમાંથી કોઇ કહેશો કે મારે શું કરવું?" ગુંચવાતા કુમારે કહ્યું. "રેણુકા! કંઇ કહેશે?"

"તેમાં હું શું કહેવાની છું?" રેણુકાએ છણકો કરતાં કહ્યું.

"શાંતા! તું કંઇ કહેશે?"

શાંતા સહજ નરમ પડી હતી, તેણે સમય વિચાર્યો, ધીમેથી કહ્યું, કુમાર! અમે બે બ્હેનો છીએ. તમે અમને બંનેને ચાહો છો. પરંતુ સાધારણ રીતે એ લોકમત વિરૂદ્ધ લેખાય એટલે તમે રેણુકાને સુખી—" શાંતાએ નેત્ર પર પલ્લવ આડો ધર્યો. નેત્ર લૂછયાં ને કહ્યું. "રેણુકાને સુખી કરો. હું દૂરથી જોઇ રાચીશ." શાંતાના નેત્રમાં અશ્રુ આવ્યાં

"ના! ના! એવું શા સારૂં? પ્હેલો હક્ક તારો છે શાંતા! શા સારૂ ગુમાવે છે? તું સુખી થા." રેણુકાએ તેવોજ જવાબ વાળ્યો.

સુડી વચ્ચે સોપારી, 'જેવો' કુમારનો ઘાટ થયો.

"શું કોઇ......." કુમાર સાધારણ રીતેજ કહેવા જતો હતો.

"ના! ના! આ ભવે કાં તો તમો કે કાં તો કુંવારા રહી મરવું, પરંતુ અન્ય કોઇ નહિ. મેં તમારો સ્પર્શ કર્યો છે." સ્ત્રીત્વ દાખલ થતાં રેણુકા બોલી.

શાંતા શાંતજ હતી. પોતે પણ તેવીજ સ્થિતિમાં હતી. તે ધીમે રહી બોલી, "કુમાર! મારી પણ તેજ સ્થિતિ છે. તમે એક કામ કરશો?" તે જવાબની રાહ જોતા કુમાર તરફ જોઇ રહે.

"શું?" આતુરતાથી કુમારે પૂછ્યું.

"અમને બંનેને ગ્રહણ કરો. અમે સંપીને રહીશું." શાંતા તોડ કાઢતાં બોલી, ને શરમાતી તે નીચું જોઇ રહી.

રેણુકાએ પણ છુટકારાનો શ્વાસ લીધો.

"કેવી રીતે!"

"કેવી રીતે શું!" શાન્તાએ પૂછ્યું.

"કુમાર! એક જીવ બચાવવાની ખાતર શું તમે અમારૂં કામ નહિ કરો? વાત કાંઇ નવી નથી અને કાંઇ બાધ નથી." શાન્તાને ટેકો આપતાં રેણુકાએ કહ્યું.

"ઠીક! પરંતુ મામી માનશે!" શંકા દર્શાવતા કુમારે પુછયું.

"મામા આ વાત જાણુતા લાગે છે. તે પણ આ વિચારમાં ધોળાયા કરે છે. અમને બે જણને..." રેણુકા બોલતી અટકી પડીને ભોંય ખોતરવા લાગી.

કુમાર હસ્યો ને બોલ્યો, "તો સમાધાન થયું ને!" બાંકડાં પરથી ઉઠતા બંનેના હાથ પકડતાં કુમારે પુછ્યું.

જવાબ ન મળ્યો. બંને ભોંય તરફનાજ કાંકરા ગણી રહી હતી.

"શું!" કહી કુમારે જોરથી બંનેના હાથ, તાણ્યા.

ઉપસંહાર

આજે રાયસાહેબના ઘરમાં લગ્નની ગરદી થઇ રહી છે. એક બાજુ ઉષાનાં લગ્નનો મંડપ અને બીજી બાજુ શાંતા ને રેણુકાની એકજ લગ્નવેદી. કેટલાકને આ બે યુવતીઓ એકજ યુવાન જોડે પરણે, અને તે પણ બે બહેનોજ: તે કાંઇક આશ્ચર્યકારક લાગ્યું. એનું આંતર કારણ થોડાક યુવાનોજ સમજી શકયા હશે. પરંતુ મોટા ભાગને તો તે નિંદનીયજ લાગ્યું. અંતર મલિન ને બાહ્ય શુધ્ધ મહાન ભકતો ને દેશ-ભકતોને પણ તે નિંદનીય લાગ્યું. તે સ્વમુખે નિંદી શકયા, કારણ કે તેમનો રાત્રિનો પ્રણય કે લોહી વ્યાપાર ભાગ્યેજ થોડી વ્યકિતઓ જાણનાર હશે. હા! જગત્‌નો એજ વિચાર ને એજ પ્રણાલિકા છે. પરાપૂર્વથી તે ચાલી આવે છે અને આજે પણ તે રહે તો કાંઇ નવાઇ નહિ. પરંતુ બહાદુર કુમારને જગત્ કરતાં એક આત્માની કિંમત વધારે હતી.

લગ્નનું સહજન મહાજન એટલે ગામનો દરેક શિષ્ટ પુરૂષ ને મોટા મોટા અધિકારીઓ. રાયસાહેબની લાગવગ જીલ્લામાં પણ સારી હતી, એમનો ખેડુત વર્ગ પણ એમના માયાળુ જમીનદારને ત્યાં સેવા ને ઉત્સવમાં ભાગ લેવા હાજર હતો.

લગ્નમાં પણ કુમારનાં પરાક્રમોની ચર્ચા થઇ રહી હતી. રાવ પણ કુમારની પ્રશંસા મુકતકંઠે કરી રહ્યો હતો. વ્યંકોજી પકડાયા પછી ધીમે ધીમે એના સાથીદારો પણ પકડાવા લાગ્યા. વ્યંકોજીને ફાંસીની સજા કરવામાં આવી, ને બાકી બીજાને દેશનિકાલ કર્યા. એ ટોળીનો ત્યાંજ અંત આવી ગયો.

* * * *

કુમાર આજે કાંઇ અનેરા આનંદમાં હતો. પોતાના શયનભુવનની દરેક વસ્તુ ફરી ફરીને સ્વહસ્તે ગોઠવતો હતો. લગ્ન પછી થોડા દિવસમાંજ તેને મોટા ઓદ્ધા પર સરકારી ડિટેકટીવ ખાતામાં નોકરી મળી હતી. પરંતુ પોતાની પ્રિયતમાના આગમનની તૈયારીઓ તો સ્વહસ્તેજ કરી રહ્યો હતો. બ્હાર એનો નોકર વર્ગ પોતાના અમલદારની આ ઘેલછા જોઇ કાંઇક મંદ મંદ હસી રહ્યો હતો. કુમાર આ જાણતો, પરંતુ એને પણ આ મૂર્ખોની મૂર્ખતા પર હસવું આવ્યા સિવાય ન રહ્યું. દરેક ખુણે ખુણે ઉભા રહી રહી તે શયનગૃહની વ્યવસ્થા નિરખવા લાગ્યો, અને ઘડીકમાં તે ફેરવવા લાગ્યો. એ પોતાની નહિ પણ પોતાની પ્રિયતમાઓની દૃષ્ટિથી જોતો હતો.

શ્રીસવિતા-સૂર્યનારાયણ અસ્તાચળ પરથી ભુસ્કો મારવાની તૈયારી કરી રહ્યા હતા-ડૂબું ડૂબું થઇ રહ્યા હતા, ડૂબ્યા પણ ખરા. એટલામાં એક સુંદર મોટરમાંથી રાયસાહેબ, ઉષા ને બીજી બે યુવતીઓ ઉતરી. કુમાર સામો આવ્યો, ઉષા ને રાયસાહેબને આવકાર આપ્યો. બે ઘુમટામાં સંતાએલી યુવતીઓ તરફ તીરછી દૃષ્ટિ નાંખીને ઉષા અને રાયસાહેબ જોડે વાતો કરતો બંગલામાં આવ્યો. બે યુવતીઓ વિના બોલાવે પાછળ ઘસડાતી હતી, પરંતુ ઘડીકમાં ઘૂમટો સ્હેજ ઉંચો કરી ચકોર દૃષ્ટિ નાંખી લેતી. બે યુવતી સિવાય બધાં બેઠાં. યુવતીઓ તે દિવાનખાનામાં પડતા શયનગૃહનાં દ્વાર આગળ ઉભી રહી, અંદરની વ્યવસ્થા જોઇ મૃદુ હસી રહી હતી. ઉષાની દૃષ્ટિ તેના પર પડી. “ બ્હેન હમણાં ત્યાં નહિ. જરા મહેમાનોની આગતા સ્વાગતા તો કરો. આંગણે આવેલા મહેમાનોને પણ ભૂખ્યા કાઢવા છે ?” ઉષા મુશ્કેરાટથી હસી રહી હતી. રાયસાહેબને પણ હસવું આવી ગયું. કુમાર સહજ શરમાયો, પણ પાછો સ્વસ્થ થઇ સહજ હાસ્ય કરવા લાગ્યો.

રાયસાહેબ ને ઉષા તે યુવતિઓને લીધા સિવાય પાછા ગયા. પાછી થંભીને તે દિવાનખાનામાં શયનાલયના અર્ધ

ખુલ્લા દ્વાર પાસે તે યુવતિઓ ઉભી હતી, અંદર જવાનો ઉભયનો મનોભાવ હતો; પરંતુ સંકોચને લીધે જઇ શકાતું નહતું. એકે બીજીને કહ્યું, "તું પહેલાં જા, હું તારી પાછળ આવીશ." બીજી કાંઇક મુશ્કેલીથી-શરમથી બોલી, "તું જા હું પાછળ આવીશ."

બે ચાર મિનિટ 'તું જા' માંજ વખત વહ્યો. શયનાલયની અંદરથી દ્વારની નજીકજ એક પુરૂષ વ્યક્તિ ઉભી મંદ મંદ હાસ્ય કરી રહી હતી. આખરે 'તું જા' ના પૂનરાવર્ત્તન થયા કરતાં કોઇ આગળ ન આવ્યું, એટલે અર્ધખુલ્લા દ્વારમાંથી પુરૂષે પોતાના હાથ લંબાવી ઉભય યુવતિઓને અંદર ખેંચી લીધી.

મર્યાદાની ખાતર આપણે પણ પડદો નાંખીએ તો વધુ સારૂ!

સમાપ્ત